"જોજોરે! મોટાના બોધ, ઉજ્જડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાં કોદરા ભળ્યા;
ઘેંશ ન થાય ન થાય ધાણી, કહે અખો એ વાતો જાણી."

(**અખો: છપ્પા.**)

બુઝઈ [સં. बुध्]—સમજે, કદર કરે, નવિ–નહીં. સંસ્કૃત 'न + अपि'માંથી આ શબ્દ ઉતરી આવ્યો છે. છૂટીઈ—મુક્તિ મેળવે. સેવંતરાં—એક જાતનાં ફુલ છે. ગણપતિનું એ પ્રિયફુલ છેઃ જુઓ :

"સેવંત્રાંનિ સોહ સારી, ઘંટા ઝાલ્યા પાણ;
મૂષકવાહન! મલપતા છાં વેદ ઉચરે વાણ."

(**ભાલણ: બીજું નળાખ્યાન.**)

સેવંત્રાંનાં ફુલને લાકડીએથી ઝુડવાનો પ્રયાસ મૂર્ખ પ્રયાસ છે–કોમળ ફુલ ઉપર અસહ્ય માર છે.

૪ સાચ [સં. सत्यं]—સાચું. ૫૨ ભવિ ભૂખ્યા તે વનિ ફિરઈ–આગલા [૫૨] અવતારનાં ભુખ્યાં એ ભૂત, પ્રેત, વેતાલ અને પિશાચ પોતેજ ભટકતાં ફરે છે તો બીજાનું શું ઉકાળે ? ગોત્રજ [સં. गोत्रजः]—કુલદેવતા. ગોત્રજ ...... લહઈ ?—જે કુલદેવતાનું વજન અર્ધા તોલા જેટલું છે તે મણના ચાંલ્લાનો ભાર કેમ કરી સહન કરી શકે ? એની ગુંજાશ બહારનું છે, હસવા પાત્ર છે.

૫ ભગત હીન—ભક્તિ વગરના. વલોઈ નીર વાંછિ ધૃતસેર–પાણી વલોવી ઘીની આશા રાખે. સાધઈ નવ નઈ ત્રૂટઈ તેર–સરખાવો આ સાથે:

"મન તણા મનસુબા મન માંહી રહી ગયા,
સાત સાંધું ત્યારે તેર તુટે."

(**નરસિંહ મહેતા.**)

દુબલો [સં. दुर्बल]—ગરીબ. કણબી [સં. कुटुम्बी]—પાટીદાર. કરસણ [સં. कृष् ઉપરથી]—ખેતી. બીજ–બી. ભાત—ઉત્પન્ન. બીજ ભાતથી બિમણું વરઈ–ઉત્પન્ન કરતાં બેવડું બી વરે. પોગલી–પોલું. ખેત્ર [સં. क्षेत्रं]—ખેતર. ખેડે છે....ખેત્ર–પોલાણવાળી કે ઉંડા ચીરા વાળી જમીનમાં ઝાઝું પાકતું નથી. ખડહડ–બાખડી, વસુકી ગયેલી. ખડહડ ભિસિ નઇ આઠમી વેત્ર–દુધ ઉડી ગયું હોય એવી ભેંસ ને આઠમી વાર વીયાએલી હોય તે શું દુધ આપે ? ઈમક કરતાં દાણીગણુ ચડું–આયાત અથવા માલ કરતાં તેના ઉપરનું દાણ વધારે પડયું. દુબલી વાડે છીંડું પડું–જેવી તેવી વાડ તેમાં છીંડું પડયું એટલે જે તે તેમાંથી ચાલ્યું જાય ને ખેતર ભેળાય.

પૃષ્ઠ ૨

૬ શાહ—શાહુકાર. સૂંઆલ [સં. सुकोमल]—નરમ. ગોઠિ—દોસ્તીએ. ચહુટી [સં. चत्वरः]—ચૌટું. નગરતલારિ—કોટવાળ. સાહ્યા—પકડયા. રૂઠો [સં. रुष्]—ગુસ્સે થયો. નીલું [સં. नील]—લીલું.

૭ મહોતજ [સં. महत्त्वं]—મહત્ત્વ, કીંમત. ઉપરાજી [સં. उपरि] —ઉપર. ગ્રથ [સં. ग्रंथ]—ધન. ખોલા પાથરઈ— આજીજી કરે. ચાંપટ—ચપ્પટ, પુરેપુરૂં. બિલાડી કાઢતાં ઉંટ પઇઠું—આ કહેવતમાં બિલાડીને બદલે બકરૂં હાલ વપરાય છે.

૮ સિર [સં. शिरस्]—માથું. સમારઈ[સં. सं + हृ]—હોળે, ઠીકઠાક કરે. આલ્યાનું—દેવાનું. અપદેસ [સં. अप+दिश्]—પાછું વાળવું તે. ચુરઈ—ચોરે. ચવાસી [સં. चव्-બોલવું.]—ચપરાશ, પટલાઈ. રાંડુ [સં. रंडा]—સ્ત્રીઓ. તે નર ઢાલા નઇ વાજણા–તે પુરૂષો ખીસ્સે ખાલી ને ભપકે ભારી છે. ઢાલો ચણો વાગે ઘણો. વાજણા–બોલકણા.

૯ વિધિ [સં. वि+धा]-ક્રિયા. પખિં—પાખી, સીવાય. હોમ—યજ્ઞો. વીર [સં. वीरः]—દેવ. વિણુ ક્રિયાં ધરિ બ્યંઠૂં મૂલ—શું કરવું ને શું નહીં કરવું એમ વગર ક્રિયાએ ધર્મકાર્ય કરવાથી ઘરની અંદર મુળમાં [મૂલ] નારા પેઠા [ब्यंठूं]; જુઓ:

"હજી કાંઇ વંઠયું નથી વીરા!
 સીતા સોંપી સંતોખો રામ;
વરાંસો પડયો કહી વ્હાલા!
 પ્રભુને કરો પ્રણામ."

(ઉદ્ધવ: રામાયણ.)

ઘરમાં ભગતડું પેઠું ને ઘર વંઠયું. પેટ ચોલી ઊપાયૂં સૂલ—પેટ ચોળી ચોળીને શૂળ [સં. शूलं] ઉત્પન્ન કરી. ઊપાયૂં [સં. उप+जा]—ઉપજાવ્યું, પૈદા કર્યું.

અપાસિ [સં. उपवासः]—નીરાહારનાં વ્રતથી. આપ [સં. आत्मन्] —આ જુની ગુજરાતીના સ્વાર્થ સર્વનામની જગા હાલ 'પોતે' શબ્દે લીધી છે. વિગોઇ [સં. विगुहितकं]—વગોવી. વિરાંસિ—ભુલે. છછૂંદરિ [સં. छुंछुंदरः] —છછુંદર. સર્પ......ટલઈ—સાપ ભુલેચુકે છછુંદર ગળે તો તેને છોડી દેતાં આંખો ગુમાવે ને તેને ગળી જતાં મરી જાય. સહીયાં માંડીઈ—બહેનપણાં કરે. હેલી બાઇ!–હે અલી બાઈ! રાંણીશું......દંડીઈ—રાણી સાથે સખીપણાં કર્યા છતાં 'અલી' એમ તુંકારથી સ્નેહમાંએ એની સાથે વાત કરી તો ભોગ ફરી વળે.

૧૦ શેવ [સં. सेवा]—સેવા. તલારહ—કોટવાળ, ચોકીદાર. ફોગટ...... પંચાં કુટસુ હોઈ—ત્રીશે પચે દોઢસો ખરા પણ વગર ત્રીસે પાંચે ગુણ્યાથી એટલા ન થાય. ગોપ [સં. गोप्]—છુપાવવું તે. સસરૂં અંધ નઈ વહુ સરગટ્ટ—સસરો આંધળો હોય ને પુત્રવધૂ સઈડકો વાળે. સરગટ્ટ [शण + गांठ]—માથા ઉપરના છેડાથી મોં ઢાંકી નાંખવા વાળી, લાજ કાઢેલી. જુઓ:

" આંધળો સસરો ને સણ્ગટ વહુ એમ કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઇ ને સમજ્યાં કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું,
ઉંડો કુવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક. "

(અખો : છપ્પા)

૧૫ નિર્વિષ [સં. निर्विष]—વેરઝેર વગરનો. આરાહિ [**સં. आ+राघ्**]—આરાધે. કોઠી [સં. कपित्थः]—કોઠનું ઝાડ. સરસાં [સં. संदक्षक]—સરખું. કવિતામા સરસું–સરિસું—ઘણુંખરૂં વપરાય છે. જુઓ:

" વ્યોમ ફરતા વીર તે મુજ રથ સરીસા સાંકળ્યા."

(નરસિંહરાવ: મેઘ,)

પૃષ્ઠ ૩

કોઠા—કોઠનાં ફલ.

૧૬ યમ ભાગુ—જમને લીધે. પર્યંક [સં. पर्यंक:]—પલંગ. ગુલિ–ગોળથી. ગુલિ મરિ તુ વિષ કાં દીઉ?—સરખાવો આ સાથે: " ગુલિ મરિ તેહનિ વિષ કિમ દિજ્જઈ? " **(દેહલ: અભિમન ઊઝણું.)**

વળી સરખાવો અખાના છપ્પા ૩૧.

૧૭ રણુખેદ—રણુક્ષેત્રની કાયરતા. પાણિ [સં. पाणि]–હાથ. કાંઇ ન લ્યુ તમ્હે મધુ આકડિ?–તમે શા માટે આકડા પરથી [આકડિ સં. अर्कः] મધ [मधु] ન લો? સરખાવો: " अर्क चेन्मधु विन्देत किमर्थं पर्वतं व्रजेत् " ?

(શંકરાચાર્ય: વેદાન્ત સૂત્રભાષ્ય.)

૧૮ આવરી [સં. आ + वृ]—ઢાંકી. આધ–આઘી, દૂર. ડોકરિ નઈ–ડોસીને.

૧૯ સાંચર્યાં [સં. सं + चर्]—ગયાં. તમ્હતણાં–તમારાં. કોડિ [સં. कोटि]—કરોડે. ક્ષેપક 'ર' ગુજરાતીમાં પ્રવેશ્યો છે, સંસ્કૃતમાં નહોતો.

૨૦ શંધ [સં. सिंहः] સિંહ. સૂધુ–શુદ્ધ કર, સરખાવો: " શરીર શોધ્યા વિના સાર નહીં સાંપડે " **(નરસિંહ મહેતા.)** મઝ–મારૂં. રાખિન–રાખીને. પાઈ [સં. पादः]—પગ. અમ્હચા–અમારો. મરાઠીનો સંબંધક વિભક્તિનો આ પ્રત્યય નરસિંહ મહેતાથી માંડી માંડણ પછી પણ ઘણા સમય સુધી આપણી ગુજરાતીમાં ચાલુ રહ્યો છે.

૨ ગૃહસ્થાશ્રમવીશી

૨૧ ઉફરૂ [સં. उर्ध्व]—ઉપર, ઉંચો, 'ઉફરાટો' શબ્દ પણ ધ્યાનમાં રાખવા જેવો છે. તિર્યક [સં. तिर्यच्]—કુમાર્ગે ગયેલા, પાશવ યોનિના. ઉદ્ધર્યા [સં. उद्+धृ]—મોક્ષપદ પામ્યા. ચ્યારિ પદારથ—ચાર પદાર્થો: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. માદલિ–(?) મગ માદલિ મમવિચોરના—(?)

૨૨ કૂડું—અસત્ય. આય [સં. आयुः]—આયુષ્ય. અયુક્તિ—અયોગ્ય. અશનઈ [સં. अशनं]—ખાવાથી. અયુક્તિ......ઉલ્હાઈ—અખાદ્ય વસ્તુના ખાવાથી ગાર્હસ્થ્યનો અગ્નિ બુઝાઈ જાય. કપથ્ય [સં. कुपथ्य]—અપથ્ય, રોગ લાવે એવા. નરિ—નીરાપાણીએ. સવિ—સર્વ. બહુ વચનનો 'ઇ' પ્રત્યય સંસ્કૃતદ્વારા જુની ગુજરાતીમાં પણ રહી ગયો છે. આયુધ—સાધનો. કુહાડે [સં. कुठारः]—કુવાડાઓ. કુટીઈ—કાપે.

૨૩ કલવંતી ભર્તારિ નવિ રહી—કુલાંગના પોતાના પતિ સાથે લગ્નવ્રતની શુદ્ધિથી ન રહેતાં ચાલી ગઈ. સામી [સં. स्वामिन्]—પતિ. તામીલ તેલુગુમાં 'સામી' 'શેઠ' 'આર્ય'ના અર્થમાં સહેજે સંબોધાય છે. વાડવ—બ્રાહ્મણ. અણભણ્યું—અણશીખ્યો, સંસ્કારહીન. વારુ ભિંશિ પાડુ યણ્યું—ભલી [વારૂ] ભેંસે પાડો જણ્યો. ભરોંસાની ભેંસે પાડો જણ્યો. પાડુ—પાડુઆં—ખરાબ—એ અર્થ પણ ઘટાવાય.

૨૪ ઝૂઝ [સં. युद्धं]—લઢાઈ. વિરી—વેરી. વિમાસું [સં. वि. + मृश्]—વિચાર્યું, કહ્યું. ગૂઝ [સં. गुह्य, गूढ]—રહસ્ય, ગુપ્તભેદ.

પૃષ્ઠ ૪

આલસ વાલી—આળસ છાંડીને. સહિજિ [સં. सहज]—સ્વાભાવિક રીતે. કરિ આપ—પોતાને હાથે.

૨૫ દક્ષ—ચતુર. લોપી—ઉલ્લંઘી. તનુ—શરીર. સગઈ [સં. संलग्नता]—સગપણમાં. અધિકરણાર્થ સપ્તમીનો 'ઈ' પ્રત્યય માંડણ જ્યાંત્યાં વાપરે છે. આણી ઘાલ્યું સુડિ માહિ સાપ—સુડી વચ્ચે સોપારી એમ આ કહેવતનો પ્રયોગ પણ હાલ થાય છે.

૨૬ પંચ મહાપાતક જે કહ્યાં—બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણચૌર્ય, માતૃગમન અથવા ગુરૂપત્નીગમન અને તત્સંગ એ પાંચ પાતકો (**નર્મકથાકોષ.**) વિષયા—ઈંદ્રિયોના વિષયો. વિષયા પંચ ન વારી સક્યું—સરખાવો:

" શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, વ્યસને જીવ પમાડયો ધંધ;
લોભ મોહ પાંચે ત્યાં છતાં, પ્રાયે પ્રકૃતિ ઉદરમાં હતાં;
તેણે ભોળો જીવ રોગિલો થયો, ત્યારે અખા વસ્તુ વિચારજ ગયો."

(અખો : છપ્પા.)

૨૭ દ્રોહ [સં. द्रुह्]—છળકપટ. છદ્રિ [સં. छद्–ઢાંકવું]—પ્રપંચે. રાઉલિ—રાજા. પાલા ટલીયા ખર આરોહિ—પગે ચાલતા [પાલા] મટી ગધેડે ચઢયા [આરોહિ.] વંછ્યું [સં. वांछ्]—ઈચ્છ્યું.

૨૮ છદ્ર [સં. छिद्रं]—દોષ. પીયારાં [સં. पर]—પારકાંને. પિતર—પીત્રાઇઓ. પાણી—નીવાપાંજલી. રાઉલિ—રાજાનું. ચાડ [સં. चाटु]—ચાડીઓ. અંત્યજ—પતિત. અપગરઈ [સં. अप + गृ]—ઉલટી કરે, વામી કાઢે, નાંખી દે.

૨૯-૩૦ કૃપણુ—કંજુસ. ધોબી......ખાઇ—ધોબી મરતાં ગધેડો ભોગવે. વરતાણુ—વરતું તે. વિણુજ [સં. वाणिज्यं]—વણુજ, વેપાર. શેઠિ [સં. श्रेष्ठीन्]—શેઠ.

૩૧ વારિતુ—અટકાવેલો. કૂઈ [સં. कूपः]—કુવો.

પૃષ્ઠ ૫

૩૨-૩૩ કલહુ [સં. कलहः]—કજીઓ. રાંધલુ—અપંગ. આહલિ—ધીલોડી (?) તરુણાયણું—જુવાની. કોરડુ—કોરૂં. માંડણના તેત્રીસમા છપ્પા સાથે સરખાવો ભગવાન શંકરાચાર્યનું भजगोविंदस्तोत्रः

"बालस्तावत् क्रीडासक्तस्तरुणस्तावत्तरुणीरक्तः ।
वृद्धस्तावच्चिंतामग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः ॥"

(**શંકરાચાર્ય.**)

૩૪ ગરઢું—વૃદ્ધ. ભલગ—ભક્તિ. ત્રીઠ—વિષાદ. સુ તિમ પચાસ—સો તેમ પચાસ

૩૫ બરૂ—વરૂ (?) જાત્રે જલ દીધૂં અંજલી—માબાપને તેમના મરણ પછી યાત્રાસ્થલે જઇ શ્રાદ્ધાંજલી આપી. ચણુનાહાર—જણુનારાં, માતાપિતા.

૩૬ ખાંડની ખલિ નાહિ નઇ પીઈ—ખાંડના ખળે નાહી ને ગળ્યું પાણી પીવા પ્રયાસ કરવો એના જેવું.

૩૭ બ્રહ્મબીજ—બ્રાહ્મણપુત્ર. છાત્ર-વિદ્યાર્થી. મનુ—માનસિક રીતે. વિભચારિણી—વ્યભિચારિણી, દુષ્ટ ચારિત્ર્યની.

૩૮ અંતા—અંદરનું. પિરાયાના—પારકાના. ખણુવું [સં. खन्]—ખોદવું. સાહિવું—પકડવું.

૩૯ બ્રહ્મેતર—બ્રાહ્મણેતર, બ્રાહ્મણ સીવાયની. ગાડર—ઘેટું. કપાસ [સં. कप्पूसः]—કપાસનો છોડ.

૪૦ વાગવિલાસ—શબ્દલીલા. બ્રહ્માતીત—બ્રહ્મથી પર. લવારી—પટપટારો.

૩ માયાવીશી

પૃષ્ઠ ૬

૪૧-૪૨ દશ દિક્પાલઃ ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋર્તિ, વરૂણ, વાયુ, કુબેર, શિવ, બ્રહ્મ અને અનંત (**નર્મકથાકોષ**). ઉલખીયા—ઓળખ્યા. છતા—પ્રસિદ્ધ. ઉપચરા—અપજસ, અપકીર્તિ. વૃઠા—વૃથા. વટેવાહુ—વટેમાર્ગુ. સહી [સં. सहि—તેજ]—લખત દસ્તાવેજમાં ઊતરી આવેલાં ભ્રષ્ટ સંસ્કૃત રૂપોમાંનું આ એક છે. લખાણને અંતે મતું અને સાક્ષી કરનારનાં નામ આવે છે તેના પછી એ મુકાય છે. તે તે નામવાળો શખસજ મતું અથવા સાક્ષી કરનાર છે, એવું નિર્ધારણ તેનાથી થાય છે. મતું કરનાર અને સાક્ષી કરનાર દસ્તાવેજ કબુલ રાખે છે અને તે કબુલત હસ્તાક્ષરથી દૃઢ કરે છે, તેને લીધે નિર્ધારણાર્થ 'સહી'માં પાછળથી સંમતિ અને હસ્તાક્ષરને।

અર્થ રૂઢ થયો જણાય છે. (**કેશવલાલ ધ્રુવઃ કાદંબરીની સમજુતી.)**
સહિવાસ–સહવાસ, પીછાન, તેવાં–તેમ તેમ, ગોહડ–ઘુઅડ [સં. घुकः]

૪૩ કુષ્ઠી—કોઢીયું. રાફારોગ—એ જાતનો રોગ. પાવા–પગ. કણમણઈ–ઓછાં વત્તા. દીઅર [સં. देवृ]—પતિનો નાનો ભાઈ. યક્ષિ–જાણે.

૪૪ દુઆરિ [સં. द्वारं]—પ્રવર્ષેદ્રિય. અવધિ-વખત પાકતાં. વેહ–નાકું,વહેર.

૪૫ સમુ વરતુ—સમય સમજે. છરિ [સં. छुरा]—અસ્ત્રો. ક્ષૌર્યું—હજામત કરી.

૪૬–૪૭ પાડુઆં—ખરાબ. જુની ગુજરાતીના ' પાડ ' મુળ શબ્દમાં ઉ પ્રત્યય ઉમેરાઈ ' પાડુઉં ' બને છે. જુઓ ૪, ૧૮૪

" લોભિ કરઈ પાડૂઆં કર્મ. "

(પદ્મનાભઃ કાન્હડદે પ્રબંધ.)

સંધાં–સઘળાં. ઉલગિ–સેવાએ. ક્રુઅ–કૈં. નિલાડિ [સં. ललाटः]—લલાટે. સોર–અવાજ. વિહાણું–વહાણું, સવાર. છાબલિ—છાબડીએ.

પૃષ્ઠ ૭

૪૮–૪૯ હેલ [સં. हेला]—રમત. માંહિ તેલ—તેલ માંહી. માંડણ કેટલેક સ્થલે પ્રત્યયો નામ સર્વનામ પહેલાં મુકતો જણાય છે. અંતક [સં. अंतकः]—યમરાજ. હોર–હાર. ગાણી [સં. गानं]—ગાયન. વારૂ–વારો. અણુમંગલિ [સં. अमंगलं]—માઠા પ્રસંગે. ઉકલછ્યાં—(?) શુક—(?)

૫૦ વૃંદ [સં. वृंदं]—ટોળું. આમેઈ—(?)

અંતર મલનિવાસ—માંહીની મલીન વાસનાઓ. ફીટ્ટું–નાશ પામ્યો. સાસ [સં. श्वासः]—શ્વાસ, જીવ.

૫૧ કબધી—કુબુદ્ધિએ. સાધિ—સાધ્ય, કબજામાં. દરિદ્રહ તણું–દારિદ્યનું. 'હ' માત્રાપૂરક છે. ગુજરાત શેરી સાંકડી–ગુજરાતની શેરીની જેમ તું સાંકડે આવીશ, તારૂં નહીં ચાલે. વિસન–વ્યસન. કુહી–કોહી ગયેલી. સ–તે. વાઢી–કાપી.

૫૩ સાધ્યૂ–સાધ્યું. ધનાશૂં–ધનની આશામાં. કૂચર–(?) માંત–મોત (?) કે મહાત(?). માંણ [સં. मनाक]—જરાક. બાબા–' બાબાવાક્ય પ્રમાણં ' એ સાથે સંબંધ હશે ? બાબા–ભાઈ. ડાવી–ડાબી.

૫૪–૫૫ નિદ્રા વસિયાં–નિદ્રાને વશ થતાં, થકી. હરિ લાહિ–હરિની લહેમાં. ઉડલ–પહોળા કરેલા બે હાથમાં માય તેટલો જથ્થો. ઊઘો [સં. ओघः]—ઢગલો, ઓઘલો, ઘાસની પુળીની ગંજી. ઉલ્હેટ–ઉછળીને પડવું તે, ગુલાંટ.

૫૬ અગડ–રણ. કોવિદ [સં. कोविदः]—વિદ્વાન. કેડિ–પાછળ. કૂડી–કોડી, જરા.

૫૭ સમવાઈ [સં. समवायः]—સમૂહ. કોઇલિ [સં. कोकिला]—કોયલે. વાય–વાયસ (?). રક્તવિકાર–લોહીવિકારનો રોગ, વારૂણી–દારૂ વડે. ગ્રંથિવિકાર-

ગાંઠનો રોગ. વાઈવિકાર–વાયુનો રોગ. ગિલ—(?). જર્ખં–જરખ. એ નામનું ક્રૂર જાનવાર. ગોમાયસ–ચરબી (?). ત્રણિ પંચાસ–દોઢસો (વર્ષ).

૫૮ વારિ–વારંવાર. ભોગવિ–ભોગવવી, રમાડવી. મથેડિઈ–માથોડે. વિટ [સં. विटः]—વિષયી, વિદૂષક. ભાગુ–થાકયો, હાર્યો. સંસ્કૃતમાં भग्नનો અર્થ હારેલું થાય છે; જુઓ હેમાચાર્યકૃત અભિધાનચિંતામણિ, શ્લોક ૮૦૫, भग्नः पराजितः । જુઓ વળી રૂઢોક્તિ, ભાગ્યાનો ભીલુ. તે ઉપરથી ગુજરાતીમાં ભાગ મૂળનો ગૌણ અર્થ થાકવું થાય છે: જુઓ પ્રેમાનંદ કૃત ચંદ્રહાસ આખ્યાન, કડવું ૧૫, ‘ વાટ જોઈ જોઈ ભાગી. ’ આ ગૌણ અર્થમાં એ મુળ હાલ વપરાતું નથી. ” **(કેશવલાલ ધ્રુવ: કાદંબરી: પૂર્વાર્ધ: સમજુતી).** છેછક—(?)

૫૯ ચોખાલિ–ચોખાળે, ચોખ્ખું કરે. પંચાગ્નિ–પાંચ દિશાનો અગ્નિ. લોડાવિ–લટકાવી, આમ તેમ ફેરવી. કાઇ–કાયા રયણુ–રત્ન. ડસકે–ડંખે. પ્રીણીઈ–સુખ કરે. નિંખિવ–જરૂર.

૪ દાનવીશી

૬૧ સૂધું–સારૂં. સાંબલ–ભાતુ. ભાવવિહુણું દત્ત દૂબલૂં–અંતરના ભાવ વગર આપેલું [दत्त] નમાલું દાન. શાલિ—એક જાતનું ધાન્ય (?). સાલિ–ડાંગર રૂઉ––રૂડું. સુતવાણિક તણું––ચાકર કે શેઠનો.

૬૨ વૂઠી—વૃથા. ઠારે––ઓસથી, ઝાકળથી.

૬૩–૬૪ નશાચર [સં. निशाचरः]—રાક્ષસ. આલિ–એળે, નાહક. આંધલુ વણુઇ નઈ કોરડું ચિણુઇ—આંધળો આંખ વગર શું વણે ? પાણી વગરનું [કોરડું) ચણે શું ? સુકા ગારાથી ચણેલું નીભે નહીં. દિ દિ—દે દે (?) અથવા પ્રતિ દિવસે(?). ભાલિ–કપાળે.

પૃષ્ઠ ૯

મેર [સં. मेरुः]—મેરૂ પર્વત. મૂં દ્રવિ––મોંમાં પાણી છુટે. કપાત્રહ [સં. कुपात्र + ह]—અપાત્ર. લૂકડી––લોંકડી, શીઆળ. જિણુઈ [સં. जन्] —જન્મ આપે.

૬૫—૬૬ તોરઇ–તારૂં. મૂલ–જરા, મુળ. ફલસિ––ફળશે, ઉગી નીકળશે. અગાલિ––આગળ. અવાઢિ––હવાડે. આફણું––પોતાની મેળે. કુડ––કોડું. સોઈ––તે. રાંધિતાં—રાંધનારો (?).

૬૭–૬૮ ઉછા–ઓછા. ગેહ [સં. गेहं]––ઘેર. ભાવિ રાંક દિ બિસણુ ઠામ —ભાવથી ગરીબ માણુસ બેસવાની જગા આપે. લાહુ લઘુ નઈ કેશવ વડુ–લાલો નાનો ને કેશવો મોટો. જમલિ–પાસે. [સં. यमलं ઉપરથી]. જુઓ:

“ જમલો છે જો જો જગદીશ. ”

(અખો: છપ્પા.)

સિંમગું–’ સો ગયું. નૂંનાધિક–ન્યૂનાધિક, ઓછુંવત્તું. પરુહુણું–પરોણો, મેમાન.

૬૯—૭૦ પારા–બંધન. સતે–છતાં. દોહિલું–વિરલ. ગચરકા–ખાટા ઓડકારા.

૭૨–૭૨ ઉદ્વેગ–ખેદ. નિરતિ [सं. निरतिः]—તીવ્ર ભક્તિ. જમલા—જમડા. શિબિકા—પાલખી. ભારવહા–ભોઇઓ, ઉંચકનારા. તસ–તેના. નીપઈ–ઉત્પન્ન કરી. કુકસ [सं. कृकलासः]—ઘીલોડી. ભોગ–માટે. આખુ ખણઈ અહિ કારણિ ગેહિ –ઘરમાં ઉંદર [આખુ] ખોદે ને ભોરીંગ [અહિ] ભોગવે. બૂસટ–પોલ, થપ્પડ.

પૃષ્ઠ ૧૦

૭૩–૭૪ વાંતરૂં [सं. व्यंतरः]—વંતર, ભૂત. અઘ્ઘ–અમારી. હોડ–શરત. કુઢીઆ તણી—પૈસાની. ડભોઈ–હાલમાં ગાયકવાડ મહારાજના તાબાનું નગર, અસલનું દર્ભાવતી. રસના–જીભ. મોકલી–છુટ્ટી. ચલી–ચસ્કી, વહી ગઇ. કુડિધા—કોટિધા, હજારો રીતે. મશિ. [सं. मिषः]—બહાને. ખઈ [सं. क्षि]—ક્ષીણ થઈ. જં...તાં—જ્યાં લગી......ત્યાં લગી. સઈ–દરજી.

૭૫–૭૬ ઉરતા–ઓરતા, અભિલાષાઓ. પ્રસવ કાલિ શું પોતિ હતા ?—શું આપણા જન્મકાલે આપણે આપણા સહાયક હતા ? શરઇ–(?) તલાહારિ–કોટવાલી. વિલાઈ—ઓશીઆળું થાય. ' માન ' ને બદલે ' મનિ ' મુકવાથી અર્થ ઠીક ઘટતો લાગે છે.

૭૬–૭૭ સુર—દેવો. દાખિ—બતાવે. વિસન–વ્યસન, કુટેવ. વાયસ–કાગડો. વાગરી [सं. वागुरिकः, वागुरा—જાળ ઉપરથી]—શીકારી, વાઘરી. યશા દેવ તિશી પાતરી—જેવા દેવ તેવી તેમને માટે ફુલપાતરી–ફુલનું પડીકું. આમથી—અમસ્થી, અમથી. પરયાદથી–ફરિયાદથી (?) મદી—(?) ખાંટ કે બાંટ (?)–કપાસી–(?) પલ અધ પુલનાં–'પલ અધ પલનાં' એ પાઠ વધુ ઉચિત લાગે છે. લેખાં–હીસાબ.

૭૮–૭૯ રાહુ–નવ ગ્રહોમાંનો એક. સૂર–સૂર્ય. વાહિં—વાહે, જોઇને. નિગમ –વેદો. સમ્યક્—સારી રીતે. સ્વસ્તિ—ભલું હો. સ્વામિ—વિપ્રના અર્થમાં. શરઈ—સરે. માંહિથા—મહીંથી, માંથી.

૮૦ તોરી—તારી. રત્નાગુર [सं. रत्नाकरः]—દરિયો. આઢું—ઉંડું, પુરેપુરૂં. મુહુસાલ—મોસાળ. વિખાણ– વખાણ.

૫ પાખંડવીશી

પૃષ્ઠ ૧૧

૮૧–૮૨ વામી—ત્યાગી. ઉવટિ [सं. उद् + वर्त्मन्]—આડે માર્ગે. ઉપરિ—ઞત્ત ઉપરાંત. આલિ–એળે. નીગમી [निः + गम्]—ગઇ. ભયસિ કેડિ પાડી નીગમી—ભેંસ પાછળ પાડી જાય. મોટા પાછળ નાનું જાય. બઇઠા મુરત પાખાલ ફિરી—' મુરત [મૂર્તિ] પખાલિ ' એમ પાઠ કરીએ તો બગના પાખંડનો અર્થ ઘટાવી શકાય. કુલયુગ—કલિયુગ. પાર—છેડો. ગાધિ—ગધેડે. વિતુ—સેવા, વતુ. જુઓઃ—

" અણવહેંચી મારાંત આમારે, ભાઈપણાં ભલાં હતાં;
માંહોમાંહે પ્રીત પુરી, મેં ઘણાં કીધાં વતાં. "

(ઉદ્ધવ : રામાયણ.)

૮૩-૮૪ કલઈ-કળે, વિચાર કરે. કાછ-કાછડો, કછોટો. લાઇ—લગાવી. સાંકલી—એક ધ્યાન કરે. દાંમી [સં. दम्]—વશ કરે. ગાહાદિ—ગાધિ, ગધેડું. દામંતાં—વશ કરતાં.

૮૫-૮૬ અંગિ રાખ મનઈ રાખડી—શરીરે ભભુત [રાખ] ચોળે ને મનમાં રખાત [રાખડી]. બહારથી દેવ મનથી શેતાન. બાંગ—મુલ્લાંની બાંગ, પ્રાર્થના. બાંગડી-બંગડી, સ્ત્રીનું આભૂષણ, સ્ત્રી વીશે મન. ચંદન અને ચંદલી-બહારથી ટીલાં ટપકાં ને મનમાં ગેલ. ચંદલી [સં. चंद्रकः—ચાંદલો—ચાંદલી]. વન ('વ્રત' પાઠાંતર ?) અને વની—વનવાસી અને વનીતા. સરખાવો: " एका भार्या सुंदरी वा दरि वा " (**ભર્તૃહરિ.**) ગુડિયા—ધજા (?) સંચારા—સંઘાડયા (?) અણદેખણીતે—અણદેખાયલાને. ટાકર [સં. टक्करः - शिव]—ઠક્કર, ઠાકોર. ટીલાં કાઢઇ મ ટાકર થાઈ—ટીલાં કરવાથી મૂર્તિ ઠાકોરજીની થતી નથી. સરખાવો:

" શું થયું તિલકને તુલસી ધાર્યા થકી ? શું થયુ ગંગજળપાન કીધે ? "

(નરસિંહ મહેતા.)

મૂઢ—મુગ્ધ (?) મેં (?) મિરિડા [સં. मिलिंदकः—સાપ]—સાપ (?) મંડન—ઘરેણું, મણિ. મૂઢ મિરિડા મંડન કાઇ-મુર્ખે સાપ ને કાયા ઉપર મણિ પણ અંદર તો ઝેરઃ આમ અર્થ ઘટાવી શકાય ? સિલહલવુ-સળવળવું. ડંભક—દાંભિક. ગુલ—ગોળ.

૮૭-૮૮ કરણી—આચાર. ચંડાલી-ચાંડાલના જેવી. ટાલિ [સં. खल्वाटः]—ટાળે. બિ-બે. શીસ—માથાં. ઊખલિ—ખંડણીએ. મૂસલાં [સં. मूशलः]—સાંબેલાં. કાંઇ—શા માટે. નિરોધ-અટકાવ. સંન્યાસી......લોક ?—કામ્ય કર્મનો ત્યાગ કરી ત્યાગી [સંન્યાસી] થયા પછી અસંતોષ શો રાખવો ? તપ કરવું તો પછી લોકમાં વ્રાસ શા માટે રાખવો ? માથા માનિ શીસક શવઇ-સર્વે માથાને મુગટ [શીસક સં. शीर्षकः] ગણે (?)

પૃષ્ઠ ૧૨

૮૯-૯૦ સધ—સિદ્ધ. લોહડઇ—લોઢે. કટક—કાટ (?) ખધ—ખાધું (?) ખમણું—ક્ષમાશીલતા. ખમ [સં. क्षम्]—ક્ષમી, ક્ષમાશીલ. રોલી-લગાવી. સાધ—સાધુ. વ્યાધ ધરિ ખાઈ-હિંસક [વ્યાધ] ને ઘેર ખાય.

૯૧-૯૨ ચવઇ-બોલે. યમ સ્વપનિ સ્રીનુ પ્રાસંગ—જેમ સ્વપ્નાંતરે સ્ત્રી-પ્રસંગ પ્રાપ્ત થયો. ઉનયા—(?) યન-જન. લહિ-લે, સ્વીકારે. લુંડી [સં. लुंठः]—વ ડેલ. કેદારિ—કેદારતીર્થે.

૯૩–૯૭ પુહુ–સઈ જાઓ. જવ—જ્યારે. નીસત—(?) નિટોલ—નિશ્ચયપૂર્વક. નાહ્નિ મુહે મોટા બોલ—નાના મોંએ મોટા બોલ. થોથાં–કાગળના ડુચા. નુહિ–ન હોય. ઉટ ઘટિ યમ નાંખ્યું નીર—ઉંધે ઘડે જેમ પાણી રેડ્યું. 'ઉંટ' ને બદલે 'ઉંધ' એમ પાઠ સ્વીકારીએ તો આમ અર્થ ઘટાવી શકાય. ઢિગ—ઢગ. મુહુત–મહત્, મોટા. મુખાધિ—મુખે (?) પોલિ—પોળે. સાજી નવિ રાંધિ કુંભાર—સાજે [સાજી] હાંલ્લે કુંભાર રાંધે નહીં. ધંધુ—ધંધો. માનિ બિઠા—માની બેઠા. શાવકહિ સોકોને. દેઅંતાં—દેતાં. ઉખધ [સં. ओषधः]—ઓસડ. ભાંડ—એ નામની હલકી રસવૃત્તિનો ને જુઠાબોલી જાતિનો માણસ. માહિ મઈલા નઈ કરિ સનાંન—દીલકપટી ને સ્નાન કરી શુદ્ધ હોવાનો પાખંડ કરે. પરદ્રોહી–બીજાનું અનિષ્ટ કરનાર,

પૃષ્ઠ ૧૩

મુહિ મીઠા અંતરિ જૂઆ—મોંએ મીઠાબોલા ને અંદરખાને જુદા (જૂઆ). સરખાવો: "मधु तिष्ठति जीव्हाग्रे हृदये तु हलाहलम्." પારિ–સંસારપાર, મોક્ષ. મીની જઈ આવી કેદારિ—બીલાડી કેદારયાત્રા કરી આવે છતાં ઉંદરનો ભક્ષ કરવાનું ન છોડે.

૯૮—૧૦૦ ઘરનાં......થાઈ—ઘરમાં કરેલા અનાચારથી તીર્થે જતાં શુદ્ધ થાય પણ તીર્થમાં કરેલાં પાપ સહસ્રગણાં થઈ વજ્ર જેવાં ચોંટે છે—वज्रालेपो भविष्यति. અજાંણિ—અજ્ઞાનથી. લેખવુ—જાણો. જાંણિ—જ્ઞાનથી, સમજ્યાથી. વાહાર—મદદ, કુમક. ધાઈ [સં. धाव्]—ધાએ, દોડે. દીઠ્ઠઈ ચઢ્યૂં—દષ્ટિએ ચઢ્યું (?) લૂસાઈ–લુંટાય. મોદક મંદાગ્નિ નવિ જરઇ—મંદ જઠરનો માણસ ભારે લાડુભોજન ન પચાવે. જવાસુ– જવાસાનો છોડ. જવાસા આકડા વગેરે છોડોને પાણીની જરૂર નથી હોતી, ઉલટા પાણીમાં એ સુકાય છે ને કાળે ઉનાળે આંખો ભાચી ખીલે છે. ગણિકા......સુહાઈ—વેશ્યાપુત્રને બાપ ન શોભે [સુહાઈ]. સર્વા ઘૃત યાગ્નિં નવિ સહઇ—શરવો [સર્વા] જેમ ઘી ન જીરવી શકે, એ તો અગ્નિજ જીરવી શકે. ભૂંડી પેટિ ક્ષીર નવિ રહિ–હલકી સ્ત્રી–સ્રોંઢી—ગુપ્ત વાત ન રાખી શકે. કાકીંડા તણુઈ—કાકીંડાને. હાથીઉ—હાથી.

૬ હાસ્યવીશી

૧૦૧—૧૦૨ પ્રીય પક્ષ કીધ—પીયર પક્ષ કરે. સરખાવો:

"વઢકણી વહુએ દીકરો જણ્યો" (અખો.)

હૃદય સૂનું ભાંગિ વાવરઇ—ગાંડો ભાંગનો ઉપયોગ કરે. સરખાવો:

"એ મુકી અન્ય સાધન કરે જેમ ભ્રમરોગી વિજયા વાવરે."

(અખો: છપ્પા.)

યમ કારેલી લીંબડી ચડી—કારેલીની વેલ જાતે કડવી ને વળી કડવા લીંબડાને વીંટાઈ વળી. ઉણુ—અધુરો. કાટલઈ—કાટલા ઉપર.

૧૦૩—૧૦૪ તપસી—તપસ્વી, ચકયું—છકીને.

આ કડી સાથે શબ્દશઃ મળતો આવતો અખાનો છપ્પો સરખાવો:

"અંગ આળસને તપસી થયો, ઘર મેલીને વનમાં ગયો;
કામબાણ ન શકયો જાળવી, રડવડતી એક આણી નવી;
શ્વાન ભસાવે હાંડિ છકયો, અખા ગ્યો નહીં ને ઘર નવ રખ્યો." ૬૫૫

(અખોઃ છપ્પા.)

કાયઈ ધીગઈ—કાયાએ ધીખે, બળે. ઉનમાદ—ગાંડપણ. નાદ—અભિમાન. પરણી ઉપરિ આણી નારી—બીજી પત્ની કરી. કલહુ ઉપનુ ન સકયું વારિ—બે પરણેતરો ભેગાં થતાં ઉપજેલો કંકાસ અટકાવી ન શકયો. લીધૂં......કરઈ ?–'ચીટી' ને ગ્રામ્ય શબ્દ ગણી કીડીના પર્યાય તરીકે પાઠ યોજીએ તો અર્થ નીકળે કે કીડીએ મોં અને માથે [શરઈ] ભાર લીધું તેથી નીચે દબાતાં તે આધું પાછું કેમ કરે?

પૃષ્ઠ ૧૪

૧૦૫—૧૦૬ મેહ [સં. मघवन्]—વરસાદ. ગુજરાતની 'મેશ્વો' કહેવાતી નદીનું શુદ્ધ નામ આ ઉપરથી મેહવો ખરૂં છે. ઢાંઢુ—બળદ. સામાન્ય રીતે ગુજરાતમાં ઘરડા બળદને ઢાંઢો કહેતા નથી. કાઠીઆવાડ અને મારવાડમાં બળદને ઢાંઢો કહે છે. ૧૦૫ મા છપ્પાની પહેલી બે પંક્તિઓમાં કવિ કમનસીબ ખેડુતના દુઃખની કહાણી આબાદ રીતે વર્ણવે છે. પીપલિ—પીંપળવૃક્ષ કે કીડી [સં. पिप्पलिका]? પીપલિ (કીડી) પાઠ સ્વીકારીએ તો અર્થ નીકળે કે કીડી ચઢી ચઢીને કેટલી ચઢે? નીચી જ ડાળે. ઉપરની બે પંક્તિઓનો સંબંધ સાથે લેતાં આ અર્થ મને ઉચિત લાગે છે. જા પિય લાડિ પણ કર્મ નિલાડિ—જા પિય એ અક્ષરો ભેગા કરી 'જપીઅ' એમ પાઠ સ્વીકારીએ તો અર્થ બેસે છે કે લાડિ [મારવાડીઃ લાડીજી—વહુ] ની જપમાળા જપીએ પણ એ નસીબ વગર ક્યાં? પાપી......બેડિ બૂડિ શરસી લેઉ–'બેડી' ને સ્થાને પેડી (પેઢી) પાઠ લેતાં અર્થ સુગમ થાય છેઃ પાપના ધનથી વેપાર કેવો! પેઢી ડુબ્યા જેવી [શરસી—સરખી] સમજો. સારુ નયર ઉજાડઇ–આખું [સારૂ] નગર [નયર] ઉજ્જડ કરે [ઉજાડઇ]. રલઇ—રોળે. નીલૂં [સં. नील] —લીલું. સુકાં સાથે લીલું બળી જાય છે. પાપી ભેળા પુણ્યાર્થીઓ પણ હોમાય છે.

૧૦૭—૧૦૮ હરિષ-હર્ષ. ભાલણ પણ 'હરિષ' શબ્દ વાપરે છે:

"એહ કથા કોહોનિ વિસ્તારી હૈઅડે હરિષ અપાર;
હરિગુણ અમ્રતપાંન કરાવી સમજાવ્યો ભૂપાલ."

(ભાલણ: ધ્રુવાખ્યાન.)

વીસ વિસા—વીસ વસા, સો ટકા. જવ-જ્યારે. પઇઠૂ ઉંટ બલા હાકતાં—'બકરી કાઢતાં પેસે ઉંટ' એ કહેવત સાથે સરખાવો. બલા–વિટંબના. વેત્ર વિણસઇ —વેતર નષ્ટ થશે [વિણસઇ સં. वि+नश्]. અપાઈ [સં. अपायः] —નુકસાન

બઇડું ધરિ કુહાંડાં ઘડે—ઘેર બેઠું ભાંગ્યાં હાંડલાં ફોડે. નવરો બેઠો નખ્ખોદ વાળે. નવરો નાવી પાટલા મુંડે.

૧૦૯-૧૧૦ પાગ—પગ. ગાઢેરૂ-ઘણું. નૈરસ [સં. नीरस]—રસ વગરની. વમઈ-વામે, ત્યાગે. લોભિ અતિ આરાસુ ધાઈ—“ લોભિ અતિ આચારસુ ધાઈ” એમ પાઠ લેતાં લોભથી અત્યાચાર સુધી દોડે એમ અર્થ બેસી શકે. ઉઠયું લંઠ જોઅણુ નવ જાઈ—લાંઠ [વંઠેલ] પાકયો અને જોયો જાય નહીં. જોઅણુ-જોવું તે. આફલઇ-અફાળે, મારે, શિક્ષા કરે. વારીતાં—અટકાવ્યા છતાં. ભુંકતું ગાધહ ચોંરે લીધ—ભુંકતા ગધેડાને ચોર ચોરે તેવી દશા થાય.

૧૧૧-૧૧૨ શીબલીફૂલ—શીમળાનાં ફુલ. આ ફુલ માત્ર બહારની શોભાવાળાં છે. એને કોઇ લેતું નથી. મભ માંહિ—મોભ માંહિ, છાપરે (?) રૂઉ-રૂડું. ઉખરલી-વણપાથરેલી. ખાટિ—ખાટે, હીંચોળાખાટે. ચંદ્રઉ-ચંદરવો, છાજ, જડી—જડીજુડી. ધાત-બોધ, શીખામણ. પાત્ર-યોગ્ય. પૂજાપાત્ર. જાત્ર-જાત્રા.

પૃષ્ઠ ૧૫

૧૧૩-૧૧૪ સૌખ્યવિલાસ—સુખના ભોગ. ઘરિ યામાત્ર પુત્ર કલપીઈ-ઘરમાં જમાઇને પુત્ર કરી રાખે. તૃષ્ણાપણ જમલ જલ પીઈ—તૃષાતુર બંધીઆર અર્થાત્ ગંદું પાણી પીએ. કોઠી ધોતાં કાદવ ઉમટઇ-કોઠી ધોતાં કાદવ નીકળે, શ્રમ નિરર્થક થાય. ગુરિ-ગુરૂએ. તુઝ-તને. ગોપ્ય-છુપાવવાનો. ચલુ—કહ્યો. સૂંપી સૂંઠી મહારે મલું—સોંપી સુંઠને મારે મોહી પડવું (?)

૧૧૫—૧૧૬ સાખ્ય-પ્રતિષ્ઠા, સાખ. શકટ તલિ-ગાડા હેઠળ. હેવ્યા—હેવો. આરતિ—હોંસે. ભાંજેવા—ભાંગવા. જોસ [સં. ज्योतिष्]—જોસ. ભવિષ્યકથન. ગરોડાનુ [સં. गुरू]—ઢેઢના જ્યોતિષીઓ ગુરૂ-ગોર-ગરોડાઓ કહેવાય છે. યમ આંધિ આંધુ ઠેલીઈ—જેમ આંધળાને આંધળુ ઠેલે; ‘अंधान्धगतिकन्याय’ થી.

૧૧૭—૧૧૮ શર્મ—શ્રમ. હર—(?) છાયારૂપ સંધાતિ ફિરઇ—છાયા અને દેહ [રૂપ] સાથે ફરે. પટભાલિ—ભાલપટે, કપાળે. સુર તજી કિહાં જાઇ શીઆલિ ?—સુર [સં. सूर्य:-તે ઉપરથી તડકો] ત્યાગી શીઆળે કયાં જાય એ અર્થ ઘટી શકે (?) જણ જણ આગલિ ગુઝ મ પ્રકાશિ, અંતર આંણી મોટી આસ-સરખાવો આ સાથે:

“ यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः। ”

(ભર્તૃહરિ.)

ગુઝ-મનની વાત. મુહુગા [સં. मूक]—મુગા, અબોલ. સોઈ—તે. ગોધુ—ગોધો. ખડ—ઘાસ.

૧૧૯-૧૨૧ લવાર-લબાડ, લવારીખોર. પંર ઉપગાર-પરોપકાર. વિબુધા-ડાહ્યા માણસો. છેહા [સં. छिद्‌]—છેદ, છેકા. પાડુ માંકઈ ખીલા પ્રમાણિ-પાડુ ખીલાના મધ્યબિંદુથી તેના અછોડાથી થતા વર્તુલમાં ફરે [માંકઈ]. ૧૨૦ મા છપ્પામાં કવિ

ઉખાણા વીશે કહે છે કે મુરખોએ તેમજ મહાબુદ્ધિશાળીઓએ જે જે ઉખાણા કહ્યા છે તેને સરસ્વતીએ [ભારતી] શુદ્ધ [સુધા] કર્યા છે. શમશા–શમશ્યાઓ, કોયડા. બાચક ધમ ધૂઆડુ લીધ–બાચકાથી જેમ ધુમાડો લેવાય તેમ અર્થાત્ બહુજ મુશીબતથી મેં તે લીધા છે. ઉખાણાનો મહાસાગર ડાહ્યાઓએ અને મુરખોએ ભરી નાંખ્યો છે તેમાંથી મહામહેનતે તારવી તારવીને મેં મારી આ કૃતિ કરી છે.

૭ મૂર્ખવીશી

પૃષ્ઠ ૧૬

૧૨૨—૧૨૩ ઝાલ–જાળ. ખોઇ–ગુમ કરી. ' સોનાની જાળ પાણીમાં ન નાંખો' એમ કહેવત છે. સરખાવો:

" નાખિ મ જલિ સોનાની ઝાલિ. "

(શ્રીધર: રાવણમંદોદરીસંવાદ.)

મડ્ડુ [ફા. मुर्दन्–મરવું ઉપરથી]—મુડદું, શબ. માલિ–ખેતરના પાક પર નજર રખાય ને પંખીઓ ઉરાડાય એ માળો કહેવાય છે. ટોહિ–ટોવે, ઉરાડે. ઢેઢનઈ—ઢેઢને, અંત્યજની એક જાતિ. માતુ–અલમસ્ત. બોકડ–બકરો. ફરી–ઉલટી. ભુકા–ફાકી. દલિ–દળે. સ્વામીનૂં સરયૂં [સં. सृज्]—સરજેલું. મશાણ [સં. स्मशानं]—મુડદાંની દાહભૂમિ.

૧૨૪–૧૨૫ સીરી—સીધી. વિગોઈ—વગોવે. નિંદે. કુટણહારી–કુટનારી. ચોહાણી–ચોહ (પસંદગી) વાળી, મનપસંદ (?). કીડાકીટ [સં. कीटः]—કીડા. કપૂરિ—કપુરે. વિષ્ટા—અમેધ્ય. વાયસ [સં. वायसः]—કાગડા. ગર્દભ [સં. गर्दभः]—ગધેડું. ગુરવનું–ગૌરવનું (?)

૧૨૬–૧૨૭ વચન કીધૂં–આજ્ઞા પાળી. ગુરની વાત–ગુરૂની વાત. પુરાણા [સં. पूर्णा]—પરિપૂર્ણ. ચિતિ–ચિત્તે. પ્રાણિ પલઈ—મરણે વળે. ભિતિ–ભીંત. આફલઈ–અફાળે. હસ્તી પહલાણ–હાથીની અંબાડી.

૧૨૮ પરિભવ–પરભવ. હઇઈ–હૈયે. ચૂડકરણ–ચુડા કરમ, પતિ પાછળ ચુડો ફોડવાની પ્રથા.–શરમૂંડી [સં. शिर + मुंडनं]—કેશવપન. મૂહુરત [સં. मुहूर्त]—મંગલ ચોઘડીયું.

પૃષ્ઠ ૧૭

૧૨૯–૧૩૦ સજનાં—સાધુ જનો. વિપરીત—ઊંધે માર્ગે લઈ જનારી. વરઈ આવઈ—કામ લાગે. કુહિ—કોહી ગયેલે. પ્રતિબોધ્યા—ઉપદેશો.

૧૩૧–૧૩૪ વંક અભ્યાસ—વાંકી હોવાની કુટેવ. ભડઇ–લડે. પોગર—(?) મુહુત–મહત્વ, માન. નૈરસ કાઠ—સુકું લાકડું. આછી...ખમઈ–પાતળી છાશ પછી વધારાનું પાણી નજ સમાવે. અપદેશ—ઉપદેશ. રેસ—રીસ. ભૂજગમ—સાપ. શીહ—(?) રૂધ—(?)

૧૩૫–૧૩૭ પાસ—સ્પર્શ. મોડિ—મરડે. કોબલિ પુલખી......જોઇ—'કંબલિ પુ લખી' એમ શબ્દો ગોઠવતાં અર્થ થઈ શકે કે કાળી કાંબળી ઉપર કોઇ કાળા અક્ષર ન લખી શકે, માણસની જેવી જાત તેવી તે ઉપર ભાત (અર્થાત સંસ્કાર) પડે. સમુદ્ર......ભલ્યા—જેમ એક સમુદ્રમાં સાતે સમુદ્રો ભેગા થઈ ગયા. સાત સમુદ્રો : ક્ષારોદ, ઈક્ષુરસોદ, સુરોદ, ઘૃતોદ, દધિમંડોદ, શુદ્ધોદ અને ક્ષીરોદ. નીલજ [સં. निर् + लज्जा]—લાજ વગરનો, નાગો. ગુહ્ય [સં गुदा]—મલદ્વાર. ખીજડું—ખીજડાનું ઝાડ નીલજ......છાંહીડું—"નાગાને કુલે બાવળીઓ ઉગે તો કહે : કે નહીં, છાંયડો થયો" એ રૂપ હાલ કહેવતે લીધું છે. વીંટીઆ—વીંટલા. સાંપડી [સં. सं + पन्न]—ઉત્પન્ન થાય.

પૃષ્ઠ ૧૮

૧૩૮–૧૪૦ બ્રહ્મસૂત્ર......ધરઇ—બ્રાહ્મણ ઉપવીત [સૂત્ર] ધારણ કરે અને રાજા છત્ર ધરે. પાઠાંતર : 'બ્રહ્મ સૂત્ર'. શર્મ—શ્રમ. ચોર......ગમઇ—ચોરને ચાંદનીની હાજરી ન રુચે; એને તો એના કામને અનુકૂલ અંધારું જ પસંદ પડે. આયસ [સં. आयसः]—શ્રમ. પરમેહ—પરમેશ, પ્રભુ. ગાઇ—ચારઇ......ગોવાલ—'ગાયો વાળે તે ગોવાળ:' આમ પણ કહેવતનો પ્રયોગ થાય છે.

૮ અદ્દભુતવીશી

૧૪૧–૧૪૫ કઠાહરઈ—કડાઇ ઉપરથી (?) ચેહની મનસા...શુદ્ધિ—મન ચંગા તો કથરોટમાં ગંગા. ધવ—ધાવડો, એ નામના ઝાડનું લાકડું. છાંદા—છિદ્ર, ચાંદા. વઇદાગી—(?)

પૃષ્ઠ ૧૯

૧૪૬–૧૫૩ મોટા......રાજ—બુદ્ધિમાનને બધો વિચાર, મુરખને વા ને પાણી. પઈલા—પેલા. મેર—મેરૂ પર્વત. એ સુવર્ણનો છે અને પૃથ્વીનું મધ્યબિંદુ છે. વીગતવાર હકીકત માટે જુઓ: **રા. ડાહ્યાભાઇ દેરાસરી કૃત પૌરાણિક કથા કોષ: તૃતીય ખંડ.** કૌલકમતિ—કૌલીન એ નામના મત અનુસાર. શાક્ત વિધિનો એક પ્રકારનો અનુયાયી 'કૌલીન' કહેવાય છે. જુઓ: "तदेव कौलिनमिव प्रतिभाति।" (**કાલિદાસ: વિક્રમોર્વશીય.**) ભૂખ્યુ......ભણી—ભુખ્યો શું પાપ ન કરે? તે પોતાની પત્નીને પણ લગ્નનિયમનો ભંગ કરી વ્યભિચાર માટે વેચી ખાય. માંડણે અહીં તેના કાલના સમાજનું નીતિભ્રષ્ટ પાસુ યથાર્થતાથી આલેખ્યું છે. શવિ આટા રેહણિ જાય—સૌ આટાલુણમાં જાય. રેહણિ—રસ્તે, કૃચ—કચ, વાળ (?) પાવઈ—હીજડો. આખડી—વ્રત, બાધા. ઉપરિધ્યુ—ઉપરથી. વાળ્યું બીજ તણું સહિકાર—આંબાનો ગોટલો વાવ્યો. ફલ વાંછઈ વિણુ વાધ્યા દાર—પત્ની (દાર) નું વય પુરૂં ખીલ્યું ન હોય ને તેની તરફથી પ્રજાની ઉતાવળી ઇચ્છા રાખે. ખણ્યૂં—ખોદ્યું.

પૃષ્ઠ ૨૦

૧૫૪-૧૫૬ વિણસણકાલિ બુદ્ધિ વિપરીત—વિનાશ કાલે બુદ્ધિ બગડી. વિરાલ [સં. बिडाल:]—આંખ (?) બીર—ભેરૂ, મિત્ર, બીરલુ. બિરદ–યશોગાન. દના-દાની (?) ગામગલમાંણું–ગામસારણી (?) યસવાઉ–' યસ વાઉ ' એમ પાઠાંતર ગોઠવી યશ લે એમ અર્થ ઘટાવી શકાય. ક્રીડા વચનિ–રમતના બોલમાં. ઢંકિ—ઢાંકી (?) કે ઢીંકણી–ફલાણી (?) પ્રાછી—' પ્રીછી ' હોવું જોઇએ.

૧૫૭-૧૬૦ સમકિત–સમોકિત, સમ્યક્ત્વ. કુંભી–કુભીપાકે. કુંભીપાક એ એકવીસ જાતના નરકોમાંનું એક ગણાય છે. જે કોઈ સજીવ પ્રાણીને રાંધીને ખાય તેને તેને આ નરકની યાતના ભોગવવાની હોય છે. નિઃસંતા–અપુત્ર. મેછન–(?) કિમ માંગલિ જઇ દીકિરા–કિમ મા બૂલિ જાઈ...એમ પાઠાંતર લેવાથી અર્થ કૈંક બેસે છે.

૯ રાજનીતિવીશી

પૃષ્ઠ ૨૧

૧૬૧-૧૬૫ સદગર–સદ્ગુરૂ. આકની લાકડી—આકડાનો લાકડી (?) રૈરવિ—નરકમાંનું એકવીસ નરકોમાં. એક નરક રૈરવ છે. રાઉ......તેહ–રાજાએ માની તે પૂર્વ દિશા [દેશ]. સત્તા આગળનું શાણપણ. પૂર્વ પુરૂષ–પૂર્વે થઇ ગયેલા મહાપુરૂષો. માંજર–બીલાડી. સુદ ગુરૂ–' સદ્ગુરૂ ' એ શબ્દ હોવો જોઇએ. સખાલી–સુખવાળી. ડાંડુ–રસ્તો. ' ડાંડે પડો ' એ પ્રયોગ ચાલુ છે.

૧૬૬-૧૬૯ ઉસના રાઉ–ઉશના રાજા–સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જન્મેલા ધર્મ નામના રાજાનો પુત્ર. કલ્પવૃક્ષ–એમની સંખ્યા પાંચ છે : પારિભદ્ર (લિંબ), મંદાર, પારિજાતક, સંતાન અને હરિચંદન (**નર્મકથાકોષ.**) આફણી–એની મેળે. ઉવેલી–(?)

પૃષ્ઠ ૨૨

૧૭૦-૧૭૪ ઘરમાકુલિત–ઘામ–તાપ–થી પીડાયલું. મકાતી–દાણી, જકાતી અમલદાર. તુર—આકડાનું રૂ. ગ્રામધિપ–ગામપટેલ. માઈ–માય, સમાય.

૧૭૫-૧૭૭ કો કન્યા વેચી વૃત્ત લીઈ—વૃત્ત ' વિત્ત ' ને બદલે પેસી ગયો લાગે છે, જૂ હરૂ–' જુવારૂ ' શબ્દના અક્ષરો છિન્ન ભિન્ન થયા લાગે છે. પીડા–ચાંપ્યા, દાબ્યા.

પૃષ્ઠ ૨૩

૧૭૮-૧૮૦ ન્યાતિ [સં. ज्ञाति:]—જ્ઞાતિ. આપણી–પોતાની. અલગુ કરૂં–બહિષ્કાર કર્યો. વાદ—વાદે, પાછળ. ગોવ્યંદ [સં. गोविंद:]—પ્રભુ. રતિ–પ્રેમ. રીઝાવૂં–પ્રસન્ન કર્યો. મહાવુ–મહલાવ્યો, મોટો કર્યો, ફેલાવ્યો. નિતુ–નિત્ય. પ્રમાણ–બરાબર છે, સહી. પ્રમાદ [સં. प्रमाद:]—આળસ.

૧૦ વૈરાગ્યબત્રીશી

૧૮૧-૧૮૨ આશાપાશ [સં. आशा + पाशः]—આશારૂપી જાળે. વિલસઈ-ખીલે. આપિ-પોતે. દીવાલી [સં. दीपावलि.]—દીવાળી; મજા. સુપડ—સુપડે. કાંકરડા-કાંકરા. એણ-એ. માકડ-માંકડું. માંકડ નાચઈ યોગી ખાઈ-વાંદરું નાચ કરે ને તેની કમાણી યોગી ખાય. સરખાવો:

" મિલ્યા માનવી વાંનર સાથિ, પેટનાટ કરસી પરભાતિ;
આગિ ઉખાણો મહીઅલ માહિઃ માંકડ ભીખઈ જોગી ખાઈ."

(શ્રીધરઃ રાવણમંદોદરીસંવાદ.)

તડકુશીત-તડકોછાયા. વિણ-વને. અધિકરણાર્થ સપ્તમી અધ્યાહૃત. વિછાંડયા-ત્યાગ્યા. સાધુ-સાથ્યો.

૧૮૩-૧૮૪ સવહૂંનઈ-સૌને. મતાં-સહીઓ. કાબલિ ભીનઈ ધાબલિ કાજ-કાંબળ ધાબળી માટે ભીની થાય (?) વિસમી [સં. विषम]—કપરી. ઉંબર-ઉમરો. વનવાસની વિસમી વાટ, ઘર ઊંબર દોહિલું ઘાટ-આ સાથે સરખાવો:

" ઉમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ,
ગોળી તો ગંગા થઈ રે અંગે ઉજળા થયા છે કેશ;
ઘડપણ કેણે મોકલ્યું ?"

(નરસિંહ મહેતાઃ જ્ઞાનનાં પદો.)

કાલાં—કાગડા (?) ભઈરવ ઝાંપ [સં. भैरवतर्जकः]—ભૈરવયાતના. કાશીમાં પરમાત્મના સ્વરૂપમાં ભળવાની હોંસવાળા મુમુક્ષુઓની 'કાલભૈરવ મરણકાલે જે ભયંકર શુદ્ધિક્રિયા કરે છે તે. સરખાવો:

" પાદપ કહે પેસો પાણીમાં તે કમળે ખાધા ભૈરવજાપ;
અર્ધજળ રહી ઈશ ઉપાસે આપોપું ખુંચાડી કાંપ. "

(ઉદ્ધવઃ રામાયણ.)

૧૮૫ બાંધી—બંધન કરી. માંમ-અહંકાર, મમત્વ. સરખાવો 'મમ' શબ્દ માટે:

" પણ મિત્ર આગળ મામ મુકી માગતાં જીવ જાય;
મામ ન-મુકીએ રે ! "

(પ્રેમાનંદઃ સુદામાચરિત્ર.)

એણ [સં. एनः]—હરણ. મીન [સં. मीनं]—માછલું. ઇદ્રિઅવશ-ઇંદ્રિયવશ. પાંચ ધરિ ડાકિણિ પરહરિ-પાંચ ઘર તો ડાકણ પણ છોડે છે.

પૃષ્ઠ ૨૪

૧૮૬-૧૮૭ પરમહંસ-ઈશ્વરજીવની અદ્વૈતતા અનુભવનાર ઉચ્ચ કોટિનો સ્થિતપ્રજ્ઞ. મોકલિ-મોકલે, છુટે. વરુ-વરો, ખર્ચ. ભંડારી-ખજાનચી. યમ યમ-રાઉલિ વરૂ જાઇ......રાઇ-આ સાથે સરખાવો કહેવતઃ " દાતારી દાન કરે ને ભંડારી પેટ કુટે. " પાશિ-પાસે. અમોયત-(?) દેહાગમે-જન્મ થતી વખતે

૧૮૮–૧૮૯ ભીર (?) ચિઠી–ચીઠાય. દક્ષા [સં. દીક્ષા]—વ્રત. ક્રોધ ક્ષમા વારેવા ઠામ--ક્રોધ અક્ષમા [ક્ષમાને બદલે ‘ અક્ષમા ’ પાઠ લેતાં] વગેરે નીવારવાનું ઠેકાણું. વરઈ–જાય. મારિ ન મનસા નારિ સોહ વસી–ઉરે વસી રહેલી પ્રિયાની વાસનાને ડારી [મારી–લુપ્ત કરી] નહીં. કમરિ કટારી ઢીક ઉપરિ કિશી ?–કમ્મરે કટારી હોય ને તે ઉપર ગડદો [ઢીક] કેવો ?

૧૯૦–૧૯૧ જુ લૂટી લિશિ રખવાલ–જે સાચવનાર [રખવાળ, રખોપીઆ] સાચવવાનો માલ લૂંટી લેશે તો. કાછીઉ–કાછીઓ, શાકપાન વેચનાર. જુએ વાડિ ચીમડાં ખાઈ? સરખાવોઃ વાડ ચીભડાં ચોરે. જુ આપણપૂં છાંડી રહિ–જે હુંપણું [આપણપૂં] ત્યાગીને રહે. સરખાવોઃ

“ ચિત્ત રૂપી રોગ મનને થયો, અખા આપોપું ભુલી ગયો.”

(અખોઃ છપ્પા.)

પાછલિ સૌખ્ય અનંતા લહિ–પાછળથી અપાર સુખ (આત્માનું) પામે.

૧૯૨–૧૯૫ સુહુણાં–સ્વપ્નાં. સંચ–પ્રપંચ. વ્યસનબિસન–વ્યસનબસન. થયુ–થયું. બાંધે કડબી ગામ ન વસઈ–કણબીઓ છૂટા રાખવાથી ગામ ન વાસે. વશંસઇ–ભુલથી, ભ્રમથી. ઈસ–ઈશ, મહાદેવ. નિકંટ—નિષ્કંટક. દેઉલિ–દેવળે. સાબ–અખંડિત.

પૃષ્ઠ ૨૫

૧૯૬–૧૯૯ હૈઇ દૂભાણુ–હૈડે. દુભાણું. બાઇનાં ફૂલ બાઇનિ ચડિ–હાલમાં આ કહેવત આમ પણ બોલાય છેઃ “ બાઇનાં ફુલ બાઇને ને શોભા મારા ભાઇને. ” યે યે વઈરપણું......શવે–જે જે વેરભાવ દર્શાવે છે તેઓ સર્વ તારા મિત્ર છે. સરખાવો આ સાથેઃ “ **मैत्री मे सर्व भूतेषु वैरं मम न कस्यचित्** ”. કભાવન મન–કભાવનું (અનીચ્છાનું) મન. છેદી નાક કરઇ અપસકંન–નાક વાઢીને અપશકુન કરે. ન્યાની–જ્ઞાની. અયાચિ વરત–અયાચક વ્રત. હરિપાંશુ–(?)

ઝિરઇ–(?)......દુધિ વછ પૂંછ ફરહરઈ--દુધ પીતું વાછરડું પુંછડું હીલોળે.

યે જન......ભીખ–ભર્તૃહરિને તીવ્ર વિરાગ થતાં તેણે રાજ્યત્યાગ કરી ભીક્ષા માગી એ ઉપરથી કવિનું આ વક્તવ્ય લાગે છે. માત્રા જોતાં ‘ લઘુ ’ શબ્દ ક્ષેપક લાગે છે. સાસઈઈ–સહન કરે. વલ્હતુ લડસડત ભાંજઈ–અર્થ સ્પષ્ટ સમજાતો નથી.

૨૦૦–૨૦૧ પસારઇ–(?) પુહુચુ–પહોંચ્યો. ગહુ–ગજ્યો. અંકુરી–કુટી, પરા પશ્યંતિ, મધ્યમા અને વૈખરી–આ ચાર વાણીના પ્રકાર છે (**નર્મકથાકોષ**.) વરા–શ્રેષ્ઠ. પરાત્પર–પરાવાણીથી ચઢે એવી.

૧૧ સજ્જનવીશી

૨૦૧ મણી–‘ ભણી ’ પાઠાન્તર યોગ્ય લાગે છે. મયા–માયા, પ્રેમ. મા પ્રીસણુઈ મુહુસાલિ વીવાહ–મામાને ઘેર વિવાહ ને મા પીરસે [પ્રીસણઈ] પછી શું બાકી ?

પૃષ્ઠ ૨૬

૨૦૨–૨૦૫ નિરોગ–રોગ વગરનો. બીજઇ આશ્રમિ–ગૃહસ્થાશ્રમમાં. ૨૬–૨૭ (?) આપ–આપપણું, આત્માપણું. મનસા મેહેલિ સંતોષિ જડી–આસક્તિ [મનસા] ત્યાગી સંતોષને વળગે. હેમ કચોલૂ–સોનાની વાટકી. ભીખ ઘાલઈ–ભીક્ષા આપે. ભાજિ–ભાગો, નાશ કરો. પાશ નાંખ્યું–ફાંસો ઘાલ્યો. ગુગલઈ–ગળે, ચર્મ ચીરા વિણુ–ચામડી ફાડયા વગર. દંભક દાતક પૂરિ ન પડઈ–દાંભિક અને સંયમીને મેળ ન બેસે.

૨૦૬–૨૦૮ રીય—રી, કેવી. 'ય ' પ્લુત. આંબિઇ–આંબાએ. પયભારિ ગૈ–દૂધભરી ગાય. પરિ—રીતે, પ્રકારે. વિગતઇ–વિગતથી. ઉંચા મેહ નીચા થૈ ભરઈ–મેઘની સજ્જનતા નીચે આવી નદીસમુદ્રોનું પાણી લઇ ઉંચે જવામાં ને વર્ષવામાં છે. લોક માહિ શરિખા થઈ મિલઈ–મોટાનાનાનો ભેદ ભુલી સમાન થઈ લોકમાં ભળતા રહે. નારી કુંભ......પ્રીછવઇ—જલબેડું લઈ પનીહારી બેડું સાચવતી જાય ને રસ્તે વાત પણ પેરે પેરે કરતી જાય. બિહુ પરિ—બે રીતે, અંદરના અને બહારના (દેખાડવાના).

૨૦૯–૨૧૦ ખાણ વધારે અશ્વ આફણી–ઘોડા પોતાનું ખાણ (ખાદ્ય, ખાન) પોતેજ વધારે, આહાર વધાર્યો વધે એ ન્યાયે. પ્રીશું...પર્ણી—' પણી ' ને બદલે ' ધણી ' પાઠાંતર ઉચિત લાગે છે. ચંગ—શુદ્ધ. " મન ચંગા તો કથરોટ ગંગા " એ કહેવત જુઓ. પર ઉપગારિ પદિ પદિ ગંગ—પરોપકાર કરનારને પગલે પગલે ગંગાસ્નાનનું પુણ્ય લાગે. દૂધિ વુઠા મેહ–દૂધે મેઘ વર્ષ્યા [લુ૦]. દીહ–દિવસો તગતગઇ–ચળકે. લીહ–લીટી.

પૃષ્ઠ ૨૭

૨૧૧–૨૧૩ નાહાના લગઇ–નાનાં સુધી. અન્યાઉ–અન્યાય, ગેરઈનસાફ. મારેવા–મારવાના. સરખાવો આ સાથે કરેવા, વરતેવા વગેરે આવાજ પ્રયોગો. લાસ–ઉલ્લાસ. હંસા–આત્મા.

૨૧૪–૨૧૬ સદગર વૈયણુ–સદ્‌ગુરુનાં વચનો. વિસમરામ"–વિસમ રામ " એમ શબ્દો જુદા પાડીએ તો વિસમ, વસમા, દુષ્પ્રાપ્ય એમ અર્થ બેસે. જમલા–પાસે.

જુઓ આ શબ્દ માટેઃ—" જમલો છે જે જે હું પડછંદો ને તે ઇશ "

(અખો : છપ્પા.)

આતમ લંગ—આત્મ લિંગ–આત્માનું સૂક્ષ્મ શરીર. ગિરિગણુ—પર્વતોનો સમુદાય. ગિરિ માથઇ–ગિરિ શિખરે. ટોહ–ટોચ (?) આદરહ–આદર્યું. ' હ ' માત્રાપૂર્તિ છે. ઇતર પતિ આદરહ અનંગ–અન્ય પતિ કરી કામનું સેવન કર્યું. ભવન ભૂખ પ્રાસાદનું ભંગ—ઘરે ગરીબાઇની ભુખ ને ઘરભંગ થયું, પત્ની વગરના થયું.

૨૧૭–૨૧૮ ભુઇ—ભોંય. હાલી મિત્ર કોઠીબડેહુ—(?) કવિતા–કવિ. 'કવિતા' શબ્દ કવિના અર્થમાં જુના કવિઓ વાપરતા આવ્યા છે. જુઓ:—

" બુદ્ધિમાંનિ તાં મિં રૂતવ્યૂં ચતુર સ્કંધ માંહે એહ;
કવિતા કોએ રીસ મ આણુસો હેતી પ્રબંધ એહ. "

(ભાલણુ: ધ્રુવાખ્યાન.)

" કર સાહી કવિતા તણો મારગ મુઝ દેખાડી. "

(શ્રીધર: રાવણુમંદોદરીસંવાદ.)

બંધ—કાવ્યબંધ. ભાલણુકવિ ' ભાષાબંધ ' શબ્દ વાપરે છે:

" તેન્હિ પ્રીછવા કારણે કીધુ ભાલણિ ભાષાબંધ;
સકલ ઉપમા કહી ન જાઈ, કિંચિત કથાસમંધ. "

(ભાલણુ: કાદંબરી: પૂર્વ ભાગ.)

પાલાં કિશુ રાઉલુ દૂઉ ?—આશ્રિતો [પાલાં] રાજાને શું દે ? આ સાથે ગુરૂ ઉપરના અખાના પ્રસિદ્ધ પ્રહાર સરખાવો.

પૃષ્ઠ ૨૮

જઈન—જૈનો. જયણુ—ક્ષમાશીલતા. વરતુ—વર્તો, આચરો. વીસાસ—વિશ્વાસ. કવિના વિચારો જૈન વગેરે અન્ય માર્ગીઓ પ્રતિ ઉદાર છે. વાલાં—ખેંચાયલાં.

૧૨ દ્વૈતવીશી

૨૨૧–૨૨૩ સૌક્ષમ [સં. सूक्ष्म]—સૂક્ષ્મ. કંધિ—[સં. स्कंधः]—ખાંધે. ડાંગે માર્યે પાણી એક—પાણીમાં ડાંગ માર્યાથી પાણી જુદાં નથી થતાં તેમ પ્રાણી પ્રાણીમાં દ્વૈતભાવ નથી, સૌ એક છે. કે ઉપવીત પેટિ નવિ ભણ્યાં—કોઈ બ્રાહ્મણો (ઉપવીતધારીઓને બદલે ઉપવીત શબ્દ વપરાયો લાગે છે.) માના ઉદરમાંથી સંસ્કાર લઈને નથી આવ્યા. તરક [ફા. तर्क]—મુસલમાન. સૂનત [અ. सुंनत—રસ્તો]—પેગંબર સાહેબ અને તેમની પછી ગાદીએ બેસનાર ખલીફાઓએ જે પ્રમાણે વર્તણુક રાખી હોય તે રસ્તો. મુસલમાનપણાનો આ એક સંસ્કાર છે. એમાં લિંગમણિની ત્વચાનો છેદ કરવામાં આવે છે. નો [સં. न + उ] નહીં. લૂંચિ—તોડી. જુઓ: " શું થયું વાળ લોચંન કીધે ? " (**નરસિંહ મહેતા.**) ગર્યા—પડ્યા. દર્શન—દર્શન—શાસ્ત્રો. આપ આપણાં રૂડાં ચવઈ—આપ આપણી વસ્તુને સૌ કોઈ રૂડી કહે [ચવઈ.]

૨૨૪–૨૨૫ ઉથાપીઉ [સં. उद् + स्था]—ઉલ્લંઘન કર્યું. કૂઈ [સં. कूपः]—કુવે. કુડિઇ—હોડે. તેજી—ઘોડા. કાનસોરા—કાન સુધી. શૈવ—શિવમાર્ગી. પરઠઈ—[સં. प्र + स्था]—સ્થાપે. સાંખ્ય—તત્વજ્ઞાનનો એક પ્રકાર. ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, વેદાંત, સાંખ્ય અને પાતાંજલ: એ છ છે. આ વેદ—ઈશ્વર—ના અસ્તિત્વને માનનારાં દર્શનો. ઈશ્વરના અસ્તિત્વને નહીં માનનારાં છ દર્શનો:—ચાર્વાક વા લોકયત્નિક, માધ્યમિક, યોગાચાર, સૌત્રાન્તિક, વૈભાષિક અને દિગંબર. પ્રકૃત [સં. प्रकृतिः]—પ્રકૃતિ. સાંખ્યદર્શનમાં પ્રકૃતિ, વિકૃતિ, ઉભયાત્મક અને

અનુભવાત્મકઃ આ ચાર પ્રકારના પદાર્થ મનાય છે. મીમાંસક–પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ બે કે એકનો અનુયાયી. (વિગતવાર હકીકત માટે જુઓઃ **મણિલાલ દ્વિવેદીઃ સિદ્ધાંતસાર.**) ચાર્વાકિ–ચાર્વાકમતમાં. ચાર્વાકદર્શન લોક-સંમત વાકયોનો આશ્રય કરે છે, અને પારલૌકિકને નથી માનતું. દેહસુખ એનો પરમ પુરૂષાર્થ છે. ચાર્વાક નાસ્તિકોનો શિરોમણિ ગણાય છે. એનો સિદ્ધાંન્ત જુઓઃ

"यावज्जीवं सुखं जीवेन्नास्ति मृत्योरगोचरः ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥"

બોધ–બૌદ્ધદર્શનકાર બુદ્ધ. માધ્યમિક, યોગાચાર, સૌત્રાન્તિક અને વૈભાષિક એ ચાર નાસ્તિક દર્શનનો સમાવેશ કેટલાક મતોએ બૌદ્ધદર્શનમાં થાય છે. બૌદ્ધ પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણ સ્વીકારે છે. એમની ભાવનાઓ સર્વ ક્ષણિક છે, સર્વ દુઃખ છે, સર્વ સ્વલક્ષણ છે અને સર્વ શૂન્ય છે.

ચાક ઉપરિ પીડું મૂકિઉ—માંટણ આ દર્શનોની વિવિધતાને કુંભારના ચાક ઉપરનો પીંડો કહે છે. એમાંના સિદ્ધાન્ત કુંભાર ગારાના પીંડાના આકાર જેમ ઘડે છે તેમ તે તે દર્શનકારો એમનાં દર્શનો જેમ ફાવ્યું તેમ ઘડે છે.

પૃષ્ઠ ૨૯

૨૨૬–૨૨૮ નયણું–'નમણું' નમવા યોગ્ય એમ પાઠ લેવો (?) જહારશિઈ–ઝારશે (?) ખુટ ખેડઈ—દિશાઓ ખેડે–માં જાય. કહી કઠણિ બઇસસિ ઉંટ–કોણ વાંકેચુકે રસ્તે [કઠણિ] ઉંટે ચઢશે? છપ્પા ૨૨૫ થી ૨૨૮ માં કવિ વિવિધ દર્શનોનું એની સૂત્રાત્મક સચોટ શૈલીમાં વર્ણન કરે છે. વ્યોમગતીસૂં ન પઈઈ બાથ, યે દૂઠું તે તેરજ હાથ—આભ [વ્યોમગતિ] ઉંડળે [બાથ] નથી ભરાતું, જે શોધું [દૂઠં—ઢુંઢું] છું તે તેરજ હાથ છે–પ્રત્યક્ષ છે.

૨૨૯–૨૩૧ ષટદર્શનીય–છ દર્શનકારોના. કોઈ ન કંધ ઉતારઈ ભાર—કોઇ ખભા–નો ભાર ઉતરાવતું નથી. બધાજ એમના મતમતાંતરોનો ભાર લાદે જાય છે. જન્મ–જીંદગીના અર્થમાં. ફૂટી હૈયા ન દેખઈ ભાલ–છાતી કુટવાથી કપાળ જોઈ શકાતું નથી, સત્યદર્શન બીજેજ સ્થલે છે. ધણી—દેવ. હીઇ પ્રભાત કરે—હૈયામાં ઉજેશ (જ્ઞાનનો) કરે. સૂરિજ–સૂર્ય. ગ્રંથી—ગાંઠ. જે માયામઇ......અધિકાર?—જે સંસાર માયામય બનાવ્યો છે તો તે ત્યાગવો એમ કહેવાનો અધિકાર ક્યાં છે? રચી—સરજી, બનાવી. યુગસ્રષ્ટા—યુગનો જનક. છાસિ–છાશ માટે. દોહણી—હાંડલી, હાંલ્લી.

૨૩૨–૨૩૪ યમણ—જમણ, ખાવાનું. સુણહ [સં. श्वानः]—કુતરો. વાગ વિસી—વાઘ વીશે. ગુફા [સં. गुहा]—કોતર. માંટી–ધણી. કઇ કાશી કઇ દ્વારામતી?—સાત મોક્ષદા નગરીઓમાંની બેમાં કઈ મોક્ષદા? કાશી કે દ્વારામતી! આરતિ [સં. अर्थः]—સ્વાર્થને લીધે.

પૃષ્ઠ ૩૦

૨૩૫–૨૩૭ ઉછાં–ઓછાં. વિલસી નારિ–સ્ત્રી સાથે વિલાસ ખેલ્યા. વંચુ [સં. वच्]—બોલી. સ્ત્રીલીલા—સ્ત્રીચરિત્ર. ઘાલુ–મારો. પર પાડઇ રમે—પારકા ઉપર ઉપકાર [પાડઇ] કરવા મન કરે. તણુંગ—નસની તાંત (?) ડંબાઈ—દબાઈ (?)

૨૩૮–૨૪૦ મહુત–મોટાઈ. સામરથી [સં. समर्थ]—બલવાન. આલોચી–વિચારી. મ્લેછ—આર્યેતર લોકો. પૂત—પવિત્ર. વિલગાં જાઇ–વળગ્યાં જાય.

૧૩ ભક્તિવીશી

૨૪૧ ગામિ નિરૂખિ એરંડિ થડૂં—સરખાવો 'एरंडोऽपि द्रुमायते' એ સંસ્કૃત કહેવત. નીરૂખિ–નીરખે.

પૃષ્ઠ ૩૧

૨૪૨–૨૪૪ વિસાહી બીછાવી. ટાલ–નાંખી દે. વણી લૂછી–વીણી લુછીને. ચુસર–ચાર સરનો હાર. ગગ પ્રવાહ ત્રણે–ગંગાના ત્રણે પ્રવાહ, ત્રિવેણી, ગંગા યમુના ને સરસ્વતીના. આખલ્યુ—નાહ્યો (?) કે આથડયો (?) ઘઘરણું–હીચરવટું અથવા જેઠવટું, ગગરણું, નાતરૂં. વાલિમ [સં. वल्लभः—વ્હાલઉ, વાલમ]—પ્રિય, વહાલા. રલી–રળીને, મેળવીને. વિણ કાચિરી માહેત્ર ન રહિ–પાઠ બહુજ ભ્રષ્ટ લાગે છે. 'વણુકરણી મહેતરનિ રહિ' એમ સંભવે (?)

૨૪૫–૨૪૭ અભિધાંન—નામ. ગહૂં [સં. गोधुमः]—ઘહુ. તસ–તેને. માંડા—માંડણકવિ. ગુરિ—ગુરૂએ. વુલાવા—વળાવવા, પાછા મોકલી દેવા. સંઘાતિ–સાથે. નંદા—નિંદા.

૨૪૮–૨૫૦ મિથ્યાતી [સં. मिथ्यादृष्टिः]—ભક્તિહીન મનુષ્ય. માહવ—મહાવ, માધવ. પાલઇ પરવરઈ—નીકે [પાલઈ] જાય. છાંડઇ ઠામ—વિષય વસ્તુઓ ત્યાગે. ઈટાલ–ઇટાળા (?) ઈંટના કકડા (?) અગન–અગ્નિ. વાટલા–વટાયલા બુકો. પાન બિલિ–આ કે 'પાન બિલિ' પાઠાંતર ? તોલણું–તોલ. શીહ-સિંહ (?)

પૃષ્ઠ ૩૨

૨૫૧–૨૫૩ સુંડલું—સુંડલો, ટોપલો. ઇતિ—આ પ્રમાણે, પુરેપુરી. નિષટ—નિશ્ચયપૂર્વક. ચાહ—ચાસ, હળની ખેડ (?) વ્યષ્ટિ સમતિ—વ્યક્તિ સમષ્ટી, એક અને સમૂહ. આંધા લાકડી—આંધળાનો આધાર. જરા—ઘડપણ. નિગ્રહઈ—કબજે કરે, અશક્ત બનાવે. વ્યાપ—વ્યાપકતા.

૨૫૪–૨૫૬ હેજ—પ્રીતિ. લહિણા—લેણાના. નિષેવ—નિખેવ, જરૂર. આરીશું—દર્પણ. વ્યરારૂ—વ્યવહારનું.

૨૫૭-૨૫૯ શર્મ—શ્રમ. દિશિ અમૂઢી ચ્યારિ—આ પાઠાંતર કે "દિશિઅ મૂઢી ચ્યારિ" (?) ઉખરિ—ઊખર ભૂમિમાં. ખારાટવાળી ભોંયમાં.

પૃષ્ઠ ૩૩

૨૬૦ લાભઇ—લાભે, પામે. પાઠી—ભણી. અતિહાસ [सं. इति + ह + आस]—આમ હતું, તવારીખ. વૈદિક—વૈદ્ય વિષયક, આયુર્વેદિક. ચોતિવિલાસ—જ્યોતિર્વિદ્યામાં રમણ. વીવ્હાતી—જેને ઘેર વિવાહ માંડયા હોય તે.

૧૪ બોધાવિડંબનવીશી

૨૬૧–૨૬૩ ખરિ—ગધેડે. વાહુ—વાહો (?) બાંધો (?) બાકરી—મમત (?) 'બાકરી બાંધવી' એ પ્રયોગ પ્રચલિત છે. જુઓ: "અખા સૌ બાંધે બાકરી, કાઈ ન જુવે હરિ પાછો ફરી." (અખો : છપ્પા.) આવટું—(?) પઈઠી નાચિ કિસું ઘુંપટું ?—નાચવા પેઠી પછી લાજ ક્યાં કાઢવાની ? પ્રયા—ગયા. શંપ–સંપ. શર—બરૂ (?) ચાચરિ—આંગણે, ચકલે. જુઓ આ શબ્દ માટે :

> "રહો રંડા! રોતી હાવે, તાંત ઢુંમટાં તોડોજી;
> મણ તણા માણિયા મોટા તેહ ચાચરે ફોડોજી."

(ઉદ્ધવ : રામાયણ.)

૨૬૪–૨૬૬ યંત્ર—જંત્ર. મુહુલિ—મહેલે. વંચ—છેતરપીંડી. દ્રોહ—દગો ફટકો. છીલ—છલકપટ. છરણુ ધૃત પશુ એકઇ મરૂ—(?)

ધાટા—ધર્યા, માલદાર. સખાઈઇ—મિત્રાચારી. ખરલીડાનું—ગધેડાની લાદનું. ચોપડ—ઘી વગેરે ચોપડવાના પદાર્થો. વાંસઇ—લાંધે. માલનું—માલવદેશ (?) દોણું (?) સાધ—સાધ (?)

પૃષ્ઠ ૩૪

૨૬૭–૨૬૯ અણુભાખિ—અણબોલ્યા. ઈટાલ—(?) સત્ય કૃપા બારિ—સત્યરૂપ કુવાની બારી એ અર્થ કે 'કૃપા' ને બદલે 'કૃપા' પાઠાંતર ઉચિત છે (?) ગહિ-ગહ્યુ—નિંધ્યુ (?)

૨૭૦—૨૭૨ સુરપાંન—મદિરાપાન. સોલસહસ્ર ભોગવતુ કાન્હ—કૃષ્ણે સોળ હજાર ગોપિકાઓ ભોગવી. આમિષ–માંસ. વાદ–દેખાદેખી કરવું તે. ઈશ હલાહલ પીધું જાઈ—મહાદેવે ઝેર પીધું તે પચાવવાની તેમની શક્તિ હતી. ઢાંઢા—રોટલીના સાંઠા. કાલિ—મહાકાલિએ. અપેય કલપના—'અમેય કલ્પના' એ પાઠ વધુ ઉચિત થઈ પડે; નહીં માપી શકાય તેવી કલ્પના. મદિ – મદ્ય. સૂનિ—(?) પરરામાં—પરકીય પત્ની. અણુભ્રતી—ભર્તૃ વગરની (?) ભવક્રિયા—સંસારનાં આચરણ. લવ–થોડો અંશ. દાઘ—લાંછન. સર્વસ—સર્વસ્વ. મીઠ–મીઠું, ગળ્યું. વરૂ—પરણ્યું. આપલી—પોતાતણી. પ્રસુતા-માતા.

૨૭૩–૨૭૫ ઠાટ—ડાઠ, ભપકો. શીખાદરી—શીખ + આદરી—બોધ લીધો. ડાંગે ભરી–બડાશથી ભરપુર. પરાણિ [सं. प्राणाः]—બળથી. સરખાવો જુની ગુજરાતીમાં વપરાતો શબ્દ 'સપરાણા'—મજબુત, બલવાન. વનિ–અથડાય. પ્રીયા-પ્રયા (?) છાટ-પથ્થર (?) નવિન રહણી છેદણુ વાટ–નવો આચાર [રહેણી] અને

કાપવાનો [છેદણુ] રસ્તો. (?) અધ્વા નવિ નરહણી...એ પાઠ (?) આણુ જેહ રવહારા રંગ–સરખાવો ભર્તૃહરિનું " स्वयोषिति रतिः " સાપ મરઈ નવિ લાઠી ભંગ—સાપ મરે નહીં ને લાકડી [લાઠી] ભાંગે નહીં.

પૃષ્ઠ ૩૫

૨૭૬–૨૭૮ યુગ પાહલે–પ્રથમ યુગમાં, સત્યયુગમાં. પ્રસાદ—નૈવેદ્ય. કલયુગની પ્રૌઢિ—કલિયુગના મહિમામાં. ગોરી ગોરાપણું ગ્યુ કોઢિ—ગૌરવર્ણની સ્ત્રીનું ગોરાપણું કોઢમાં આવી રહ્યું. નાભ—(?) નભિ–નભમાં–આકાશમાં એમ પાઠ હોઈ શકે (?) દ્વાપર—ચાર યુગોમાંનો ત્રીજો. યુગ ચાર છે: સત્ય અથવા કૃતયુગ, ત્રેતા, દ્વાપર અને કલિ (**નર્મકથાકોષ.**) ત્રયતાયુગ–ત્રેતાયુગ. શીદરા—(?)

૨૭૯–૨૮૧ સર્દ્ધ—સિદ્ધ. ન ભીંજઈ નીર મૃણાલ—ઘોર કલિકાલમાં પણ જલ-કમલવત્ સ્થિતિના હોય. છીલરિ—ખાબોચીઆમાં, નાનકડા તળાવમાં સંધ–સિંહ. સંધ...ગમઈ–સિંહને ખાવાનો સ્વાદ હોય છતાં ઘાસ કદી પણ ન ખાય. વિક્રિયા–ફેરફાર, પલટો. ભાજ–શોભે. સાંભિ–કાટ (?) ચ્યંત–ચિંતા. જુગતુ જમાન–યોગ્ય બાંલધર.

૨૮૨–૨૮૩ અકલીણા—અકુલવાન. સકલીણા—સુકુલવાળા. વાઈ ડુંગર...... હોઇ ?–જો ડુંગરો પોતાની દૃઢતા તજી હાલી ઉઠે તો અગ્નિ [અગન] ને પોતાનું છેદું ભાગતાં શી વાર ? તે જલદી સૌ ચેતાવી ભસ્મીભૂત કરી દે. કાણી [**सं. एकाक्षी**] —એક આંખની. સાતી—સાથીઓ. ધસરડિ–લોસોટો, લીહ. હર્ષચ્યંદ્રિ—હરિશ્ચંદ્રે. ત્રિશંકુપુત્ર અયોધ્યાનો સત્યવાદી રાજા, સત્ય માટે સર્વસ્વાર્પણ કરનાર પુણ્યશ્લોક સત્યવાદી રાજા. અલીચલ—અવિચલ. સગાલ શેઠિ [**सं. सुकाल + श्रेष्ठी**]— ગુજરાતના કવિતાસાહિત્યમાં પ્રસિદ્ધ એ નામનો વૈષ્ણવ શેઠ. પુત્રિ કાજ—ચેલૈયા નામના પુત્ર માટે. સંબરિ—સીબ્રી રાજાએ. અયોધ્યાના આ ચક્રવર્તી રાજાએ બાજના ભક્ષ્ય કપોતને દયાભાવથી ઉગારવા પોતાનું માંસ આપવા તૈયારી કરી હતી. મયૂરકે—મહાભારતમાં પ્રસિદ્ધ મયુરધ્વજરાજાએ બ્રાહ્મણના પુત્રના લાભમાં પોતાના જમણા અંગને કરવતથી વહેરાવીને લઈ જવાનો આત્મભોગ આપ્યો હતો એ ઇતિહાસ મહાભારત અશ્વમેધ પર્વમાં સુપ્રસિદ્ધ છે.

પૃષ્ઠ ૩૬

૨૮૩–૨૮૪ ભાત—ભાથુ, ખાવાનું. પોતાના ખોરાકને ત્યાગો પણ સાથવાળાઓ સાથે સંબંધ ન ત્યાગો.

૧૫ ધનવીશી

૨૮૧–૨૮૪× ઉમારગિ—ઉન્માર્ગે, ખોટે રસ્તે. ગૂધ—(?) નાડીઈ—નાડી. સાડુ-સાદ્ધ (?) ત્રિહુ–ત્રણ. દીજઈ પાટ–પાટલો આપીએ. ખાંડે—ખંડન કરે. વાયસ

× સ્વર્ગ. મણિલાલ વ્યાસે આ વીશીના છપ્પાના સંખ્યાક ૨૮૧ થી ૨૮૪ ભુલથી બેવડાવ્યા છે તે ભુલ સમજુતીમાં પણ કાયમ રાખી છે. આગળ જતાં એ સંખ્યા મેળવી દેવામાં આવે છે. **શંકરપ્રસાદ રાવલ.**

ચહડ(નાં) વઇર—ઘુવડ અને કાગડાનાં જન્મસિદ્ધ વેર. આશ્રયા—લીધા. ભડઈ-લઢે. ભાંડ—વાસણ. કાના—કાંઠલા. અધ્યાતમી—આધ્યાત્મિક. દૂધિ દાધુ……ખાઈ— સરખાવો કહેવત: "દૂધનો દાઝેલો છાશ ફુંકીને પીએ."

૨૮૫–૨૮૭ બલિનઇ મસિ—બલિદાનને બહાને. થઇ સરિ સાધ શ્રી સાધ્ય થઇ. અભિધાન—નામ. અપગાર—અપકાર. આંખિના દૂખણા મૂત્ય વેગલું—અંધાપાનું દુઃખ ને મોતના ઉધારા. આહેડુ—શીકાર.

૨૮૮–૨૮૯ વચાલઈ—વચ્ચે (?) દાધું—'દીધું' પાઠ ઉચિત લાગે છે. આપ વિતું કાજ-પોતાના ઉપર આવેલું કાર્ય. પ્રવાહર્યૂં-પરવાર્યું. પાહિ-પેં,થી, કને.

૨૯૦–૨૯૨ મર્જન-માર્જન, નહાવું તે. વારૂણી-મદિરા. હંસક-હિંસાત્મક, ઘાતી. ઉલાલિ—ઉલાળી. ઝીણું કાંતઈ જૂઆરી નારી—જે સ્ત્રીએ જુવારૂ કર્યું હોય છે તે કરકસરથી સંસાર ચલાવે છે. સુભટઈ-સુભટતાએ, શૂરાતને. અલજુ—(?) નમતી સાંગે નમતી મેરો, હળપુણીએ. ઉદયાચલિ—ઉદયગિરિ ઉપર. વંછુ—વાંછ્યું, ઇચ્છ્યું. વનખડી—વરખડી (?)

૨૯૩–૨૯૬ પનુ—પનો, પીળું. રૌરવિ—રૌરવ નામના નરકમાં. નરક એકવીસ છે. જુઓ **નર્મકથા કોષ** અભલેખા—અભીલાખા, ઈચ્છા. મૂલ નહી……ડાલિ— "नास्ति मूलः कुतः शाखा" એ સંસ્કૃત ઉપરથી. તાર—તારો, તરવામાં કુશલ. લાહ—લાભ. આસ નિરાસી—સરખાવો: "आशाहि परमं दुःखं नैराश्यं परमं सुखम्."

પૃષ્ઠ ૩૮

૨૯૭–૩૦૦ જંત—જંતુઓ. ગોપતિ—ઈંદ્રિઓના પતિ, ગાયોના પતિ, ગોપાલ. અછતામિક—(?) ઉલગ-સેવા. આઈ-માતા. પંજર-પાંજરે.

૧૬ સાધારણવીશી

૩૦૧–૩૦૫ ઢંગ—(?) અનભાવ—અભાવો. સ્વરામા—સ્વપત્ની. અપત્ય—પ્રજા. દ્રાઈ—દરાય, તુષ્ટ થાય.

પૃષ્ઠ ૩૯

૩૦૬–૩૦૯ ઢાઢી-ઢાઢી એ નામની મુસલમાન જાતિ. એનો ધંધો હીંદુઓના ભાટ જેવો છે..ન ગમી—નહીં રૂચતી. અસતી—અસત્યે. વિશસિ—બદલે. ગાઢુ ધાઢુ ગાઢુઉ—'ધાઢુ' શબ્દ માટે સરખાવો:

"અલ્યાં! ગાઢુઓ થઇને શું ગાઢો?" (**પ્રેમાનંદ: નળાખ્યાન.**) કારી—ભયંકર. વિરૂઈ-વિરૂદ્ધ. ઉખધ-ઓષધિ. અંગઉધારઈ—અંગ (બીજી કોઇ પણ મીલકતની બાંહધરી વગર) ઉધારે. ઉઝવુ—(વિધિપૂર્વક સમાપ્ત કર્યું. અનૂકલી —અનુકૂલ. જમલિ-પાસે. રૂસી-રોષે. સાંસહુ-સહન કર્યું.

૩૧૦–૩૧૩ ધ્રુહિ—ધ્રુવજીએ. ધ્રુવજી પહેલા મનુના પુત્ર ઉત્તાનપાદ રાજા અને તેની અણમાનીતી રાણી સુરતીનો પુત્ર, તપ કરી ધ્રુવ [નિશ્ચલ] પદ પામેલો તે. ફુકસ તાંદલા—ફુસકા અને તાંદળા. લંચ-લાંચ. બાઢી-આખરી.

પૃષ્ઠ ૪૦

૩૧૩-૩૨૦ આઘ્રાણુ—સુંઘવું તે. ભવાડયું—ભમાવ્યું. જેતી...તેતી—જેટલું... તેટલું. સુખ ન સાપવાસ ગેહ રહઈ—સરખાવો: " ससर्पे च गृहे वासः " એ સંસ્કૃત કહેવત. સાતે વીસુ—સાત વીસે ક્વાથ—કઢો. તરૂઆરિ—તરવાર. સગાની ગાલિ ઘૃતનાલી-સ્વજનની ગાળ એ તો ઘીની નાળ. નિગમારથ-વેદના અર્થ.

૧૭ યુક્તિવીશી

૩૨૧ આવલિ—આવળના ફોરે.

૩૨૨-૩૨૫ સવાસિણિ-સૌભાગ્યવતી. ધાતિ-ગોઠે. ઉરસ-ઓરસીઓ. ઈંગોરિ -એ નામનું ઝાડ. ઘાસઈ-ઘસાય. વદાથી-કહેવાથી, ઠપકાથી. સૂનઘ-સુના સુના, એકાંતમાં. પાસૂ-પાશ, જાળ. વેડિ—(?) પંકિ પંક—કાદવે કાદવ.

૩૨૬-૩૨૯ શિવા—પાર્વતી. પુહુક-પોંક. દીહુ—દિવસ. આર્દ્ર—ભેજ. ઘોડી લગી પટિલની પાદ્ર—પટેલની પાદર એમની ઘોડી જાય ત્યાં સુધીની.

પૃષ્ઠ ૪૨

૩૩૦-૩૩૪ મોટી ફોર પીયારા રોટ—સરખાવો: પારકે ભાણે મોટો લાડવો. દ્યૂત—દ્યુત, જુગટું. આલિ આવ્યું વેલિ ગયું—એળે આવ્યું એળે ગયું. ઘટ—ઘટે. ચુડી પહિરી—બાયલો થઇ. મા મત્રેઈનૂં—(?) વાનર વીછી ખાધુ યશુ-સરખાવો:

" વાનરડઉ નઈ વીછીઈ ખાધુ, દાહજરિઉ દાવાનલિ દાધુ."

(**જયશેખરસુરિઃ પ્રબોધચિંતામણિ.**)

ભરડા—સન્યાસી. જુઓ આ શબ્દ માટે:

" આણુ દેઈ લક્ષ્મણુ સાંચરિયા, સીતવચનિ વનિ ગઈયા;
ભરડા રુપિ થઈયુ કમાલી મઢી આગલિતાં રહિયા.

(**કર્મણુ: સીતાહરણુ.**)

રીરડી-બુમ. આહડતી-આંથેડતી, બુમ મારતી. પખાણુ-(?) બાંભણડોડી—(?)

૩૩૫-૩૩૮ ઘાતી-હિંસક. ગોલુ-ગોલો. રૂસણું-રાવ, રઢ. મેરાઇઉ-કાગમાંકડી, દીવાળી ઉપર ફટાકા ફોડવા છોકરાં મશાલો કરે છે તે. કહિના બાપ તણી-કોના બાપની. મૃગતૃષણા-ઝાંઝવાનાં જળ. તુઝ-તને અબૂઝ-મોટ, બેકદર.

પૃષ્ઠ ૪૩

૩૨૯-૩૪૦ રાવ—ફરીઆદ.

૧૮ હૃદયવીશી

૩૪૧-૩૪૩ ભુહિપાત—ભૂમિપાત. રાઈ-રાહે. એતાં—એતો. ઉધ્ધરી—ધરી, ખમી. અણુસરી—અનુસરી. શારદાગરણું—શારદાદીક્ષાની દક્ષિણા. નેસાલ—શાળા.

૩૪૪-૩૪૬ સધીન—સ્વાધીન. ભૂકુ-ભુકો, ચુરો. અથા—આથો, કસ. છોરડું —છોકરૂં, છોરૂં.

પૃષ્ઠ ૪૪

૩૪૭–૩૪૯ પીઆરી–પારકે. ડાઢી–દાઢી. બીજાકલિ(?) સુઈ [સં. સૂચિ:]—સોય. કુરા—કોરા (ખોદવાની.)

૩૫૦–૩૫૨ તોખ્યાં—સંતોષ્યાં. કુદાલિ [સં. कुद्दालः]—કોદાળીથી. વહીતરૂ—વેઠ. પરાલીઈ—પોસે. નાડી મૂલી બેડી શ્રમ—મૂલ્ય નાડીનું ને જોર બેડીનું.

૩૫૩–૩૫૫ લોહડઈ—લોઢે. પઢુલિ–પરોળે. ન્યાઉ—ન્યાય. વીજાપરૂ–વીજાપુર અન્યાયને વશ હોવાની કવિની નોંધ હોવી જોઇએ. સોનું નઈ સહરે—સોનું ને સુગંધનો સુંદર મેળ. સરખાવો:

" રામકથા સોનું નઈ સરહૂ સો કવિ સીધર જુડસિ ખરૂં, "

(શ્રીધર : રાવણમંદોદરીસંવાદ.)

પૃષ્ઠ ૪૫

૩૫૬–૩૫૮ મથિ–મથતાં, વલોવતાં. કાલકૂટ–ઝેર. ઝુલુ—લહેરમાં રહે. 'ઝુલવું'ના આ અર્થ માટે જુઓ:-

" વીરમલ્લ વારી જાઉં
—નાં હાથી ઝુલે બાગમાં. "

(ગુજરાતી લગ્નગીતો.)

૩૫૯—૩૬૦ હાથીનો પરિ પેટ પૂરાઈ—સરખાવો: " કીડીને કણ ને હાથીને મણ. " સહિદેશ—સ્વદેશ, પોતાના દેશમાં. વસા–વસેલા. ડાબકપૂર—એક જાતનું કપૂર. ગણુ—ગુણ.

૧૯ વૈરાગ્યવીશી

૩૬૧–૩૬૨ આપિ આલોચી જોઈ—સરખાવો આ સાથે:

" જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના
સર્વ જુઠી "

(નરસિંહ મહેતા.)

સોપાન—નીસરણી.

પૃષ્ઠ ૪૬

૩૬૩–૩૬૫ ભવાડિ—ભવાડાખોર. વઢવાડિઊ—ટંટાખોર. ટીપણું–પંચાંગ. કમુત્ર–ખરાબ. મુતરનો ખત્ર અખત્ર–ક્ષેત્ર અક્ષેત્ર. તરફડાં–તરછોડા. અપમાન. પાગ ખાસડાં—પગના જોડા.

૩૬૬–૩૭૦ મંત્રમઇ શાકિની–મંત્ર સાધનારી શાકિની. ત્રાંબાના–ત્રંબાળુ. ધી–દીકરી. ધ્રુરઈ–કાંપે. ઉથલ્યું–ઉલળ્યું. કહલેડાં–રોટલા રોટલી શેકવાના માટીના તવા. ડીકિરિ–ડીકરાં. કુહુ–કોયલનો ટહુકાર મહુ [સં. मधु]—મધ. ટોલુ (?)

પૃષ્ઠ ૪૭

૩૭૨–૩૭૩ અપદર્શણિ—(?)

મૂર—મૂર્ખ. કૂવાનું ડેડક–કુવાનું દેડકું. રાણું–રાજા. ગામહિટનું ગાડલું–ગામાતનું–સમસ્ત ગામનું સહીઆરૂ ગાડું. બીલી—બીલડી. હારગુન્જ–ચણોઠીનો હાર.

૩૭૪–૩૭૬ માદલ—માદલીઉં. પોથીનાં વિયંગણુ—પોથીમાંનાં રીંગણાં. હૈમ–ઘરેણું. ગયૂ ફૂલ—ફુલી ગયું, ચાલ્યું ગયું. કુપુ–શીશો. ઠબકતાં—ભાંગતાં. ચોખિમ—જોખમ.

૩૭૭–૩૭૯ વક્ષિણુ—(?) જીપૂં—જીત્યો. કંદર્પ માંચ—કામદેવનો ઢોલીઓ. ઉલઇ–ઓળે, હારમાં. અર–અરિ (?) અસુર સહૂવાર–સવાર સાંજે. શુક–વ્યાસના પુત્ર શુકદેવ. શ્રીમદ્ ભાગવતદ્વારા પ્રભુભક્તિ કરનાર ભક્તવર્ય મુનિ. સનકાદિક–સદાને માટે પાંચ વર્ષના રહી વીતરાગ રહેવા ઈચ્છનાર ચાર જોડીઆ કુમારો: સનક, સનત્કુમાર, સનંદ અને સનાતન. એ મહાજ્ઞાની ગણાય છે. કાસલિ–પાપે. વરીષ–વર્ષે.

પૃષ્ઠ ૪૮

૩૮૦ પરીઅટઈ–ધોબીએ. રયણુ–રત્ન. ભોડી માથિ યમ કહિ ફૂલ—બોડકે માથે ફુલ શી શોભા આપે ?

૨૦ લોકપીડાવીશી

૩૮૧–૩૮૩ રોમ [સં. रोमः]—વાળ. વિવસાઉ–વ્યવસાયી, કામગરો. વાંઝણી [સં. वंध्या]—અપુત્ર. તોરઇ—તોરથી, મદથી.

૩૮૪–૩૮૭ સોર–લોહીનું ઉપસી આવવું તે. ભલાવીઉ–ઓઠયું. નીસત—(?) મકાતી [અ. मकातिअ—ઈજારે રાખનાર]—એકહથ્થુ ઈજારો રાખનાર. ભૂતિ–ચઢતી. દાતિ–શુદ્ધિ. ફરમાણ [ફા. फरमान]—હુકમ, પરવાનો. ભાંડણિ–ભાંડની સ્ત્રી.

પૃષ્ઠ ૪૯

ગુડા—ગુદા. વુલાવા—રખેવાળ.

૩૮૮–૩૯૦ દીવાણુ—દીવાન, વજીર. કાઠિ કાઠ–લાકડે લાકડું. અણાથિ–અનાથ, દીનતા. શવકાહિનઈ–સૌને. આમલઈ–વળે, આમળે. શીદાણા–દુઃખી થયા. વાટલીઈ—વાડકીમાં.

૩૯૧–૩૯૪ બંદા [ફા. बदह]—ચાકર, ગુલામ. લૂગડ–કપડાં. આકુલ્યા–દુઃખી. મુખતેમીર [અ. मुखतार—સત્તા આપેલી હોય તે + ફા. मीर, અ. अमीर]—મુસલમાન રાજા, અમીર, ઉમરાવ. કોટવાળ–કીલ્લેદાર. હનગંત–અંજનીનો વાનરપુત્ર. વિગતવાર વૃત્તાંત માટે જુઓ **નર્મકથાકોષ** લેખૂ—સાખ, હીસાબ. ખાંચ–ખાંચો, વાંધો. મકિર [અ. मक्र–દગો, ફરેબ]—દગો. ખોજે–તપાસે. ખોલાધર–કબુલત આપનાર. નીઠેઈ–નીઠે, ઓછા થયે. પાસઉ–પાસો. દાઉ–દાવ. દ્રામ–નાણું. યમઈ [સં. जामातृ]—જમાઈ. મહુ–મોં. દ્રુઢણુ—(?) ગૂત—(?)

પૃષ્ઠ ૫૦

૩૯૫–૩૯૭ મહિતઇ [સં. महत्]—મહેતે, પ્રધાને. ગલી–પાઠાંતર 'ગુલિ' સ્વીકારી–ગોળથી. કાઢાઊં–કોઢીયું (?) ઈલતિ ગઇ આદિતિ નવિ જાઈ—(?) ઉછલ–ઉછાંછળાપણું (?) કોટિ કળા રતન બાંધીઉં—અસ્થાને યોગ્ય વસ્તુ આપી. આ સાથે સરખાવો:

" લાખ લોક ઇમ બોલિ વયણ વાવસકોટિ બાંધુ રયણ. "

(જ્ઞાનસાગરઃ શ્રીપાલરાસ.)

૩૯૮–૪૦૦ શહેલાની [અ. सयर्—ચાલવું]—સહેલાણી, મોજ. ગારડી–મદારી. કણુ · પાહિ–કણપે, કણુયો. માપ–પ્રમાણ. ઝલા—(?) માતી—(?) પડલ–પડદા, છારી. સહાલ—(?) મીન મેષ વિચાર ન કીધ–આ કે તે જરા પણ વિચાર ન કર્યો. વાઇ–વાએ. પાય–રક્ષણ કર. સાર–મદદ. સેવકહિ–ભક્ત. 'હિ' માત્રાપૂર્તિનો છે.

૨૧ કૃપણુવીશી

૪૦૧ રાઈ–રાજા. કરઈ કિશું સોનાની છરી—સોનાની છરી પેટમાં મરાય ? મસીત [અ. मस्जिद—માથું નમાવવાની જગા]—મસ્જીદ, મસીદ. પરાભવ–હાર શેખ [અ. शय्ख—વૃદ્ધ, સાહેબ, મોટો પંડિત]—મુસલમાનોની એક જાત.

પૃષ્ઠ ૫૧

૪૦૨–૪૦૪ વેધીઉ—કાપ્યું. પાકું પાન–વૃદ્ધાવસ્થા. પાન પાકું થયે ખરી પડે છે. લાંપ—(?) ઝાંપ–ઉંઘ. સાથરૂ–સાથરો, પથારી. દોરૂ–દોરો. ડાંડુ–સાંઠો. ગરથ વાવરૂ–પૈસા ખર્ચી વશ કીધા. તરકસ [ફા. तीर्कश—તીર રાખવાનો ભાથો. કશીદન—ખેંચવું ઉપરથી]—તીર રાખવાનો ભાથો.

૪૦૫–૪૦૭ સોર–અવાજ. પેખણુ–તમાસો. માંડયા મોર–કવાયલ મોર. હાસૂં–(?) મેધી–બુદ્ધિ [સં. મેધા ઉપરથી] શવકહિ–સૌને. હસાંમણી–હસારત, મશ્કરી. આઈ [મરાઠી]–માતા. આલસુ......સર્યા–ગરીબાઇને ઘેર ઝાઝી પ્રજા ઉભરાય છે.

૪૦૮–૪૦૯ બેલ–બળદ. નાલિકીર [સં. नारीकेलः]—નારીએલ. તુલડી–તોલડી, વટલોઇ. ઝિરઇ–ઝરે, વૃદ્ધાવસ્થામાં આંખે પાણી ઝરે. ખીસુ–ખસો. નીલજનુ–નિર્લજ્જનું. પ્રાશ [સં. प्रायशः]—સામાન્યતઃ

પૃષ્ઠ ૫૨

૪૧૧–૪૧૪ વાણુત્ર–વાણોતર, ગુમાસ્તા.* ભુક્ષક–ભીક્ષુક, માગણ. વ્યાઈ હુઈ–વીઆઈ, જન્મ આપ્યો. વેદન–પ્રસવવેદના. બાકલા–ઘુઘરી, ટોઠા. અપહાર [સં. उपहारः]—ભેટ. સુનહાર–સોનાર, સોની. ભાંતિ–ભાત (?) ખાંતિ–ખાંત, ખંત. મુંડા—(?) સાથેરિ–સાથરી. મહી–મદથી.

૪૧૫-૪૧૮ આંબિલિ-આંબલી! ખાટા મૂલી-ખાટી ને કીંમતી. તિન્હરઇ-તે વારે, ત્યારે. માતા-મદમસ્ત.

પૃષ્ઠ ૫૩

૪૧૯-૪૨૦ ભાઉ—ભાઈ.

૨૨ યોગાવિડંબનવીશી

૪૨૧-૪૨૩ માલુ—માળો. ભાગુ મોતી પછઇ નવી જડઇ-ગયું મોતી ફરી હાથ ન આવે. લાઈ-લગાવે. ડાઢિ ચાંપી-દાંત કચકચાવીને. વરતઇ-કોસ ખેંચવાનું દોરડું. લોહકાર-લુવાર. ખડખડી-ખખડાવે, ઘડે.

૪૨૪-૪૨૬ પરવાર્યું-ખુટ્યું. ગુખલ—(?) હલુ-હલ્યા. કરીય્યુ-હાથથી, પોતાની મેળે.

પૃષ્ઠ ૫૪

૪૨૭-૪૩૦ વિનાંણુ-વિનાશ. ખાંડાની ધાર-તરવારની ધાર, વસમે રસ્તે. તીનું-તીક્ષ્ણ. હૂંડ-હુંડું, નાનું. ધસરડી—લીસોટો.

૪૩૧-૪૩૪ સોહલુ-સહેલું. દિધડુ-દેધડો. નાભીઇ-ઠલવે. જડૂં-જડ, ચુની. સીઝ—સીધ્યું, સફળ કર્યું.

પૃષ્ઠ ૫૫

૪૩૫-૪૩૭ નિસાતુલીયાં—(?) ડુલ—ડોળ. ખુલ—ખોળ. ઘાતઈ [સં. हन्] -નાશ કરે. આગિ—આગ. સાતી—સાત્વિક. કુહ્યું ક્રિયાણું—કોહલું કરીઆણું.

૪૩૮-૪૪૦ વાઉ [સં. वापिः]—વાવ. કોરર—(?) કંકોડી-કંટોલીનો વેલો. કુચા પોથી—પોથીના કુંચા, થોથાં. અગ્યારા ગિણુઈ-નાસે. બાંભણુ [સં.बृह] —બ્રાહ્મણ, બંભ. કંથા-ગોદડી. વિકર્મ-ઉલટાં કર્મ, પાપકર્મ. વિગોવાં—નિંદ્યાં. વાતે વંટયા-વાતને વાયરે ચઢયા.

૨૩ ભૂતભાવનાવીશી

૪૪૧ મોતીની ઘુઘરી-મોતીના ટોઠા. સાબ્ર — (?) કાઠતણી તુલડી-લાકડાની તોલડી. દેવદાર—દેણુદાર.

પૃષ્ઠ ૫૬

૪૪૨-૪૪૫ ખમણા-નગ્ન બાવાઓ. રસઈ-ફાવે. ચરિત-ચરિત્ર, ફેલ. પેખણું-નાટક, તમાસો. સાંડુ—?ાડું (?) આંબાવાડઇ-અમરાઇએ. થોહર-થોર.

૪૪૬-૪૫૦ ફાર—(?) આર—પરોણો. ઠીવણાપાલ—ડંઠણુપાળ, ખીસ્સે ખાલી. મદનવિલાસ—કામભોગની આસક્તિ. કુકરની-કુતરાની. લાલ—લાળ. ચુટયુ-ચોંટલી ભરી. ' કુડા નેસાલીઆ ' પાઠ ખરો હવો જોઇએ.—અક્કર્મી નિશાળીઆ. વતરણા—લેખણ. તાપણહાર—તપાડનાર. મૂડ ઘાલી—મુઠ્ઠી ઘાલીને.

પૃષ્ઠ ૫૭

૪૫૧–૪૫૩ આનૂં પોતૂં–આવ્યું મળ્યું. નાવિનૂં–[સં. नापिकः]—હજામનું ઠાંભ–ઠામ. બ્રહ્મકંચિ–બ્રહ્મહત્યા. છૂડ–ચૂડ, મસ્તક. કહિભાગ્યા સવિ ભરૂઅચિ ઠાંમિ–કહે છે કે ભાગ્યું ભાગ્યું પણ ભરૂચ. લાટદેશની એ પ્રાચીન રાજ્યધાનિ હજી પણ ત્યાં જનારને નિર્વાહ આપી શકે છે તે ઉપરથી કહેવત ચાલુ રહી છે. ગોવડિ—(?) સરેહ–સંરે (?)

૪૫૪–૪૫૮ તેજી–ઘોડો. તાજણું–ચાબુક. જુઓઃ " તીક્ષ્ણ નેત્રનો તાજણો " (**ભાલણ.**) અવિધિ–વિધિ બરાબર કર્યા વગરનાં. પ્રણામ–પરિણામ. પાર્શ્વનાથ—જૈનોના તીર્થંકર. પતીજુ–આફીન. બૂંબ–બુમ. ' બુંબડી ' પણ જુના ગુજરાતીમાં વપરાય છે. મંનસ્વા–મનસ્વી (?) અથવા ' મનખા ' એમ પાઠ લઇએ તો (?) મીની મહુ ઘાધશું કાજ–ઓલાડીની હિંમત ને વાઘથી કામ પાડવાનાં. ઝાંખરૂં—કાંટાનું જાળું. ઉતાર—ભાડું.

પૃષ્ઠ ૫૮

૫૫૯–૫૬૦ ચેન–ઢોંગ. ચાળા.

૨૪ શરણુવીશી

૪૬૧–૪૬૫ અરિપરિ–અર્હાંતહીં. ' અરાંપરાં ' શબ્દ પણ વપરાટમાં છે. નીહલી–નીહાળી. અલૂણી શલી–મોળી સળી. શરણાગત પાસે જતાં પહેલાં રસ મોળો લાગે. આસાધરનું ડાંડુ–આશાવંતનો આધાર, લાકડી. વિહગલ–ઓળી બુદ્ધિનો (?) ફોફલીઆનાં–ગાંધીનાં ફોફલ [સં. पुंगीफलं]—સોપારી. કુલની સીમ–કુલ મરજાદ [અ. दिमाग, दमाग—મગજ, गर्व]—ગર્વ. સરખાવો ' ડોળદીમાક ' એવડો શબ્દ. આંત્રે–અંતરની, આંતરડાની. અપૂરવ–જેના પહેલાં કોઈ નહોતું એવા હરિ. કૂર દાલિ–ચોખા અને દાળ. કાચરી–કોઠીંબડાની કાચરી (?) પાજ–સેતુ, પુલ. હીંગલાજ–હીંગલાજ દેવીનો પંથ યાદ કરે છે. કચકચ–ધાંધળ. યુગતિ–યુક્તિ. સુરતાણુ–દેવરૂપી ત્રાતા, રક્ષક. અણીના–ખરે વખતે. માંકડચે કુલિ–વાંદરના કુલમાં. બાંહ લગુ–હાથ સાહ્યો, શરણાગત લીધી. પાધરિ પાતશાહ–સીધા–એકમાત્ર–શહેનશાહ–પ્રભુ. સાંસિતાના–ઠંડાના. પ્રાસાદ–મહેલ.

પૃષ્ઠ ૫૯

૪૬૭–૪૭૦ દેહલ [સં. देवकुलं ઉપરથી]—દેવલ. શરણિ–શરણાગત. કોદરે શલુ–કોદરાને વર્યો જાય છતાં સળો નથી લાગી શકતો. કોહલાં–કોળાં. તુઅતારા. સૂત્રધાર યમ બાઉલિ દૃષ્ટિ–સુતાર [સૂત્રધાર]ની નજર બાવળીએ [બાઉલિ સં बवुलः ઉપરથી.] નેકુલનઈ–નકુલને (?) વૈશલ (?)–લોટીઆ—લોટા વેચનારા વહોરા. શરણ વિરાજન–શરણ શોભા.

૪૭૧–૪૭૪ અધરણી–સીમંત. છીયામણું–છાયાપણું. મૂં–મારૂં. બારે વરસે

ગોદાવરી–દર બારમા સિંહસ્થ વર્ષે થતી ગોદાવરી યાત્રા. વીગ્ર–વ્યગ્ર, સચેત. આકુલ્યુ–અકળાયું. ભીંજ–ભીંજેલા, ભીના. ગિરુક–ગરવું, મોટું. ગુઝિ–ગોતી. સમધરી––સમુદ્રે.

પૃષ્ઠ ૬૦

૪૭૫–૪૭૭ મહાતમ [સં. माहात्म्यं]– મહત્તા. બહિની [સં. भगिनी] ––બહેન. ઉઠિ......તેતલા––હારી થાકયાનો જવાબ. કોડાણી–કોડભર્યો, હોંસીલા, નુધ્ધરઈ–નોંધ રહે (?) છવી [સં. छविः]—ચિત્ર. બગઈ બંધ–બકવામાં બાકી. ઉડણુ–ઓડણ, બળદના ઓડા–હોડા.

૪૭૮–૪૮૦ લાંપાનાં રાજ–લવારીખોરોનાં રાજ્ય. દેઉલે–દેવના. તંબોલીઆ તાલ–પાનમાંના કાથાચુનાના સંજોગલાભ. નીમ–નિયમો, વ્રતો. ખીલઈ–વિકાસ પામે. સવિજનઇ–સિંહને. ' સાવજ ' શબ્દ સામાન્યતઃ પશુના અર્થમાં વપરાય છે. પ્રેમાનંદ સિંહના અર્થમાં એ વાપરે છે. બંને અર્થ માટે જુઓઃ

(૧) " રામ રોઅન્તાં રોયૂં વનઃ રોયાં પર્વત શૃંગ;
રોયાં સાવજડાં વનિ અનઈ કુરંગી કુરંગ. "

(**કર્મણ: સીતાહરણ.**)

(૨) " સાવજ થાયે ગાભરો, ભયથી નાશી જાય;
વનદેવી મને ઝાલશે, પશુ ઘણાં કંપાય !
વૈદરભી વનમાં વલવલે. "

(**પ્રેમાનંદ: નળાખ્યાન.**)

શું કરશિ......બાચોલીઆં પથ્થાસંઘ તણાં–રસ્તામાંનાં ઝાઝાં નબળાં બચ્ચાં સિંહને શું કરી શકશે ? ઉલગૂં–સેવ્યું. શરિગત્–સાહાય્ય કરનાર. જુઓ:

" તાપ કુંવર નહીં આણીએ રતિ, સુખ દુઃખનું કો સરિગત નથી. "

(**કાલિદાસ: ધ્રુવાખ્યાન.**)

કટકઇ––કટક, લશ્કર.

૨૫ સેવાવીશી

૪૮૧ કણુકાણિ કહુ–ખખડાવી ખખડાવીને કહું છું. છાંણુ છાંદવું–છાણના લોંદા મારી ઠીક કરવું. વિલાપિ–વિલાપ કર્યા થકી.

પૃષ્ઠ ૬૧

૪૮૨–૪૮૫ દશિ મુહાડિ–દસ મોંવાળા રાવણે. ગાંટીપણુઈ–ધણીપણે, પ્રભુપણે. મરડી–ચોળી નાંખી. વિધિ–ભાગ્યદેવીએ. ઉવટિ–ખોટા માર્ગે. ઈહાથ્યા–અહીંથી. સૂં હુઈ–શું થયું ? બારઈ કાંચિ વિણુ ભોગવિ–" બાર કાંચી વિષ્ણુ ભોગવે " આમ અર્થ ઘટાવાય (?) આંખિ વિસ એ મહાવિખી કહઇ–જેની આંખમાં વિખ એ બીજામાં મહાવિષ જુએ. વિવસા પસંગ્રિ–વ્યવસાય પ્રસંગે, સંસારની ગડમથલ કરતાં.

તેહજ ચડઈ—તેજ શ્રેષ્ઠ છે. રીસં—રીસાવાથી. ક્વો [સં. क्वाथः]—કઢો, ઉકાળો. ચમણ પીયારૂ ન પીયારૂ પેટ—જમવાનું પારકાનું હોય પણ પેટ તો આપણુંજ માટે વિચારીને જમવું. ધરટીનઈ મુહુવાસુ ન થાઈ—પટીને મોંનો રોગ [મુહુવાસુ] ન થાય. એ તો દજ્યાજ કરે. અવગાહિ—નહાય. અવની......જના—સરખાવો આ સાથે:

"એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પુજે દેવ;
નદી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન."

(અખો.)

મગતિ મગતિ—મુક્તિ મુક્તિ. ઉપલતી કુલ કિહાં ગિણૂઈ ?—પરણવાને સજ્જ થતી [ઉપલતી] કુલ—અકુલની શી. ગણત્રી કરે ?

૪૮૬–૪૮૯ પાંચઈ—પાંચે. નૂઉ—નવે. સોનાની કલા—સોનાની કારીગરી. સરખાવો:

"सर्वे गुणाः कांचनमाश्रयन्ते ।"

કાથુટિ—(?) કાઢયું—ચોર્યો. વિસણુિઆ—વ્યસની. ચંગ [સં. चंगः એક પ્રકારનું વાજુ]—વાજાં. કાચ......તંત—કાચના દેવ ને મીણના દોરા (જનોઈ) આમ અર્થ સંભવે (?) ભૂલુ ધણુ અહિરાણુનઈ લાગ—એરણુ ઉપરનો લાગ ઘણ વીસર્યો, જોઇએ ત્યાં અને ત્યારે મોટો હથોડો [ઘણ] ન માર્યો. આવઈ શવે તલાવઈ ભાર—બધો ભાર તળાવાને આવે. ચોકીઆ ગાડાના ચાર બળદોમાંથી આગળનું તરીલુ ખેંચનારા બળદોને ભાર વધારે આવે. વિષ્ણુ સકળ ભાર વહનાર અગ્રપદે છે. થડાં—થડ, વૃક્ષનો મધ્યસ્થ ભાગ. ખાખરઇ—ખાખરે, પલાશે. મૂલિ—મુળમાં. છાલી—છાલ (?) પોષ-પોષણ (?) શધે—સિદ્ધોએ. સોધીજા—શોધ્યું.શબ્દ કર્યું.

પૃષ્ઠ ૬૨

૪૯૦-૪૯૩ અર્ક તુલ—આકડાનું રૂ. અનેક્ય—અનેક. સિધુતર—વધારે સીધા. સાંદરીઈ—(?) માલવિ—માલવે. ભાગી ભૂહિ છાંડવી સોઇ—જે ભૂમિ વેરાન થઈ તે છોડવી જોઇએ. ધલહર-બળદ. મૂલવવા—કીંમત અંકાવવા. બળદ પળોટાયા પછી દરેક વર્ષ એક એક વધુ ધળનો કહેવાય છે. ગળીયું ઢાંઢું—બેઠક કરી દેનાર ઘરડો બળદ. સરખાવો આને મળતી અખાની વાણી:

"ઘરડા બળદને ઘાલી નાથ." (**અખો.**) વહિકલઈ—વેંકગો, ઝરણું, વલી વલી શું ગુરૂ પામીઈ?—ફરી ફરી ગુરૂ પામીએ ? વીન્હા ગ્યાં મુટ કયાં બાંધીઈ?—વિવાહ વીત્યા પછી મોડ ક્યારે પહેરવાનો હોય ?

૪૯૪–૪૯૮ તારણુપાજ—ભવતારણના પુલ. કહુએ કોઠીબડે કાજ—કાર્ય કડવે કોઠીબડાંથી લેવાનું રહ્યું. ડાવઈયમણું—ડાબાજમણી. અણુપ્રતીતિ—અવિશ્વાસે. સીંગાઢોર—શીંગડાળાં જાનવરો. ખડખડતી પાડી—તરતજ. ઘાટાં—ઘાડવા [સં घटः ઉપરથી]. દમ્યાં—દુઃખી કર્યાં. ગાભ—ગર્ભ. ત્રાગુ—હઠીલાઈથી લાંઘ્યા. દીર—(?) ધ્રામાણિ—બે મુખવાળી સાપની જાતિ, ધામણ. તાવિત [અ. તઅ્વીજ—માદળીયું]

—મંત્ર કે આકૃતિ પાઠી ગળે યા હાથે બાંધે છે તે માદળીયું. ધીંગ અહંકારી-ગાઢા ગર્વિષ્ટ. ઓટિગ—(?) હુંસા-હિંસા. કાપરતાં ઉંટ-ગાંગડતાં ઉંટ (?) કપરાણી—(?) વાંસઈ-વરાંસે. કાબરીઆં—કાબરા બળદ. રશિઈ-રાસે. ઠુઠુ-દોડા. કારિ—કારણે, છેડે. કાલીંગડાં-તડબુચની એક હલકી જાત.

પૃષ્ઠ ૬૩

૪૯૯-૫૦૦ વર્તકાજલી નણદ રૂપહુણી-"વર્તકાજળી નણદ પરૂહુણી" એમ પાઠાંતર ઠીક થશે. કાજલીવ્રત ગુજરાતી સ્ત્રીઓમાં પ્રચલિત છે. કાજલીવ્રતને સમયે નણંદ જેવું માનીતું મહેમાન. આય પ્રમાણિ-તાકાતના પ્રમાણમાં. સોગ ઉવલ્યુ—"સો ગઉ વલ્યુ" એ પાઠ ઉચિત લાગે છે. શંજમની-સંયમી. ઉસી-'હુસી' શબ્દ જોઇએ. સાલ—સાળ, ચોખા (?) પરીઅટ-પર્યટન (?)

૨૬ અપદર્શનવીશી

૫૦૧-૫૦૫ અલતાનુ રંગ [સં. अलक्तः]—અળતાનો લાલ રંગ. સ્ત્રીઓના પગે મેંદી મુકાવા માંડી તે પહેલાં અળતાનો ઉપયોગ થતો. મેંદીનો ઉપયોગ ઈસ-લામ યુગના સ્થપાયા પછીનો છે અને તે મુસલમાનોને હાથે દાખલ થઈ છે. વાગુલિ ચાવ્યાં-એટલાં બધાં ચાવ્યાં કે વાગોળવાની ક્રિયા શરૂ થઇ. ક્ષેપવિ [સં. क्षिप्]—ફેંકાવી. અલૂણિ રાબ-મીઠા વગરની રાબડી. તનુ તેખઇ-શરીરને સહન કરાવીને [સં. तिज्-સહન કરવું ઉપરથી]. તડઈ-મારે, દમન કરે [સં. तड्-મારવું ઉપરથી]. પાવૈનઇ—હીજડાને. એ શબ્દ માટે જુઓ:

"ધાડે કષ્ટે હું તવ રોઈ, ભીષ્મ દ્રોણ રહ્યા તે જોઈ;
વિઠ્ઠલ! વાહારે નાવા ધાઈ પાવઇઆ થયા એ પાંચે ભાઈ."

(ભાલણ : કૃષ્ણવિષ્ટિ.)

પાહનુ—પાનો, શૂરાતન. ઉપદર્શનિ—ટીકાઓમાં. સંથ-સંત. વેદારથી-વિદ્યાર્થી કે વેદાર્થી-વેદમાર્ગાનુયાયી (?) પડી-પડીકું. વરતણ-ખર્ચ. દાઢા [સં. द्रंष्ट्रा]—દાઢ. રીજન-રંજનાર્થ. રોઝ-એ નામનાં જંગલી પશુઓ. ગોઝ-ગુપ્ત વાત.

પૃષ્ઠ ૬૪

૫૦૬-૫૦૯ ગહિગહ્યું—પ્રખ્યાત થયો. ઢીંકણિ—ફલાણી (?) ઝોટ-ઝોટડી, ભેંસ. નાની ભેંસને ઝોટું કહે છે. પરભા-સ્પૃહા (?) લોટ-(?) અવધાઇ-અવધ કે ન ધારેલી? આવટી-ઢાંકી. બહુલઇ માસિ-સ્થૂલ માંસમાં. ટાર-'ઠાર' પાઠ (?) ફુડી-ફોઢી. બૂચૂ-નાક વગરનો. રાત-હન્નમ. અવહિ-અવધિ. નારેલ-નારીએલ. ભ્યંન્ન-ભિન્ન. સસા [સં. शशकः]—સસલું. ઊવટ—કુમાર્ગ. કાલાની-ખોટાની. રાહાડિ-રાઢ, રઢ. છૂદ.

૫૧૦-૫૧૪ કાણીયા-નુકસાન. ખોહ-ખો. ખીજ-ખોટું. ત્રાંબા દેખી પડે વીજ-વીજળી અને ત્રાંબાનું આકર્ષણ લોકપ્રસિદ્ધ છે. સીમ લોપી-મર્યાદા ઉલ્લંઘી.

કાગ કોદિલિઇ પાડયુ તીમ-શીઆળ અને કાગડાની (કોયલની ?) લોકપ્રસિદ્ધ વાત. ભાલવી-સાચવી. નાંખ્યા લીમ ભમઇ આકાશ-ભીમે ઉછાળેલા અને ખલાઇ રહેલા હાથીઓનો મહાભારતમાંનો પ્રસંગ. રાચ-ખુશ થાય. જે પાલણેઇ ન રોયાં સાચ-ઢોંગી, હરામખોર બાલકો પોઢીઆમાં પણ ખરૂં રોતાં નથી. ઉપમારગ-ધાર્મિક ફાંટાઓ, નાના વાડાઓ. કલકલતું-ઉનું ઉનું, સરખાવો ' ખળખળતું ' શબ્દ. અનેરૂ કહુ અનેરૂં કરઈ-બોલે કૈં ને કરે કૈં. [સં. अन्य]. બડચક-બટકું બચકું. નીસાતરઇ [ફા. निशास्तह-ઘહુના સત્વમાંથી હલવો બનાવવો તે]—ઘહુના હલવામાં. હડી-હેડ (?) ચાંદણ ગોહ-ચંદન ઘો. દુબલી ન ખમઈ બિ આષાઢ-બે અષાઢની વર્ષાદની એંચ બેંસ [દુબલી] ન સહી શકે. અરહટ-કુવો. સહાવડું-ભલે. બ્હાખઈ-દુઃખે, છોહરૂં-છોરૂં, છોકરૂં.

પૃષ્ઠ ૬૫

૫૧૫-૫૨૦ વિમાનઇ-અપમાન. ડંબારિ-દાંભિકતાની આશા. ગાંઠીઉ-ગાંઠીઓ, ગાંગડો. જાતિદીપકા શ્રાદ્ધ—જાતિ દીપકાશ્રાદ્ધ (?)—અર્થ સુગમ્ય નથી. સુધાનઇ સૂ ગૂંધ શૂં કરઇ—' સુગુધ-સુગંધ ' એમ પાઠ લેતાં અમૃતને સોડમ શી જરૂરની ? એમ અર્થ પ્રતિપાદન થાય. વાલવઈ [સં. वल्लभः]—વહાલમે, વહાલે, પ્રભુએ. પાચવિઇ-પચાવે. બિલિ (બલિ-પ્રત્યેક દરે. નઇ પાઇઉ-' નિપાઈઉ ' પાઠ લેતાં-ઉપજાવી. હોઠ ગોઠ-મોંની વાત, અંદરની જુદી હોય તે. કાજી [અ. काजी —હુકમ કરનાર]—ન્યાયાધીશ. વેદાંતી-વેદાન્તમાં શ્રદ્ધાશીલ. નવાણુ એકોત્તર નહીં નવાણું એકોતેર નથી, નવાણુંજ છે, એક દઢ સત્ય. અવધારિ-વિચારી. છાંણુ-છાનું (?) અરહટ નઇ ઘટમાલ [સં. अरघट्टघटिका]—કુવાની રેંટમાળ. જડુ-જડયું, લાગ્યું.

૨૭ જીવનવીશી

૫૨૧ બિ સંધ્યા રીઝાવુ ભાંણ—બન્ને સંધ્યાઓની સૂર્યોપાસના [સંધ્યા] કરી. જીવીની-જીવન, આત્મા.

પૃષ્ઠ ૬૬

૫૨૨-૫૨૪ વસ્ત-વસ્તુ. વાનપ્રસ્થ-ત્રીજા આશ્રમનો મનુષ્ય. સહુણઇ [સં. शून्य]—સુના. પરચર્યા-ચાકરી. સાથરઈ-પથારીએ. સંન્યાસી-ચોથા આશ્રમે ઉભેલો. સંન્યાસીનાં લક્ષણ માટે આ છપ્પા સાથે સરખાવો:

> " काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः "
>
> (ભગવદ્દગીતા.)

વિણસીઇ—નાશ કરે.

૫૨૫-૫૩૦ પરમહંસ—સદ્દગતિની અંતિમ કક્ષાએ પહોંચેલો જીવાત્મા. ચ્યંતન-ચિન્તન. છીપ્પઇ-મટે. સુરાભાસ-દેવનો આભાસ, ઉપર ઉપરની પ્રભુભક્તિ. અવધૂત-સંસ્કાર ખરોડી નાંખી બેદરકાર થયેલો યોગીનો જીવાત્મા. પૂત-પવિત્ર.

અવિસન—અવ્યસન. જનક-જનક વિદેહીઓ, મુક્ત જીવીઓ. કલા માત્ર-જરા પણ. અમૃતવિષ દાહસીત-વિવિધ પ્રકારનાં દ્વંદ્વો. પ્રતિપાલ—રક્ષક. અણુકીઇ—અનેક. પરધ્યાન—પ્રધાન. પતિસેવા-રાજા પ્રતિનો પ્રધાનનો સેવાધર્મ. લોક સખી ['સુખી' પાઠાંતર] સ્વામીની દેહ—પ્રજાનું સુખ અને રાજાનું દેહરક્ષણ એ પ્રધાનનો ધર્મ છે. ઠાકરિ વ્રત-ઠાકોર—રાજા પ્રતિનું પ્રધાનનું વ્રત. અવસરિ આવિઈ—સમો આવે.

પૃષ્ઠ ૬૭

પ૩૧-પ૩પ નારિ......પાર—સ્ત્રીની પતિ તરફની ભક્તિ એમાં એના સ્ત્રી ધર્મની સીમા વેદોએ [શ્રુતિ] બાંધી આપી છે. ખોડિ—(?) મૂરતિ-પતિની મૂર્તિ. તન દાખીઈ-શરીર બતાવે. વૈશ્ય-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણમાંનો ત્રીજો વર્ણ. વારૂ-સાથી. પ૩ર મા છપ્પામાં વર્ણવેલા વૈશ્યધર્મ સાથે સરખાવોઃ

" पशुगोरक्षवाणिज्यं वैश्य कर्म स्वभावजम् "

(**ભગવદ્ગીતા.**)

પ૩૩ મા છપ્પામાં કવિ શુદ્રધર્મની સીમા બાંધે છે. વેદ વિના—શુદ્રનો વેદ પરત્વે અધિકાર નથી. બ્રાહ્મણ વધણ પ્રમા કરિમાનિ-શુદ્રને બ્રાહ્મણનાં વચનો પ્રમાણ [પ્રમા] કરી માનવાનાં છે. સંપતિસાર—સંપત્તિ અનુસાર. આતિથ્ય આવ્યું ધરિ હરિ પેષીઇ-ઘર આતિથ્યે આવનારને હરિ રૂપે જુએ. સરખાવોઃ

" अतिथि देवो भव " (ઉપનિષદ્)

પ૪૪ મા છપ્પામાં પુત્રધર્મનો નિર્દેશ છે. મિત્ર પરિ પિતા-ઉમરે આવેલા પુત્ર ને પિતાનો સંબંધ મિત્રસંબંધ છે. તનતોષિતા-શરીરનું પોષણ કરનારી સરખાવોઃ

માડી ! પહેલાં નમન તમને સર્વથી,
ફેડી જાતને કીધાં જતન રે;
આપ્યો અનુભવ પ્રેમ સુકાનનો
સાથે આવો તો સગપણ જાણીએ હોજી !"

(**મણિલાલ દ્વિવેદી: આત્મનિમજ્જન.**)

ભલાવિઉ—સુપ્રત કીધી. પ૪પ મો છપ્પો મુનિમ [વાણુત્ર] નો ધર્મ આલેખે છે. વીસારી—વિશ્વાસ. જીવ સમાનિ લક્ષ્મી—શેઠના જીવ સમાણી પ્રિય લક્ષ્મી. વણસીઇ-વણસે, નાશ કરે.

પ૩૬-પ૩૮ મંત્ર પશુપતિ ખટઅક્ષરી—" ॐ नमः शिवाय " એ છ અક્ષરનો શિવ [પશુપતિ] નો મંત્ર. હરહરિ-મહાદેવ અને વિષ્ણુ. ઈશ-મહાદેવ, પરમેશ. સાંખ્ય-જ્ઞાન. વિષ્ણુ ઉદ્દેશ-વિષ્ણુને લઇને. સાખીભૂત-સાક્ષીભૂત, પ્રત્યક્ષ જોનાર એવા. ઉતપિત—ઉત્પત્તિ. એકઇ જંત મ પીડા દઈ-આ થોડાજ ઉચિત શબ્દોમાં કવિની અહિંસકવૃત્તિ અહીં આલેખાઈ છે. મંત્રાધાર-મંત્રોને આસરે. શ્રૂત્ર-સૂત્ર, ટુંકાક્ષરી વચનો. તનુ પોષિ-શરીરયાત્રાએ તો છેકજ દીનતાનો ધર્મ છે.

પૃષ્ઠ ૬૮

૫૩૯-૫૪૦ સેજ-જાત. વિલાઈ લાખિ-લાખો મનુષ્યોમાં ધર્મ વિલુપ્ત થયો છે.

૨૮ ચંદનચીશી

૫૪૧-૫૪૪ વમી-ત્યાગી. યમી-જેમ. વેચઈ ફિરી-વધુ કીંમત આવે તો પ્રથમ વેચાણ રદ કરી બીજી વાર વેચે. ગંદન બાલી કોયલા કરી-સરખાવોઃ

" મૂરખુ કોઇ છઈ ખરઉ ગમારૂ સુકડિ બાલી કરઈ છારૂ. "

(વસ્તિગઃ ચતુર્ગતિ ચઉપઇ)

બ્રહ્મસૂત્ર-બ્રાહ્મણનું ઉપવીત. કલા-ચતુરાઇ. શુકિ-શુકદેવમુનિએ. બેડી પારિ-બેડો પાર.

૫૪૫-૫૪૭ સૂષ્ટ-સૃષ્ટિ. બાહરિખલુ-બહારખલુ, બહારનું. અસ્તિ [સં. अस्थिन्]—હાડકાં. અન્નપૂર્ણા—અન્ન પુરનારી દેવી.

પૃષ્ઠ ૬૯

૫૪૮-૫૫૯ ઉપાસી-સેવી. રદા [સં. हृदयम्]—હૃદયે. આપ ઉધરૂ—આત્મોદ્ધાર કર્યો. હીનસંગિ—હીણાઓની સોબતે. પ્રમાદિ-આલસ્યમાં. અમૂરત-(?) વીસમી-હારી. પૂરવ પાખ-પૂર્વ પક્ષ. મહા આતમા ધરાવૂં નામ-મિથ્યા નામધારી મહાત્માઓ પ્રતિ કવિને પણ લોકપ્રસિદ્ધ સુગ છે. ન્યાની-જ્ઞાની. ઠિત (?) પિશઈ-દળશે. ભૂર—મૂર્ખ. સકાર—સારવાળું, ઠેકાણાસર. નિર્નામી—અનામી. વ્યંજની—વ્યંગ્ય, ગૂઢાર્થ.

૨૯ પ્રેમચીશી

૫૬૧-૫૬૭ પીલુગાલઈ-ગાલે દાબો. ચંચ-ચાંચ. સોર-અવાજ. પોતમ-આત્મા. કુકા-રૂપીઆ કે કુકા એ નામનું ગામ (?) કબાલુ-કબાલો, સહીઆરો વેપાર. બિરદ-મહત્તા. દેખાડલું-પેખલું. સાહિ-ડાંગર. સાયર-દરીઓ. લોઢીઈ-કપાસીઆસ. કપાસ જુદો પાડે. ભાતી-જાતની. મુહુ ઉઘાસિ-' મુહુ ઉઘાડસિ ' એમ પાઠ જોઇએ. વિગૂત-ચ્ચીપચી ગયો. સરખાવોઃ

" તેણેં કરી હું ઘણું વિગુતી, એકો દિન સુખે નવ સુતી;
એ વિરહે મરતું તો વારૂ, આશા જુઠી આવ્યા સારૂ. "

(ભાલણઃ દશમસ્કંધ.)

ઉપરિ વાંસ તલઇ વીધાણું-ઉપર વાંસલો ને નીચે વીધણો-સુતારના ઓજાર. પલે-પળીથી. તુછલુ-તોછડું. યોતિ-જ્યોતિ. વિણુ ઉખધિ ગઈ વિરાધિ-વગર ઓસડે વરાધનો રોગ ગયો. સરખાવો.

" સ્તુતિ નિંદા અદેખાઈ આધ, પેરે ખાય પણ વાધી વ્યાધ્ય. "

(અખોઃ છપ્પા.)

ખેટઇ-ખેડે, ફરે. વોધ પાન પીનરા, ઘટે ' વાધે ' અને ' પીનારા ' એમ પાઠ લેતાં પીવાનું [પાન] વધે જે પીનારા ઘટે એમ અર્થ નીકળે.

૫૬૮-૫૭૨ ફાર—(?) અંગદની વિષ્ટઇ—અંગદનું સલાહકહેણુ. અંગદ-વાલી અને તારાનો ભાષાકુશલ પુત્ર. રામે અને પાછળથી કિષ્કિંધાનો રાજા બનાવ્યો હતો. બાઈ નૂહિત બીજી ચીર—' નૂહ્િ તે ' એમ પાઠ યોજી શકાય—બાઈ નહાય ને વસ્ત્ર ભીંજાય. સત નેમ-સત્ય નિયમ. આસંગા—આસક્તિ. અતિપ્રેમ. વિણુઠ્-વંઠયો. ગાઈ વાઈ ગુડઈ રાગ-ગૂઢ રાગથી ગાઈ વગાડી. સગાઇ યહાં ઠગાઈ નહીં-જ્યાં સંબંધ ત્યાં છેતરપીંડી શી ? સાતે ગલાગો ગલી—પુરી ચોકસાઇ કરી. અનાપના—અનાત્મતા. ગોધિરા [સં. ગોધા]—મગર. બોલ બાપ-વચન અને પિતા. લીહ-લીધી. બીહ-બી, ડરી. સૂરણનું સવાદ-સુરણના સ્વાદની યથાર્થતા. , અરહટ-કુવો. ગાંમ વિચિ-જાહેર ભાગમાં. બાંધી મૂકીયા-લખી મુક્યા. કાથા-નિંદા, કાથાકબલા. હરિસિધની-હરિપ્રાપ્તિની સિદ્ધિની. લઘુનીત-હલકી નીતિ. માજનઇ-મહાજન. ડાહુ-ડાહ્યો. બયસી સૂઈ-બેસીને સુએ. મહવટ—મોંવાટે, મુખે. પતી-પ્રતીતિ—ખાતરી-ધીજ. જાણઈ-પતી. રામ સીતાના મહાસતીપણાથી પરિચિત હતા છતાં દેવશ્રેષ્ઠે તેની કસોટી [પતી] કરવા તેને અગ્નિસ્નાન કરાવ્યું. ઘડા ઢંકાઇ—'ધડા' પાઠ શુદ્ધ હોવો જોઇએ. જણસુ-જનો આગળ.

૫૭૭-૫૮૦ દુબલી કાત્યુ-એ કામ દુર્બલોનું કરેલું નથી. શર મુંડાય-શિર મુંડાય. કાંણીનાં કુહ્લૈડાં-કાણી (સ્ત્રી)ની કુલડીઓ. દવે-દ્વિવેદીની અવટ કવાળા બ્રાહ્મણો. સધની-ધનવંત. સ્વામી છે રાવણનું હઠી-હઠાગ્રહી રાવણનોએ ઉદ્ધાર કર્યો છે. છઠી-છઠ્ઠીના લેખનો દિવસ, વિધાતાછઠ (?) ગિલા-ગયા. કસ આંગલાં—આંગલાં (ઝભલાંની) કસ. ગાલિ નવિ ઉઠઈ ગુંબડાં-ગાળે ગુમડાં થતાં નથી. કરતાં ગાભ ગિલઈ ગ્યાભણી-ગર્ભવંતીઓના ગર્ભ છુટી જાય એવું કરવામાં એ કઠણ છે. રતાં—ઋતુએ-પાલોશાઈ એ દ્રો ખૂટતાં-તોડતાં એ દ્રો (દુર્વા) પલ્લવિત થશે.

૩૦ સદાનંદવીશી

૫૮૧-૫૮૩ મન બાધ-મનને દૃઢ કર. ખાધ—ઘા. અછતા—ગુપ્ત. રગી—રગથી, નસથી. બગબગી—કચરો, બગરી. નાગ નવઇ કુલ—નાગનાં નવ કુલોઃ અનંત. વાસુકી, શેષ, પદ્મનાભ, કંબલ, શંખમાલ, ધૃતરાષ્ટ્ર, તક્ષક અને કાલીય (**નર્મકથાકોષ**). ચાકુલડિં રાજ-ચાકરડી, લોંડીનું રાજ્ય. નીષણુ-નીસાન, તાકવું તે. કાગિણીની-કાગડીની. કોડિ-માફક. આગિ સાપ પંખાલુ થયુ—આગમાં સાપને પાંખો ફુટી. લાયૂ ભીડ-ભીડ આવી, સાંકડે આવ્યું. પાટા પીડ-પાટા બાંધવાનું કષ્ટ.

પૃષ્ઠ ૭૩

૫૮૪-૫૮૮ ભૂર-કમઅક્કલનું. વરશી-સંવત્સરી, સમચરી. બ્રાહ્મણ શ્રવણનિ-બ્રાહ્મણ શ્રમણોને. ટાંડઈ [ફ્રા. તુંદી-ક્રોધની હાલત]-ગુસ્સો, ઠુંડાઈ. મ્હાહરાઇ-વારો. તડફડુ-વહાણું (?) નક્ષત્ર—એમની સંખ્યા સત્તાવીશની છેઃ અશ્વિની,

ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગસર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વા, ઉત્તરા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા અને રેવતી (**નર્મકથાકોષ**) વાલું–વીતી ગયું. લાકડનઈ માંકડ–લાકડું માંકડું. આંહાંથાં–અહીંથી. સાઠિ ભેદ ઉખાણા ત્રહુ વીસ—સાઠ સંખ્યાંકમાં ત્રણ અને વીસનું ઉખાણાનું રહસ્ય છે. દોષાદિસ–રાત્રિદિવસ. (?) માંજ–માંજે, સાફ કરે. સીદરી–ચીથરાં. પીસુ–પીસે (?) ઠાહર નિ ઠાહર હોસિ દેહ–તારો દેહ જન્મમરણના ફેરામાં ત્યાં ને ત્યાં જ રહેશે. ફાલ–પાક. ઉસરતાંના–ઓસરતાંના, વૃદ્ધાવસ્થાના. બગ બૂડઈ વેદાંત માંહિ—ઢોંગી વેદાંતીના ડોળમાં ડુબે. વાડવ વત્ મ દેશું કોઈ—બ્રાહ્મણ કને કોઈ સેવાચાકરી ન કરાવશો. જોગવેઈ–જોગવે; સમાળી લે. શ્રુતિ માતા આગલિ કિમ પાપ? વેદ અને માતા આગળ પાપ ક્યાં રહે? સૂર ઉગ્યું શું દીપ પ્રતાપ–ક્યાં દીવો, ક્યાં સૂર્ય?

પૃષ્ઠ ૭૪

૫૯૩–૬૦૦ ઉછું–ઓછું, અધુરૂં. સરખાવો.

"કિશ્યું અણૂરૂં તાહરઈ સ્વામી?"

(**જ્ઞાનસાગર : શ્રીપાલરાસ.**)

વાહિ–ત્યાગી. હલડલતાં–અથડાતાં. ડોટિકાં–હોડકાં, ગલકાં. ઠાકર–પ્રભુ, ઠાકોર. કલેસુ–કલેશ. ધમ્યું ફૂંક્યું–મોંથી ને ભૂંગળીથી ફુંકેલું. ગાછઈ–જાય. આછઈ–છે. થાહાર–ઠાર, ઠામ–દસ ઈંદ્રિ–પાંચ કર્મેંદ્રિયને પાંચ જ્ઞાનેંદ્રીય વાક્, હસ્ત, પાદ, ગુદ, ઉપસ્થ એ કર્મેંદ્રિય અને ત્વક્, ચક્ષુ, શ્રોત્ર, રસનાને ઘ્રાણ એ જ્ઞાનેંદ્રિય. મનને સાથે લઈ કેટલાક અગીઆરની સંખ્યા કહે છે. ઝલઝલતું—ઉજળું. અહુ પહુ—અરૂપરૂ—અરાંપરાં–અહીંતહીં. આફલ્યું–હીરટાયું. અંભ [સં. अंभस्]–પાણી. લ્યંગ લ્યંગ–લિંગે લિંગે. સપોષ–સંતોષથી. મઠ–આશ્રમ. શ્રીરંગિ–શ્રીરંગે, પ્રભુએ કુણ્યું–કાચું.

૩૧ સ્મૃતિવીશી

પૃષ્ઠ ૭૫

૬૦૧–૬૦૫ ચહુડાંકિણિવા–ડાકણનો વા વાયો. [સં. डाकिनी]. અડવડ્યું–રખડ્યું. કાથાબલા–કાથાકબલા, પરનિંદા. નાંદિ–(?) અછઈ–છે. પાટણના પરૂહુણા–ધુતારા. દેવતણા દિહાડા–દેવના દહાડા. લાડિકાં—લાડ. છોરૂ રાઈ લડાવાં ઘટે—છોકરાં ને રાજાઓને લાડથી—પટાવીને–કામ લેવું. અંતરિ આવટઈ–હૃદયને આઘાત કરે, અથડાય. બકતા હૈઆ–બરે છે. કાંટે કાંટે વાડિ–વાડ જેમ કાંટો કાંટો ગોઠવ્યાથી થાય છે. બહુત્તિરિ ભણ્યું–બોતેર વિદ્યામાં પ્રવીણ ઉંદરને બીલાડીએ ખાધો. ગાડરિકાં પ્રવાહ–ઘેટાંની હાર. યશા વાસ તથા આચાર–જેવી વસતિમાં વસીએ તેવીના આચાર પાળીએ. ખાંચ–ખાંચો, વાંધો. પરિઅટ–પ્રવાસ સમધરઈ–સમુદ્રે, ઉદ્ધારે. ગાઈ રતન ગજ્યું શું કરઈ?–રત્ન માટે ગાયનો કેમ વધ થાય. સુણહાનઈ–સોનાને, સુવર્ણને. ધાઉ–ધા, ધાવ.

પૃષ્ઠ ૭૬

૬૦૯–૬૧૭ કાંણી–મર્યાદા. લોટી–નાનો લોટો. ધુલુ શવિ દૂધ ના દોઈ–ઉજળું [ધુલુ] એટલું દૂધ નહીં. પાસ પાડવા–જળમાં લેવા, રંગ જમાવવા. ભરકી–ભુરકી, ઉફર્યા–ઉપરનાં. ધરાં–ધરા, ઉંડી પાણીની ખો. ગહિગહ્યાં–નિંદ્યાં. અણખૂડ–અણુટુખ્યા. વેદ પુરાણ તણા અર્થ કોડિ, માંહિ આણ્યા ઘાલ્યા જોટી–જુનાં વેદપુરાણોના અર્થમાં જે ઘાલમેલ થઇ છે તે તરફ કવિ ઇસારો કરે છે. પરમાંડવે પ્રાસઇ આપણી–પારકે માંડવે આપણું પીરસણુ. બાલતુ–'બલતુ' પાઠથી માત્રા સચવાય છે. ધુણુ–'ધાણુ' પાઠ પ્રાસયુક્ત બની ઠીક અર્થ સૂચવે છે–સત્યાનાશની પાટી. માંડા તણા સ્વાદ જે લહિ ચેણે માંડા ચાખ્યા હુઇ–પોતાને ઉદ્દેશીને કવિ કહે છેઃ માંડણની જેને સાચી ઓળખ થઈ હશે તે માંડણના સ્વાદની લહેજત માણી શકશે. ભાગ્ગ પાત્ર ખજૂરા તણું—સરખાવોઃ

" કશ્યો ખજુરો ખોડો થાય ? "

(શ્રીધરઃ રાવણમંદોદરીસંવાદ.)

સિદ્ધા—સિદ્ધિ પામ્યા. ગોરખ મછંદ્ર—એ નામના મશહુર મહાયોગીઓ—ગોરખનાથ અને મત્સ્યેન્દ્રનાથ. ભૂર—મૂર્ખ. રણુવર–રણાંગણનુ તદ્ભવ. ઠાકુર તણા ઠાઠ માંડીઆ–પ્રભુભક્તિના બાહ્યાડંબર માટે માંડણકવિ પણ એ અનાથ [અણાથિ]—નિર્બલતા–ના ડાંડીઆ છે એમ કહી પ્રહાર કરે છે.

પૃષ્ઠ ૭૭

૬૧૮–૬૨૦ ઉલગુ—સેવ્યું. અંતરિ ચેજ ચુરાસી જંત—અંદરથી તો તેઓ ચોરાશીના ફેરામાં ખદબદતા જંતુઓ છે. જઈન કહિ મુક્તિ વરા—જૈન સંપ્રદાય પ્રતિ આ કવિના પ્રહાર છે. ખલિવારૂ–ખોડો, ઉદરી (?) જૂઈ–જુ. માલિમ–માલમ, જાણીતું. અહારી–અઢાર (?) સાસ ને સોસ–શ્વાસ અને આશા.

૩૨ સંતોષવીશી

૬૨૧–૬૨૪ તુસઈ—તોષથી, સંતોષથી. ભ્રમ્મ—ભ્રમ. શ્રમ્મ—શ્રમ. તિલવટ—તલનો સમૂહ. ગોહુ—ઘઉં. વસુદેવ—વાસુદેવ. ભસ્મ માંહિ હવિ હોમ્યુ તિણુ—અગ્નિને બદલે રાખોડીમાં હોમ કર્યો હોય તેના જેવું. રાઉસ્વાડી–ટંટારીસાદ. પીશામાંહિ પીશી જે કહ્યુ—पिष्टस्य पेश અથવા चर्वितस्य चर्वणं અથવા રાંધ્યું રંધાય. તેરસિ ત્રીજ—અસંભવિત.

પૃષ્ઠ ૭૮

૬૨૫–૬૩૩ ચાંદ્રણે શીઝાય—ચાંદરણાથી બળે. દેવ્યાનૂ—દેવોનું. એકિઇ સુહુણઈ રાત્રિ ન વ્યાહી—એક સ્વપ્ને રાત ન પુરી થાય.

અણસરી–અનુસરે. કાન્હડી–કહાને. વાંસઈ–પાછળ. ખડી ધરી–ખડા રહી (?) બિ પુહુરની છાહિ—બે પહોરની છાંયડી. છાંહ—છાંય. કર્યુ (?) રઘરાઈ—રઘુરાય,

રાધવ. ફુહુ ઉપલુ જહોઈ થઈ ન્હઈ–જ્યાં ફુહાને ઉપલો થઈ જાય. પર–(?) છંગવિ–(?) સાંગણુ–(?) સરભરિ—બરાબર ભરપાઇ. સાંચ્યું–સંચિત, સંઘર્યું. ચાહડબાહડ–(?)

હાકઇ હલે પચારઈ નડઈ—હાંકવાથો મારી નાંખે ને પ્રચાર્યાથી વિઘ્નરૂપ થાય. ફોડુ–ફોડલો, ફોલ્લો. ડાંભે હાથ—ડાબા હાથે. ગોડિ કરઈ નાગરી–નાગરની દોરતી વિશ્વાસપાત્ર કે લાજની નથી. વાઢિ–વાડ. ઇહ–એ.

પૃષ્ઠ ૭૯

૬૩૪–૬૪૨ સોહલું સારંગપાણિ—સુલભ (સારંગ જેના હાથમાં છે એવા) પ્રભુ. કાણી લગન...કાણી કન્યાના લગનમાં વધન કૈં કૈં હોય. લંડ—લંડ, પાખંડીઓ. મઠવાસી—મઠના રહેવાસીઓ. વલા—વળા. કવલિ—કોળીએ [સં. કવલ: ઉપરથી.] સરખાવો ' કલવો. ' મક્ષકા—મક્ષિકા. ગનઈ—ગુને. દોષમાં. રાંઝઇ—રાંધે (?) ભુસટનુ ઉધારૂં કિશું ? ઘોલ ધડ લઇને મારવી. કોપરિ–કોપરે. કુગ–કુગ્યા. બાલોડતીર. મહેશ્વરી—મહેશ્વરનું અનુયાયી. ગાંગતૂં—બરાડા પાડવું. માનીયા—વર્તનમાં મુકયા. શિબિક્યા—પાલખીએ. સાંભર્યા—યાદ આવ્યા. વિસ્તરા—વિસ્તાર્યા. ચ્યુહુ અંગુલિ–ચાર આંગળીએ.

પૃષ્ઠ ૮૦

૬૪૩–૬૪૪ કુછિત [સં. કુત્સિત]–નઠારી. કર્ણરસ–સાંભળવાનો રસ. અનેક કયા–સંખ્યાબંધ. જેતુ–જેટલું. જનસાથ–લોકમંડલ.

શ્રીધરકૃત

રાવણ મંદોદરી સંવાદ

સમજુતી

પૃષ્ઠ ૯૧

૬૪૫–૬૪૯× શ્રીધરકવિ એના આ કાવ્યનો આરંભ એના મંગલાચરણમાં ત્રિમૂર્તિ દેવોનાં યુગલોના નામસ્મરણથી કરતો લાગે છે. આથી આદ્ય પંક્તિના આદ્ય શબ્દ 'ગણેશ'ને સ્થાને 'ગિરીશ' પાઠ યોજવો વિશેષ ઉચિત લાગે છે. શિવ અને પાર્વતી, રામ અને સીતા, બ્રહ્મા અને બ્રહ્માણીઃ આ ત્રણ દિવ્ય દંપતીઓનું એ મંગલ સ્મરણ કરી કહે છે કે તેઓમાં [તાસ] પણ શ્રેષ્ઠ [શિરોમણિ] આદ્ય-શક્તિ–અંબા–[શિવશક્તિ] છે. આ સૌ મને શ્રીધરને શ્રેષ્ઠ વાણી આપો !

શશિહર [સં. શશધરઃ]–ચંદ્ર. પૂર્ણિ [સોલે] કલાએ ખીલેલો આસો માસની શરદપૂર્ણિમાનો ચંદ્ર [મયંક] જેવો હોય તેવો ચંદ્ર. આવા ચંદ્રનો જેવો અમૃતરસ [અમીરસ] હોય તેવી અમૃતભરી વાણીનો રસ હું ઉચરવા માગું છું–એવો કે જેમાં દેવો (વિબુધો) દોષ [વંક] ન કાઢી શકે. હે દેવદેવીઓ ! મારાં અનુચિત વચનો [વંક વયણ] ને ઉચિત [પદ્ધરાં] કરી, એક અક્ષર પણ અવિધિપુરઃસર મારી પાસે ન પડાવી પૂર્વે થઈ ગયેલા કવિઓ [કવિતા]ના હાથ પકડાવીને મને [મુઝ] માર્ગ દેખાડો. પરિ પીંગલ પ્રીછઉ નહી–હું પિંગલાચાર્ય (કાવ્યવિદ્યાના આચાર્ય)ના કાવ્યબંધના કૈ પ્રકાર [પેર]થી અનજાણ્યો છું. ભરહ ન જાણું ભત્તિ–નાટયાચાર્ય ભરતમુનિ [ભરહ]ના નાટયભેદ [ભત્તિ]નું પણ મને ભાન નથી. 'અપરમ'ને બદલે 'અપર' પાઠ શુદ્ધ થઈ પડશે. અપર પરમ—જેનાથી બીજો પર [મોટો] નથી તેવાને અનુસરી [અણુસરી] વાણીના (ત્રિમૂર્તિદેવ ગણપતિ, સરસ્વતી અને ગુરૂમાંના એક) ગણેશ [ગણપત્તિ] મારી વાણીના ગુણ બોલશે, વખાણશે.

× સ્વ. મણિલાલ વ્યાસે ગાંડણના ઉખાણા પછી શ્રીધરની આ કૃતિને નવીન પૃષ્ઠોના જુદા સંખ્યાંક કે કડીઓના જુદા સંખ્યાંક નહીં આપતાં સળંગ રાખ્યા છે. કડીઓના સંખ્યાંક વીશે આથી ખુલાસો કરવો યોગ્ય છે કે મંગલાચરણ અને ઉપસંહારના દુહાઓ સીવાયની બધીએ ચોપાઇઓના સંખ્યાંક એક ચોપાઇને બદલે ચોપાઈના જોડકાને આપ્યા છે. આમ ચોપાઇઓની સંખ્યા અર્ધી કરી નાંખી છે તે ભુલ છે. આ ભુલને લીધે જે જે પ્રતો ઉપરથી એમણે સંશોધન કરી આ કાવ્ય છપાવ્યું છે તેમની સાથે કે ઉપલબ્ધ બીજી પ્રતો સાથે સંખ્યા કે સંખ્યાંક મેળવી સરખાવવાનું કામ અઘરૂં થઈ પડે છે. અભ્યાસકે આ વસ્તુસ્થિતિ ખ્યાલમાં રાખી સરખામણી કરવી ઉચિત થઈ પડશે.

શંકરપ્રસાદ રાવલ.

મારી સરસ્વતી [ભારતી]ના ગુણ ગ[illegible]તિ ભાખરો. જરાએ [રતિ] પાપ [પાતિક] પોતે નહીં રહે. અવિરલ–સામાન્ય. અસી–એવી. ગ્રીષ્મ રતિ ગંગાજલ જિસી–ઉનાળામાં જેવી ઠંડા ગંગાજળ પ્રતિ પ્રીતિ હોય છે તેવી ઉનાળામાં ગંગાજલસ્નાનનો રસ ઓર હોય છે.

૨૯–૨૯, દુરાગ્રહ. રાવણનો દુરાગ્રહ અને મંદોદરીની શુદ્ધ મતિ કવિ ઉખાણાથી ભરીને આલેખરો.

રામકથા સોનું નઈ સરહું—રામવાર્તા એ સુવર્ણ અને સુગંધ [સરહુ]નો સુભગ મેળ છે. સોય કવિ સીધર જડસિ ખરહું–' સો...જુડસિ ખરૂં ' એમ શુદ્ધ પાઠ જોઇએ—તે શ્રીધરકવિ સાચી રીતે કાવ્યમાં બાંધરો [જુડસિ]

૬૫૦–૬૫૨ મૂઢી–મૂર્ખતાભરી. અંતેઉરી [સં. अंतपुरः ઉપરથી બનેલું સ્ત્રીલિંગ રૂપ]—રણવાસ. જુઓઃ

> " વૈશંપાયન લેઈ વેગિ અંતેઉરિ માંહ્યાં જાઉ,
> માતંગીનિ કહિ માહારાજા, તહ્મો ઊતારી થાઉ."
>
> (ભાલણઃ કાદંબરી.)

કાશ્યપ વંશ્યત ણી કુલવહૂ—[સીતા. કશ્યપ–મરીચિ પ્રજાપતિના પુત્ર. દક્ષની તેર કન્યાઓ તેમને પરણી હતી. મોટી અદિતિથી તેમને બાર આદિત્યો ને ત્યારપછી દેવતા થયા. દિતિથી દૈત્યો થયા. કશ્યપની સૃષ્ટિમાં દેવ, દાનવ મનુષ્યો થયાં છે. (નર્મકથાકોષ.)] સૂર્યના વંશજ દશરથની કુલવધુ. પન્નગ—નાગ. સુર, નર, પન્નગ–ત્રણે લોકઃ સ્વર્ગ મૃત્યુ ને પાતાલ. આમિષ—માંસ. પીંડી—(પીંડ) શુદ્ધ શબ્દ છે. પોતાનું. પ્રાસિ—ખાય.

' કોઈ ન મઝ કાઢવિ દાનવી ' એમ પાઠ જોઇએ. જનઋષિ—જનક રાજર્ષિ, જનરખ,—જનકવિદેહીની પુત્રી, સીતા, બ્રહ્માણિક—બ્રહ્માણુથી જન્મેલી. ખભેડી—ખાંધે. ખુતી—કળી. કવલી—' કપિલી ' શુદ્ધ શબ્દ છે—ગોરી. પરઠઉ—મુકયો. [સં. प्रस्थापयामि ઉપરથી ભૂતકાલ.]

પૃષ્ઠ ૮૨

૬૫૨–૬૫૩ કલહા થકી—કંકાસથી. અખિકુઅર—અક્ષયકુમાર–રાવણનો પુત્ર જેને હનુમાને પહેલાં માર્યો હતો તે. આવટયો—અફાળ્યો. કંધોધર [સં. स्कंधधरः] —ખાંધનો ધરનાર. જે વઢતાં ન વાહારવઈ આજ—'જે વઢતાં નવિ હારવઈ આજ' એમ પાઠ જોઇએ—જે લઢતાં કદી આજે હાર ન પામત. ગલૂં ગરોળ્યું કાંહાં કાજ—અર્થ સુસ્પષ્ટ નથી થતો.

વિલહઈ—' વિલઈ ' પાઠ શુદ્ધ કહેવાય. કશ્યો ખજુરો ખોડો થાય ?—મારે મન તો કાનખજુરાનો એક પગ તુટવા જેવું છે. ખોડો [સં. खंज]—લંગડો. ચોરાસી—સંસ્કૃતમાં કાનખજુરા માટે ' शतपदः ' શબ્દ છે.

૬૫૪–૬૫૫ અસન–અસન્ન—સંજ્ઞા વગરનો, મૂર્ખ. નરેશ—નૃવંશ.

વેસ—'વંશ' પાઠાંતર ઉચિત છે. લૂર્ણો—ક્ષય, ખવાઇ જવું તે. ધણ કણ કંચન-રાવણની સાહ્યબી, પૈસો ધાન્ય તથા સોનું. રૂદ્રિ–મહાદેવે. તુંબિણી—તુંબડી. ચિતવત્—'ચિતવિ' પાઠ જોઇએ—ધાર્યે. વિણસઈ—વિનાશ કરે. ધરગોરણી—ધરગુરૂણી-ધરગોરણી. પાહની તણી બુદ્ધિ—સ્ત્રીની બુદ્ધિ પગપાનીએ વસતી કહી છે. કૈલાસિ-શિવનું નિવાસસ્થાન. ઈંડા [સં. अंडः]—ઇંડાં. કલાપીનાં ઈંડાં—મોરનાં ઇંડાં.

૬૫૬-૬૫૭ ચતુરમણિ—હોંસીઆરીથી. પંચવટી—નાસીક પાસેનું પાંચ વડોનું સ્થાન. બૂઝીયો—જાણ્યો. હાથિ કમંડળ લીધૂં—તું સંન્યાસી થયો. મેહલા—મહિલા—આ શબ્દ દેશ્ય સંસ્કૃતમાં દસમા શતકથી દાખલ થઈ ગયો છે. સૂરઉ—શૂરાતનભર્યું, 'શુરૂ. પહિરી પથરણિ—પહેરેલ [पाधरण] વસ્ત્રે ભાત સમજાું. ભીખારી—રામ માટે રાવણ આ શબ્દ વાપરે છે. ખણિ—કાપે. દરસણી [સં. दर्शनी]—સંન્યાસી. અમરાપુરી—દેવોની રાજ્યધાની, ધામ. કીડી—રામરૂપી કીડી ઉપર લશ્કર શાં લઇ જવાં હતાં ? કેસરી [સં. केसरिन्]—સિંહ. મયગલ-હાથીઓ, [સં. मदकलः અ. મયગલુ–મેગલ.]

પૃષ્ઠ ૮૩

૬૫૮ ફરસરામ—પરશુરામ, રામજામદગ્નેય, વિષ્ણુના છઠ્ઠા અવતાર. એમણે એકવીશ વાર પૃથ્વી ક્ષત્રિયવિહોણી કરી હતી. ફરણા—ગતિ, દિવ્યગતિ. ત્રંબક [સં. त्र्यंबकं]—એ નામનું શિવનું વજનદાર ધનુષ્ય. ગુરલ [સં. गरलः]—ઝેર ગરઢૂ—જૂનું, વધારે ઝેરી.

૬૫૯ ધરિણી—ગૃહિણી, ધરવાળી. સૂધી સાધવી–સરલ અને પવિત્ર. લાંપુ લવી–લાંબુ ટૂંકું બોલે, લવારો કરે. સીકોતરિનું સંધાત સહી–જરૂર તને કોઈ મેલી દેવી [સીકોતરી] ની દોસ્તી થઈ લાગે છે. આગિ...મ જાણિ—આગળ એવી કહેવત હતી કે માતા શ્મશાન વસતી છતાં તેને ઓળખનારી પણ એવી જ હતીઃ આવો કૈં અર્થ ઘટે ?

૬૬૦ શ્રી–'સી' પાઠ શુદ્ધ છે–સીતા. પોપટ......મજારિ–પાંખો ફફડાવી ભારે અવાજ કરનારો પોપટ બધી વિદ્યાઓ ભણ્યો હતો છતાં બીલાડીને હાથે મૃત્યુ પામ્યો હતો એવી કોઈ વાત ઉપરથી કવિએ આ ઉખાણું વાપર્યું લાગે છે.

૬૬૧ મોહિતિ ચઢી—મહત્વવાળી થઇ, ફાટી ગઈ. મિદાણુવ તણી–મયદાનવની પુત્રી. મયદાનવ–મય રાક્ષસ મંદોદરીનો પિતા. એણે રાવણને પ્રાણાંતકાલે ઉપયોગી થાય એવી એક કૃત્યા આપી હતી જેનો ઉપયોગ લક્ષ્મણ સાથે થયો હતો. (**નર્મકથાકોષ.**) પદમનાગિણી–પાતાળના મહાપદ્મ નાગના કુળની. ડૂંબડી [સં. डुंबकः ઉપરથી]—ઝેરી સાપણ. ડિંડા–ડીંડવા એ નામની સાપની એક જાત હોય છે. તે ઝેરી નથી હોતી.

૬૬૨–દાઢ ચાંપી–દાંત કચકચાવી. વાટ વુલ્યા–વઢવાને પંથે પડયા. ઋષિ જાગ-વિશ્વામિત્રના યજ્ઞો. ધુરા—મરાયા.

પૃષ્ઠ ૮૪

ખરદૂખર ત્રસર—એ નામના રાક્ષસો. સુરપનખા–શૂર્પણખા–રાવણની બહેન જેનાં લક્ષ્મણે નાકકાન કાપી લીધાં હતાં. દેવટ–દેશાવટ, કાઢી મુકવું તે

૬૬૩–૬૬૪ આદૂ વાવેસિ અવધ્યા ઠામી–અયોધ્યાનગરીને ઉજડ કરી તેનાં ખેતર બનાવી આદૂ વાવીશ. ડુંબીની દરિ [સં. डुंबकः ઉપરથી]–ડૂંડવું અથવા એરૂ એ નામની વગરઝેરી સાપની જાત. આય–અર્થે. રામને હું ઝેરી નાગ નહીં પણ એરૂ જેવો ગણું છું. એ શું કરડશે? લેટો લૂસિ લંકા તણો–લંકાના ચરાકળશ તે લુંટી જશે. એક કપિ—હનુમાને. આંખી દીઠું સાખિ ન હોઈ–જે તેં તારી આંખોથી જ જોયું તેની સચ્ચાઈ સારૂ સાક્ષીની જરૂર છે નહીં. છહિલ [પ્રા. छहलु·]—છેલ, ફાંકડા. વાઢયું વન—વનવાડીઓ કાપીખુદી વેરાન કરી. હરિ–વાનર. કુંભતી–છોગું.

૬૬૫–૬૬૬ ભાતિ......કાંબલિ?—ભાત સારી હોં તે ભાત ઉપર, કાંબળી ઉપર છાપ [બીજૂ] કોણ પાડે? ઝુંઝાર [સં. युद्धकारः]—યોદ્ધા. સરડા—રીછ. બીજો અર્થ 'કુદતા' પણ થાય છે. નાક વઢાવી કરિ કરોણુ–માંડણે પણ આ કહેવતનો ઉપયોગ કર્યો છે. કરોણુ–કશુકન–અપશકુન. સરિ સંધાર્યા–સીતાએ માર્યા. સીતાને પગલે આમ અયોધ્યામાં બન્યું છે તો તારી શી વાત? થલ......રહી–જમીનવિભાગને જમીનદોસ્ત કરી અગ્નિ લઈ સીતા હવે જળવિભાગને સળગાવવા આવી છે.

૬૬૭–૬૬૮–ઉંડઇ–'ઉભઈ' પાઠાંતર યોગ્ય લાગે છે. ગયમર–(?) સૂંઢાલી–સુંઢાળી, એકઠાં કરી. ખોલટ–ઘર. કાઠીઆવાડમાં 'ખોલડું' કહે છે. વળી જુઓઃ

> " ઈક્કા ચોરી સા કીયા જ ખોલડઈ ન માઇ;
> બીજી ચોરી જઈ કરઈ, ચારણુ ચોર ન થાઈ"
>
> **(જુની ગુજરાતી.)**

વલઇ–વળે. છોકરબાકર—છોકરાંબોકરાં અથવા છોકરાં અને બકરાં. ભૂડાં જમલી ભૂખિં મુઈ–ભુંડા રામના સહવાસમાં બીચારી સીતા ભુખે મરી ગઈ તે રખડતી રખડતી હવે રાજાને ઘેર [રા આગળિ] આવી છે. સમરધિ–સમૃદ્ધિ. હરસધિ—(?) સહિસારજનસૂં—સહસ્રાર્જુન એ કૃતવીર્યનો પુત્ર કાર્તવીર્ય અને જમદગ્નિની કામધેનુનો ચોર. પરશુરામે એને શિક્ષા કરી હતી ને હૈહયો સાથે મહાયુદ્ધો ખેડી એના કુલનો નાશ કર્યો હતો. રાવણ એના સામો થતાં એણે એને બગલમાં ઘાલી દાબી રાખ્યો હતો. કૃત્યા–કુલવિનાશ. જલતનયા–લક્ષ્મી, સીતા. તજિ–તજ.

પૃષ્ઠ ૮૫

૬૬૯ કોરડાં કથન–સખ્ત શબ્દો [સં. કઠોર ઉપરથી]—આપ હાણિ જણ થાસિ હસૂં–પોતાને નુકસાન ને લોકોમાં ઉપરથી હસારત. વધૂ–તહેનાત. ઉલગિ–સેવા કરે. લેંડિ–લૅાડી. ગ્રામ્ય પ્રયોગ.

૬૭૦–૬૭૧ ચપલ નેત્ર નઇ ચંપાવની–મંદોદરી પોતાના સૌંદર્યનો ઉલ્લેખ કરે છે. ચંપાવની–ચંપકવરણી–માટે જુઓ પ્રસિદ્ધ અપભ્રંશ પંક્તિ:

"ઢોલ્લા સામલા ધન ચંપાવણ્ણી."

કારિમી–કારમી, રૂપ રૂપનો ભંડાર હોય તેવી. નાંખિ...ભણી–અર્થ સ્પષ્ટ થતો નથી. પળસિ—પળશે, ચાલશે. હું......માંહિ–ઘરમાં કોઈ ગણે નહીં ને કહે હું વરની બા, વરની માસી. વાયસ......બલિ–તને સીતા ગમે કે ન ગમે, મારે તે હકીકત સાથે નીસ્બત શી ? કાગ કે વાઘ મનને રૂચે તો મેળાપ કરે. સુખડ સાથે સ્નેહ બાંધી સાપ સરખા એ ભેગા બળી મરે છે તો મારી શી વાત ? સુખડ [સં. સુકટ:] જુઓ:

"અગરુ ચંદનના ઓરડા રે સુખડ જડીઆં કમાડ."

(**ગુજરાતી સ્ત્રીગીતો.**)

૬૭૨–૬૭૩ ઉભાર્યો—તાજે કર્યો. ભાજઈ—સોહે. જં આંધલો...વલિ—જ્યાં આંધળો જઈને માથું ન પટકે ત્યાં તારા જેવો દેખતો હિંમતભેર જાય છે. બાભણ—બ્રાહ્મણ. બ્રાહ્મણ બુદ્ધિ પાછળ મતની ગણાય છે. મુધિ [સં. મિથ્યા]–નાહક. વેહિવાડી–વેઠવારો. શિંધાશનિ સૂકું ચામડું–રામના વનવાસને લીધે ભરતે અયોધ્યામાં રામની પાવડીઓ [સૂકું ચામડું] રાખી હતી તે પ્રત્યે રાવણનો આ કટાક્ષ છે.

પીઆરિ......જણા–દશરથના ચારે પુત્રો ચૈત્રની નવરાત્રિઓમાં માતાનું નૈવેદ્ય પણ પારકે પુડે કરે છે–એટલા બધા એ કંગાલ થઈ ગયા છે: આમ અર્થ ઘટે ?

૬૭૪ વાંહઈ–વાહે. અરમાહા–અપરમાતા, ઓરમાઇ મા. કુકહ–(?) કાઠ–લાકડું. ખીર બખિ–ખેરને ઝાડે.

પૃષ્ઠ ૮૬

કોપર–કોણી, ઘુંટણ [સં. કુર્પર: ઉપરથી] બેહુ કામિનીનૂં.

૬૭૫—૬૭૮...દંત—રાવણ કહે છે: બે બૈયરનો ધણી બેની લઢવાડથી બળ્યા કરે અને એને પથ્થર કરડી દાંત પાડવા જેવું થાય. અર્થાત્ મારે તો એક સીતાજ જોઇએ છે. શાખામૃગ–વાંદરા. કોસીસિ–કોટના કાંગરા ઉપર. ઠાકુર–રાજા. થડહડી-(?) પંખાલ—પાંખાળા. પલિવંગ [સં. પ્લવંગ:]—વાનરો, હેલાં—પળ માત્રમાં. સાતુ સાયર–સાતે સમુદ્ર. મંકડ–વાનર, આસાઉલી—(?)

પારો–ધાતુની એક જાત. એ શરીરમાંથી ફુટી નીકળે છે. બહિચરનો કુકડો–બહુચરનો મરઘો. વીંઝ–વીંઝણો–વીંધણો–ફાડવાનું હથીઆર. વિછણિ [સં. વૃશ્ચિક:]—વીંછુ. વનરાય—સિંહ. મસલી–મસળી, ચોળી.

૬૭૯ શલો–કહોવાટ, જીવડાં પડવાં તે. જરઈ–પચાવે. વડવાનલ–અગ્નિના ત્રણ પ્રકારમાંનો એક: અગ્નિ, જઠરાગ્નિ અને વડવાનલ (**નર્મકથાકોષ.**) અહીઅર–અજગર.

પૃષ્ઠ ૮૭

૬૮૦ ચંદણ ગોહ–ચંદન ઘો, ઉડણ ઘો. નંદીગણના સ્વામી–શિવ. શિવના મુખ્ય ત્રણ હજુરીઆમાંનો એક. સવેલી શીત–પરણેલી સીતા. 'સવેલી કન્યા' એ ગુજરાતમાં જાણીતો શબ્દપ્રયોગ છે.

૬૮૧–૬૮૨ વ્રૂપ–ઘી. લોધી (?)–ચિણો......પદિ–નાનકડો ચણો બહુ કરીને કેટલું વીર્ય દાખવે ? એ ભાડ કુદીને સીધો બહાર પડે. રામનું શું ગજું ? મૂલિન–'પુલિન' પાઠ હોવો જોઈએ–કીનારા.

૬૮૩–૬૮૪ ચાલાનું ચેત–ચાલવાની ચેતના. જલહર–જલધર, સમુદ્ર. વિષહર—નાગ. સપનાંતરિ–સ્વપ્નામાં. જુઓઃ

> "સ્વપ્નાંતરમાં દીઠી સોરઠીઆની જાનરે !
> સ્વપ્નાંતરમાં વડસસરા ભગવાન રે !"
>
> (**પ્રેમાનંદઃ ઓખાહરણ.**)

વાલી—સુગ્રીવનો ભાઈ નેકિષ્કિંધાનો વાનરરાજા. એણે ધ્યાનભંગ કરવાના અપરાધને લીધે રાવણને માર્યો હતો. રામે વાલીને મારી લંકાયુદ્ધ પછી સુગ્રીવને ગાદી આપી હતી. પરાક્રી –(?)

પૃષ્ઠ ૮૮

૬૮૫—૬૮૬ પેટનાટ—પેટના નાટક, તમાસા. મહીઅલ—મહીસ્થલી, પૃથ્વી. માંકડ ભીખઈ જેગી ખાઈ—વાનર માગી લાવે ને જેગી ખાય. લક્ષ્મણના ઉપર રાવણે આ કટાક્ષ કર્યો છે. અસમધા મિલ્યા–લાકડે માંકડાં જડ્યાં છે. અહિ–સાપ. આઉલી–આવળ બાવલી–નાનો બાવલીઓ.

એ નૂં હુઇ સંકર સહિકાર–રામ સાથેનું યુદ્ધ તે પેલા ભોળા શંકર સાથેનો સહકાર નથી, રામના સપાટા ઓરજ પડશે. આમલી–મચરડીને. અગારિ–અગાડિ–આગળ. તાડિકા—તાટકા રાક્ષસી—રાવણની બહેન. દેવતાઓના વિમાનમાર્ગમાં એ નડતર કર્યા કરતી હતી. તેને રામે વિશ્વામિત્ર સાથે જનકયજ્ઞમાં જતાં મારી નાંખી હતી. (**નર્મકથાકોષ.**) ચકચાલ–ચક્ર.

૬૮૭—૬૮૮ કલ્યાંતિ—'કલ્પાંતિ' પાઠ શુદ્ધ લાગે છે. સોવંનવર્ની—સુવર્ણ દેહની. વાકુલ–વલ્કલ, છાલનાં વસ્ત્રો. ચૂડાઇ–ચુંદાય, ઝુડાય. સૂરો તન સંનાહિ ભર્યો–શૂરવીર શરીરે બખ્તરથી સુસજ્જ છે. પાખરો–બખ્તરવાળો. પંચાયણ–પંચાનન, સિંહ(?)

૬૮૯–૬૯૦ પાખર–બખ્તર. કગર—(?) લોહી—સંબંધ, એક લોહીનો સંબંધ. પીડિ—પીડા, દુઃખ. કોઇ બાહુતિ ન ભાજિ ભીડિ—બાહુતી વાંદરાંથી રામનો ગજ નહીંજ વાગે. ભ્રારથિ–બહાદુર લડવૈયા. અપનિ–(?) અસુરાણ–અસુરોને હરિઘરણી–હરપ્રિયા, પાર્વતી. ઘાણ—કચ્ચરઘાણ. મહિષાસુર—એણે સો વર્ષ ઇંદ્રાદિક દેવો સાથે યુદ્ધ કર્યું હતું. દેવોના તેજમાંથી ઉત્પન્ન થયેલી દેવીએ અને તેના સિંહે તેનું મૃત્યુ આણ્યું હતું. શુંભનિશુંભ–દિતિના બે રાક્ષસપુત્રો જેમને દુર્ગાએ સંહાર્યા

હતા. ડંભ-વેરભાવ. તું અજુઆ લિહિ તેહના ડંભ-આગળનાં જુનાં વેર તું એક વાર ફરી પ્રકાશમાં આણીશ, તાજાં કરીશ. સાજાં...વટાવ—બધાનોએ રામ હાથે એક લાકડીએ સંહાર થઇ જશે.

પૃષ્ઠ ૮૯

૬૯૧-૬૯૪ દાવડૂં-દાવ, યુદ્ધનો દાવ. ભડવાય-લડવાનું છે. રામ રમતિ કરસિ તે સહી-રામ બાલકની રમત જેવું કરશે એ ચોક્કસ. તું ઘર ઉહી થઈ-તે ઘરમાં તકરાર ઘાલી. કાકડી-કૂણું ચીભડું. વિરાલ-(?) હલુઆ-હલકટ. હાજી કરી-હાજીહા કરી, ખુશામદ કરી. જોવા પીયારૂં પેખણું—પારકાનો તમાસો જોવા માટે. કલિજ-કાળજું. પ્રીણિ-પ્રીત. પાહાનુ-દુધધારા, સ્તનધારા. સોકી-શોક્ય. સાંસહિ—ખમી અહિનાણ [સં. અભિધાનં]-એંધાણ, ચિન્હ. અબલા...પલ્હાણ-સ્ત્રી ને ઉંટ એને ભુમો મારતાંજ પલાણવાં, વશ કરવાં. થડવટ-ભુઠ્ઠાં. ત્રિગડ-એ નામનો લંકાનો પર્વત. એના ઉપર રાવણનો અજેય ગઢ હતો. થાસિ ચૂકા ચકાબોલ-(?)

પૃષ્ઠ ૯૦

૬૯૫-૬૯૮ બોહડ-બોડ. દાદુરી [સં. દર્દુરી]—દેડકી. ગોરડી-ગોરણી. વગડની-વગડાની. વનિતા...ભણઇ-વનિતા અને વીરરસનો મેળ નથી મળતો. કુંયરિ ...ફ્રિણઇ-(?) માગઇ મોતીની ઘુઘરી-મોતીના બાકળા [ઘુઘરી] ખાધી નહીં ખવાય. પાસ-જળ. ઈસાનિ-શિવ. છિછકું-(?) છાક-મદ રતી-જરાએ અંશે. વિશાશા-(?)

૬૯૯-૭૦૧ સરપણું-બળતણ. અચલ-પહાડ. બીજોરી—બીજોરાંની વેલી. વિપ્રીત-ઉલટી. વિલસિ......ચિત-ભમરો ચંપાના ફુલને અડકતો નથી. આઉલિનાં ફૂલ-આવલનાં ફુલ. લહુઅડી-લઘુ, નાની.

પૃષ્ઠ ૯૧

૭૦૨-૭૦૭ સરાપિ-શાપથી. લેખવઈ-ગણે. માઇ ન માસી ગાધિહ ગોત્ર-ગધેડાના કુલમાં મા કોણ ને માસી કોણ તેનો વિવેક ન હોય. સુંખિણી-શંખિણી. ટલી-ટળે. ગણ્યા દિહ માંહિ-ગણતર દિવસોમાં. અહિવાતન-સૌભાગ્ય. સાદરી-આદરયુક્ત. આણાવડિ-મોકલી દઇને. કાલાખિરૂ—(?) સીખામણ...કરી-પંચતંત્રમાંની ચોરી ચકલી અને અનાડી વાંદરાની વાત. મૂર્ખને ઉપદેશ આપતાં ઉલટું ચકલીને ગૃહભગ્ન થવું પડયું હતું. નીસાહાર-નીસાન, ઢોલ. તાબોટી-તાલી. પોગર-કાચી ધાતુ.

પૃષ્ઠ ૯૨

૭૦૮-૭૧૩ શિલ-શૈલ, પથ્થર. સંતામણ-દુઃખ. ઇન્દ્રજયત-ઇંદ્રજીત રાવણ ને મંદોદરીનો પુત્ર. ઈન્દ્રને જીતવાથી એનું નામ ઈંદ્રજીત પડયું હતું. દાહ-દાવ. દાહ-સંતાપ. ભુયંગમ-સાપ. ધુલરનાં ધણ—(?) થડ સિંચઇ શાખા સમધાઈ-થડને પાણી આપવાથી ડાળાં પત્રો નવપલ્લવિત થશે. પશૂપતિ-શિવ. કબાડી-અનાડી. કોઈલા-લાળા. ખેડણહાર-ખેડનારો. કરચલિ-કરચલી. તોઇ-પાણી. સીહ......ખાય-સિંહને

સો ઉપવાસ [લંઘણ] થાય છતાં હાથી ઉપર એ અન્યનું માંસ નથી ખાતો. ગ્રંટી–ત્રુંટી. ગુડિ ગજ લૂંસઈ ભંડાર–મારશે તો હાથી ને લુંટશે તો ભંડાર.

પૃષ્ઠ ૯૩

૭૧૪–૭૧૬ કરકસિ—(?) ટીડ–તીડ. ડંક–ડંખ. ખિત્રવટ–ક્ષત્રિયતા. અખત્ર–ક્ષત્રિયધર્મથી વિરૂદ્ધ ચાલતાં. નીપતો–ઉપજતો.

૭૧૭–૭૨૦ કાછગ—કાચબા. સુરસરિ–સુરસરિતા, ગંગા. જનઋષિ કુંયરી–સીતા. સમવડિ—સમોવડીએ. લોઢિ લીહ પટોલિ ગાંઠિ—લોઢા પરનો કાપો અને પટોળાની ભાત [ગાંઠિ] જતાં નથી. ઉમાહેઈશ્વર–પાર્વતી અને શિવ. મુહરિ–મહોર આવ્યો, સીતા સાથે મારી જોડ ઠીક મળી ગઈ છે. ખડયડે–પડયું. બાખડ—વાંકુચૂકું અબહિડિ–કાઢડો (?) જરજરણ–વૃદ્ધ. બાકરે–બકરે. પાંટાપુપરી–પંઠડી ને ચુપરીઓ.

પૃષ્ઠ ૯૪

૭૨૧–૭૨૬ પૂરંદર—ઇંદ્ર. મેઘનાદ—ઇંદ્રજીત. માંટીપણું—વીરતા. કનકમાલ–સોનાની માળા. પહરા—પરા, દૂર. કોડી કારણી નાખી મ લાખ–કોડી માટે તું લાખ ન જતા કર. ઉવેખઇ—તિરસ્કારથી હેલી મુકે. નાથો—વશ કર્યો. પિંગલ નાગ—પીળો નાગ.

નિગોદર—એક જાતનું ઘરેણું.

નાગલા—(?)

પસાઈ—કૃપા વડે. વિરીલ–ધર્મવિરૂદ્ધ. કર્મચંડાલિ–હીણાં કર્મો કરી પતિત થયેલી. પુહુરો–પુરો (?). નિરવાણ [સં. निर्वाणः]—સદ્ગતિ. સહસફણો–સહસ્ર ફેણાવાળો, નાગ. અલવઈ—હળવે, જોતજોતામાં. પરાક્રમ—પાક્રમ. હરિપુર—વિષ્ણુ [હરિ] ની રાજ્યધાનિ, વૈકુંઠ. કમલભૂ—કમલમાંથી ઉત્પન્ન થનાર બ્રહ્મદેવ. સાહાનિલિ—[?]

અલખામણો [સં. अलक्ष्यमान]—અણગમતો. માણુઆ—મનવા, મનુષ્ય. સાતુ–સાથીઓ.

પૃષ્ઠ ૯૫

૫૨૭–૭૨૯ ગેહલી……ગામ–(?)

નાડાવિચિં—(?)

સીહરી—ચીંદરી, ચીંદરડી (?) જિહાં કુંજર……રાવણની લાક્ષણિક અભિમાન વૃત્તિનું આ વચન છે. એ કહે છે કે જ્યાં મારે ત્રાજવે હાથીઓ તોલાય છે ત્યાં રામ જેવા પાડાઓ તો સમતોલો કરવાનાં ઠીકરાં [પાસિંગિયાં] જેવા થઈ પડશે, અર્થાત્ એના શા ભાર પડયા છે ? રલીઆતિ–રાજી. અજુઆલિ–અજવાળી. ઈશ્વરની દાતિ—મહાદેવે રાવણને વરદાન [દાતિ] આપ્યું હતું તે પ્રકાશમાં લાવી. સેસ–શેષ નાગ. અજરામર—જેને ઘડપણ [જરા] નથી ને જે અમર છે. રસરાય—પારો. કાકસ્થ–કાકુસ્થ–કકુસ્થ રાજાના વંશજ રામચંદ્ર. વરથ–વરત. વરતુ નીપની ગમી

વગાડિ રિહિયા—ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની કવિ દલપતરામ સંગ્રહિત ત્રુટિત હસ્તલિખિત પ્રત સાથે સરખવાતાં 'ગમી' એ શબ્દ નાહક ક્ષેપક લાગે છે; વળી એ શબ્દથી માત્રાઓ પણ વધી પડે છે. ભલ—ભલે. સખી...—ગોહીસ—રાવણ આરૂઢ શિવભક્ત હોઈ મંદોદરીને સાફ સાફ કહે છે કે તું શિવ [ઈશ] ને ક્યાં રામ સરખા ગણી નાંખે છે? ગોહીસ—(?) ત્રુઠી આણુ ટીંટા નઈ ગયું?—'ત્રુઠીઆણ'ને બદલે આમ પાઠ શુદ્ધ લાગે છે. ટીંટા-રજપુત માટે તિરસ્કારવાચક 'ટીંટુ' શબ્દ ગુજરાતમાં પ્રચલિત છે. પડી નીંઠણી—નીઠ્યા, નિર્વંશ થયા. હલિંડા—કોઈ ગામનું વિશેષ નામ લાગે છે.

૭૩૦–૭૩૨ ભાણ ન ભાણિ ઢાંકિઉં રહિઈ-સૂર્ય [ભાણ] થાલીથી [ભાણિ] ઢાંક્યો ન રહે. વૂડા-'વૂઠા' પાઠ શુદ્ધ લાગે છે. વાધી ખૂટી વિધિ .ઉલખઈ-'વિાધ' ને બદલે 'વધિ' શુદ્ધ પાઠ લાગે છે.

ભાવઠી-ભાવઠે-દુઃખે. એક વિભીષણ...જીવ-રાવણ પોતાના બંધુ વિભીષણને અને ભ્રાતૃદ્રોહી સુગ્રીવને એક કક્ષામાં મુકે છે ને કહે છે કે એમના દ્રોહથી રાનના [ઠાકુરના] અર્થાત્ મારા જીવ મુવા પછીએ શાંત નહીં થાય, જંપશે નહીં. ઘરઘાતકી –ઘરમારૂ. ખોરણ્ાં-ખોસણાં. પલીતા, બત્તી, આગ લગાડવાનાં સાધન. ઉધ્રિ–ઓલા-દમાં, વંશમાં. ધનદ-ધનના અધિષ્ઠાતા કુબેર ભંડારીને લંકાના આગલા અધીશ રાવણના ઓરમાન ભાઇ કુબેર તરફના રાવણના જુલમ માટે જુઓ **નર્મકથાકોષ.** નહી વિભીષણ બીજે બાપ–તમે ને વિભીષણ એકજ બાપના દીકરા છે. છતાં તમારાંજ કુટુંબસંતાપકારી કારસ્તાનોથી તમે આ વસ્તુસ્થિતિ ઉભી કરી છે.

પૃષ્ઠ ૬૬

૭૩૩–૭૩૬ બાપીડો—એક બાપનો, ભાઇ. હું સુરનાયક તૂં સૂતારિ–રાવણ પોતાને ઉંચા કુળનો ગણી મંદોદરીને નીચા કુલની–સૂતારિ ગણે છે. પ્રીછ્યા...... તણું–તું વગર સમજે હાંકે રાખે છે એથી તું સિદ્ધ કરે છે કે તારા પીયરનું પાસુ ઓછું છે, તું હલકા કુલની છે. વિહિરો—આંતરો, તફાવત. કુઆરિ-(?) સેલરાં—(?) કાગડૂ—(?)

રાંડ ભૂઈ રહી ન સકિઉ રાય—'રાડિ લઈન—' એ સોસાઈટીવાળી પ્રતનો પાઠ શુદ્ધ લાગે છે. ભઇસા—(?) માદલ—(?)

ઘરબંધ-ઘરનો બંધો, વક્કર. અવલા દીહ–વાંકા દહાડા, દુર્ભાગ્ય.

૭૩૭–૭૩૯ પુહુક–પોંક, શેકેલું લીલું ધાન્ય. દાધો–દાઝ્યો. ભુઅંગ–ભુજંગ, સાપ. દાલિમો—(?) ક્યાં ખગપતિ? ક્યાં ખડમાંકડી?–ક્યાં હું ને ક્યાં રામ? એક પક્ષીરાજ ગરૂડ ને બીજો ઘાસ ઉપર કુદકા મારતો ક્ષુદ્ર જંતુ. વાસિગ–વાસુકી-નાગ. વિસતડી—અળસીયું. કનકાચલ–કનકાચલ, મેરૂપર્વત. સાયર–દરીઓ. વીરડો-પાણી માટે રેતી કે નદીના ભાઠામાં ખોદેલો ખાડો. રવાડી—(?)

પૃષ્ઠ ૬૭

૭૪૦—૭૪૨ ખોખર ડાંગ ન દીજઇ ખોડિ-પોલી ડાંગ હોય પણ તેનો દોષ [ખોડિ] ન કાઢ. સહિસાર્જન નઈ વાનર વાલિ જેણિ તૂં પાડિઉ જંજાલિ-મંદોદરી સહસ્રાર્જુન અને વાલી સાથેનો રાવણનો અપમાનપ્રસંગ યાદ કરી તેને મેણું મારે છે. કાર્તવીર્ય સહસ્રાર્જુને સાતે દ્વીપનું એક ચક્રે રાજ્ય કર્યું હતું. એણે રાવણને હરાવ્યો હતો. એક વાર નર્મદામાં પાંચસો હાથથી પાણી ખાળી પાંચસો હાથે સ્ત્રીઓ સંગે જલક્રીડા કરતો હતો. પાર્થિવપૂજા કરતાં રાવણ આથી સામો થયો પણ સહસ્રાર્જુને તેને પકડી બગલમાં ઘાલી નીરાંતે જલક્રીડા પુરી કરી હતી.

વાલી—કિષ્કિંધાપતિ ઈંદ્રનો પુત્ર ને સુગ્રીવનો ભાઇ. એ એકવાર ધ્યાનસ્થ હતો ત્યાં રાવણ તેને પકડવા આવેલો. પણ તેને રાવણને પકડી બગલમાં દબાવ્યો હતો.

જંજાલી—પીડામાં.

ચાચરિ—ચકલે, છડે ચોકે. સીસક—તહોમત, આળ. કોહાડિ—કોવરાવી. કસલ—કુશલ.

૭૪૩—૭૪૬ મેદાનવ કુઅરી—મયદાનવની પુત્રી, મંદોદરી. મયદાનવે કન્યાદાનમાં રાવણને કૃત્યા આપી હતી તેનો ઉપયોગ એણે અણીને વખતે લક્ષ્મણને મારવામાં કર્યો હતો. સૂંઢાલો-હાથી. જાજરિઉ—જર્જર, નારાવંત. સૂકાં સાલ હલાવ્યાં વલી મંદોદરી કહે છે કે તેં શમેલાં વેર તાજાં કર્યાં.

ખેતલવાહન—(?)

ભગરી ભીખ…ચડે—ભીખારીની ભીખ શાકે ચડે નહીં. ભોઢી મંદોદરિ જોઇજો બહુ—આને બદલે સોસાઈટીની પ્રતનો પાઠ 'ચઢે મંદોદરી જો ,જો બહુ' વધારે સુગમ છે.

ગામ ન રૂખઇ અરેંડ થડું—એરંડાનો છોડ આખા ગામની જગા રોકે?

ગુણ સાંગણિ બિ સરખાં નમઈ—ગુણ કરનાર અને ઉપકૃત [સીગાણિ] બને સમ ભાવે નમે છે.

કાલકૂટ—ઝેર.

પૃષ્ઠ ૬૮

૭૪૭—૭૪૯ આખઈ અણી—ક્ષેમકુશળ. છાર—ધુળ. પાણી ઉતાર—માનહાનિ. સણહો [સં. શ્વાન]—કુતરૂ. પગરણિ—વિવાહના પ્રસંગે.

૭૫૦—૭૫૨ વિસકંન્યા—વિષકન્યા. મહીઅલિ—મહીસ્થલીમાં, પૃથ્વીમાં.

પૃષ્ઠ ૬૯

૭૫૩—૭૫૯ લુણાગિરિ—(?)

ચંદ્રચૂડનઇ—શિવનું નામ.

અહલ્યા—બ્રહ્માની પુત્રી ને ગૌતમઋષિની પત્ની, પાંચ સતીમાંની એક. છળથી

ઈંદ્રે એને શય્યાભ્રષ્ટ કરી તેથી ગૌતમે એને શલ્યા થવાનો શાપ દીધો. જનકને ત્યાંથી સીતાને પરણી પાછા ફરતાં રામના ચરણસ્પર્શથી એનો ઉદ્ધાર થયો હતો.

હસતાં હરિનું ચુરિઉ ચાપ—' હરિ 'ને બદલે ' હર ' પાઠ જોઇએ. :રામે સીતાસ્વયંવર કાલે શિવનું ધનુષ્ય ભાંગ્યું હતું તે પ્રસંગ.

ખરદૂખર—રાવણના બે રાક્ષસપ્રધાનો. જમહી—પાસે.

પૃષ્ઠ ૧૦૦

૭૬૦-૭૬૫ સપરાણી—મજબુત. સોનાની ઝાલિ–સોનાની જાળ.

પૃષ્ઠ ૧૦૧

૭૬૬–૭૭૨ નલકૂબરના શાપ—કુબેરનો પુત્ર. એક વખત નલકુબેર અને તેનો ભાઈ મણિગ્રીવ નગ્નદેહે સ્ત્રીઓ જોડે જમનામાં જળક્રીડા કરતા હતા એવામાં નારદ આવવાથી સ્ત્રીઓ શરમાઈ ગઈ. બન્ને ભાઇઓએ નારદનું ઉન્મત્ત થઈ અપમાન કર્યું તેથી યમલાર્જુનનાં બે વૃક્ષો થવાનો એમના તરફથી એમને શાપ મળ્યો. કૃષ્ણાવતારમાં કૃષ્ણ હાથે આ ભાઈઓનું યમલ (જોડી) શાપમુક્ત થયું હતું.

તલહટી–તળેટી. લુસઈ–લુંટશે. કાંઈ કમળ ડાંગે કુટઈ?—તું શા માટે કમળને ડાંગથી ઝુડે છે, મુર્ખાઈનું કામ કરે છે? સરખાવો આ સાથેઃ

"ઈમ કરતાં તે નવિ છુટિઈ, સેવંતરાં ડાંગે કુટીઈ." ૩

(માંડણઃ ભક્તિવીશી.)

પૃષ્ઠ ૧૦૨

૭૭૩–૭૭૮ જિમ પર ઘોરદિગમ તણો—સોસાઈટીવાળી પ્રતનો પાઠ" જિમ પરઘોર દિગમ તણો ' છે (?)

ખાંડુ–બેસોનું ટોળું. ફાટિ ડાકલિ નગર પડિ–' ફાટિ ડાકલિ નગરીઓ પડિ ' એ સોસાઇટીની પ્રતનો પાઠ છે. નગરીઓ—ભુવો. શુકિ પૂડા ન થાસઇ રામ— ' થાસઇ ' ને બદલે ' કરસિ ' પાઠ સોસાઈટીવાળી પ્રત આપે છે.

હુનુ–ઉનું. ગાડુર–ઘેટું. વયરી વધ સેવક સાધાર–' વિરિ વઢશે વિશ્વાધાર ' સોસાઇટી પ્રતનો આ પાઠ વધારે યોગ્ય લાગે છે. યમ દેહ દર્પણ ઉપરિ આકાર— ' જમ દિહિ દર્પણ ઉરિ આકાર ' સોસાઈટીની પ્રતનો આ પાઠ શુદ્ધ લાગે છે. બલતી ગાડર બોલીસિઈ નીરિ–બોલીસિઈ–બોળશે.

વગદા—વરખડા નામના જંગલી ઝાડનાં ફળ. નહીંતર રાવણ! ભૂલો રાનિ— રાવણ! તને પછી કોઈ રસ્તો બતાવનાર નથી.

ભઈ સાઈત—ભાઇ સાથે.

વાધ વિદા નવ કોઇ સાંભૂલ, ઉદયાચલ ઉપાડીઉ ગુલ–' દાખી દાણવ! કોએ સમૂળ ઉદયાચલ......' સોસાઈટીની પ્રતનો આ પાઠ અર્થને ઠીક સુગમ કરે છે.

પૃષ્ઠ ૧૦૩

૭૭૯–૭૮૪ કીડલું—કેડીયું (?) સુતાહરું—સુતર. ખિર–ખેરનું વૃક્ષ. મૂહિ– મુખે. વૈશ્રવાવછ–રાવણ. વિશ્વશ્રવા–રાવણ તથા કુબેરના પિતા. બ્રહ્માના પુલસ્ત્ય

અને એના પુત્ર વિશ્વશ્રવા–એને ઇડવીડાથી કુબેર અને કેશનીથી રાવણ, કુંભકર્ણ ને વિભીષણ એ પુત્રો થયા હતા.

મછ મલ્યાગરિ ઉગટ અંગિ—આ અસ્પષ્ટ પાઠ કરતાં ' મછ માગ હિ ઉગરિ અંગ ' એ સોસાઇટીની પ્રતનો પાઠ કૈંક અર્થની સ્પષ્ટતા કરે છે. ઝૂંપણિ—ઝુંપા જેવી, મૂર્ખ. લોટ લવણ પરિ–આટાલુણમાં, નાહક. શાખામૃગ–વાનરો. વૈશ્વાનર—અગ્નિ. અખય—મંદોદરી પુત્ર અક્ષયકુમાર.

પૃષ્ઠ ૧૦૪

૭૮૫–૭૯૦ કાચરી—(?) બરી—(?) ટોહિ–ટોળું પંખી ઉરાડવાં. ઊખધ–ઔષધ. ટાઢી તાપિસિ કેહા કાજ–ટાઢ તાપ શા માટે સહે એ અર્થ ઘટાવી શકાય ? સરાપિ–'શાપિ' શુદ્ધ શબ્દ છે ને પ્રાસ પણ ઠીક બેસે છે. પંચહલી–પંચેલી (?) પાંચાલી (?) સંધવિલાસીણી–વેશ્યા, નગરનાયિકા. હાડી- કાગડી. હલુઆ—(?) ભૂપતિ થયો પણ ભીખારી તણો—મંદોદરી રાવણના બ્રાહ્મણ પણા—ભીખારીપણા–ને યાદ કરાવે છે. ખેર્યાં—પીખ્યાં. પલી—પળે, ભોગવે.

પરજલતૂં દેખઇ પરદેસ—પગ તળે બળે ને લંકા ઓલવવા જવું એના જેવું.

હસઈ ચાલણી કરવા રેસિ—' હસઈ ચાલણી કવડા રેસ ' એમ પાઠ શુદ્ધ જોઇએ. કવડો—કરવડો, નાળચાવાળો લોટો.

પડી ટીપ જિમ તાતઇ તવઇ—જેમ ઉકળતા પેણામાં પાણીનું ટીપું પડે.

ઉંબાડ—બળતો કાકડો. દૈડોડીલ—(?)

પૃષ્ઠ ૧૦૫

૭૯૧–૭૯૯ સુખિણિ—શંખિની. માંદો મહિષ માં ડંભિ તડીંગ–અર્થ કૈં બેસતો નથી. સોસાઇટીની પ્રતમાં ' માંડિ મહિષ ભડિ માતંગ ' એ પાઠ કૈંક અર્થને વ્યક્ત કરે છે.

ઘરમાંહિ બિઠો બરલિ ઘણું–'બરલિ' ને બદલે 'બરકે'–બકે યોગ્ય લાગે (?)

ચિત્રામણિ તિમ ચતુરંગિણિ, નસિ હર ન સકિ હરિનિ હણી—આ પંક્તિનો ઉત્તર ભાગ ઘણો અસ્તવ્યસ્ત થઈ ગયો લાગે છે. ' ન શીહર ન શકિ હરિને હણી ' એ સોસાઇટીની પ્રતનો પાઠ કૈંક વધારે સુગમ લાગે છે.

ગુઆદરઇ—ગોંદરે. ખીંખર—(?)

ગાંગરિ—(?)

નિદ્રાધાંધલો—અઘોરી, ઉંઘણસી. સેત્ર–સેતુ કાપડી—સાધુ, રામલક્ષ્મણ. પ્રીઉડા—પીયુડા, પતિ. જલપંપોટા–પાણીના પરપોટા. ભડ—વીરો. કરકશા–કંકાસીઅણ.

વેગડ—(?) કુંડલાં—(?)

કલંઠ—લાંઠ

પૃષ્ઠ ૧૦૬

૮૦૦–૮૦૭ ઉટ–ઓટ, પડતી. સુકુલેણી–સુન્નત. કલિવર–કલેવર, શરીર. અસવાસ–(?) કરસણુ–ખેતી. ધર્મવણાસ–ધર્મવિનાશ. મઉડ–મોડ. લોક બોક મુખ મોટાં સહી–લોક ને બોખ હમેશાં બહુબોલાં હોય છે. નગરનાયકા–વેશ્યા. સીંગલદેસ–લંકા. કુલાલી—કપાટ—(?)

બૂકી–ભૂકી. કીર–પોપટ. અંબર—આકાશ. ક્ષોહણિ–અક્ષોહિણી.

પૃષ્ઠ ૧૦૭

૮૦૮–૮૧૫ હીંસરૂ–(?) વાટલી–વાડકી. ધસિમસિ–ધાંધળ, ઉતાવળ. ભૂકણુ ભસણુ અનિ ભુંડીયાં–ગધેડાં, કુતરાં અને ભુંડ. કેગઈ–કૈકેઇ. ટીબઇ–ટીબે, ટેકરે.

નાઠા જલિ જિમ પાખી પડી–સોસાઇટીની પ્રતમાં 'પાખી' ને સ્થાને 'માખી' શબ્દ છે. મારુઆડી–મારવાડી.

ટીપણી હર ના પાવક થયું–"પીટણહારિ ના પાવઇ મલ્યુ" એ સોસાઈટીની પ્રતનો પાઠ ઠીક લાગે છે. મૂડો–પચાસ મણ. સુરશત્રુ–દેવરૂપી શત્રુઓ. વેલૂ થલિ લીખ્યા લેખવે–રેતી ઉપર લીખ્યું છે. અલૂણી–મોળી. જિમાં–જમવાના. સઈયાણી–સુઈઆણીઓ. વેત્રવિકાર–ગર્ભનાશ, ગર્ભપાત.

પૃષ્ઠ ૧૦૮

૮૧૬–૮૨૩ ખર્ણું–ખોદી. સરગાપુર–સ્વર્ગ. ચાલણી કરૂ–રોમેરોમ વીંધી નાંખું. વિખ તરૂઅર–વિષવૃક્ષ. ત્રિપુરારિ–ત્રિપુરરાક્ષસના શત્રુ, શિવ. સુરશત્ર–દેવતાઓનો શત્રુ. ઉદયો–ઉગ્યો. તૂર–ઢોલ. ભરડા–તપોધન. માયામૃગ–સોનાનો મૃગ. ખુંટ–ચોક્કસતાથી. કુકંધ્યા–કિષ્કિંધા. પાલણિ–ઘોડીએ.

પૃષ્ઠ ૧૦૯

૮૨૪–૮૩૧ ત્રાગુ–હઠ. ચાટકો–રીસ. થડથાં થરહરિયાં–મુળથી હાલી ઊઠયા. ખણતું ખાત્ર–ખાતર પાડ્યું. લટપટ કરી—કાતર ચલાવી. માઉલા–બાયલા. પલકો–ઘેલો. એહેરૂ–સાપની એક જાત. અશિમર–તરવાર. કુલિવહુઅર–કુલવધૂ. અણુહાલિ અડવાણી. કુલકાતર–કુલસંહારિણી (?)

પૃષ્ઠ ૧૧૦

૮૩૩–૮૩૯ અહિરણિ—એરણે. જામણો—(?) રયણુ—રત્ન. પલ્હાણુ–પલાણુ. ત્રિણાઉપરિ સી તરૂઆરિ—તરણા ઉપર તરવાર શી? કીડી ઉપર કટક શું? કંદ્રપ–કંદર્પ, કામ. ધનિધનિ—ધન્ય ધન્ય. ઈસર—ઇશ્વર, શિવ. ધુરિ—ધરથી, મુળથી. કુંડાં—પાપનાં કુંડાં. કુંભી કુંડ—કુંભી નામના નરકનો કુંડ. ઊહનો–ઊનો.

ત્રિજટા—સીતાની રખેવાલી કરવા રાવણે ત્રિજટા રાક્ષસીને નીમી હતી પણ તે અંદરખાતેથી સીતાને મળી ગઈ હતી.

પૃષ્ઠ ૧૧૧

૮૪૦–૮૪૬ સંવાહી—એક સાથે વહી.

જયવિજય—એ નામના વિષ્ણુના બે દ્વારપાળો. ઉદ્ધતાઇમાં એમણે સનકાદિક ઋષિઓને વિષ્ણુમંદિરમાં જતાં અટકાવ્યા તેથી તેમને પૃથ્વી ઉપર પડવાનો શાપ મળેલો. વિષ્ણુને કરગરી પડતાં એમના શાપને નરમ કરવામાં આવ્યો કે વેરભાવે પાછા આવવું હોય તો તમને ત્રણ અવતાર લાગશે ને સ્નેહભાવે સાત. એમણે પહેલી ને ટુંકી રીત પસંદ કરી. પ્રથમ અવતારે હિરણ્યાકશ્યપ અને હિરણ્યાક્ષ, બીજે રાવણ અને કુંભકર્ણ અને ત્રીજે શિશુપાલ અને દંતવક્ર તેઓ જનમ્યા હતા એમ કથા છે.

સલિણુઆઠિ—સોનાગાંઠ. સુંચલ—સંચલ. અહેનાણ—એંધાણ. પિતાસુતા પરિ—બહેનની રીતે. કમલાસન—બ્રહ્મા. હરિ હનુમંત—વાનર હનુમાન. સોઈયા વદની નઈ સાંડલી—સોસાઈટીની પ્રતમાં ' મોહવદનિ ને છુંછલી ' પાઠ છે. છુંછલી—છાંછળી, ઉતાવળથી બોલી જનારી. પાહિજ—પેંજ, દૂહવ્યો—દુભવ્યો. મૂહ લાજઇ મઈદાનવ તણું—તું તારા પિતા મયદાનવને પતિ સામે થવાના અપરાધ માટે નીચું જોવડાવે છે.

જુહારસિઇ—(?)

વરતો રંગ—આનંદ થયો.

કથં કપટ નઈ કામિનિ કલહિ અનયુધિ પરિ જાસિઈ વિલહિ—' કથં ' ને બદલે ' કંથ ' જોઇએ. કપટી કંથ ને રસિકાનાં રૂસણાં એ બકરાંના યુદ્ધ જેવું થોડી વારનું જ યુદ્ધ છે. વિલહિ—વીલાઈ. સલ—કાંટો. ચખિ—આંખે. ટેરુઆ—ટેરવું. છેહલિ—કયારી—છેલ્લે પાટલે. કરકૂ—કરડું, કોરૂં. લીહડી—લીટી. તગતગે—ચળકે. પઈટલ—પટેલ. પાદરડા—પાદર, ગોદરૂં. ધટકરણ—કુંભકર્ણ, રાવણનો ભાઇ.

પૃષ્ઠ ૧૧૨

૮૪૭–૮૪૮ યમહર જમલી હેમકુમારી—' યમ હર જમલી હેમ કુમારી ' એમ પાઠ જોઇએ. જેમ મહાદેવ [હર] સજોડે [જમલી] પાર્વતી [હેમ કુમારી—હિમસુતા] શોભે છે તેમ રામ સંગે સીતા શોભતાં હતાં. શીકરિ—છાળે. અધિપતિ પાલા પુલે—રાજાઓ પગે ચાલી જતા હતા. કવી ખમયો—કવિતામાં ઉતારી શકયો.

પૂર્વછાયો

પ્રકાસિ પાતક ટલિ રાલ્યા વર સંવાદ—' સ્વલ્પોદરી સંવાદ ' એ સોસાઈટીની પ્રતમાંનો પાઠ વધુ શુદ્ધ લાગે છે. સ્વલ્પોદરી—મંદોદરી, કૃશોદરી.